અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


04 MAY-2026 MONDAY | Vol. : 17 | Issue : 301 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ઈરાને કહ્યું- હોર્મુઝને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દઈશું : અમેરિકી જહાજોના પણ એવા જ હાલ થશે જે તેના F-15 ફાઈટર જેટના થયા હતા

4  મહર્ષિ વેદવ્યાસ અને પંચમ વેદ કહેવાતાં મહાભારતનાં મુખ્ય બોધ ને જાણીએ

6  ગ્લેમરની દુનિયા છોડી એક્ટ્રેસ કૃષ્ણભક્તિમાં લીન! : 'દેખા એક ખ્વાબ' ફેમ એના જયસિંઘાણી આધ્યાત્મના માર્ગે; વૃંદાવનમાં વસી ગઈ, નામ પણ બદલી નાખ્યું

7  કાળઝાળ ગરમી વચ્ચે 'લીંબુ' બન્યા મોંઘા દાટ : આવક ઘટતા ભાવ આસમાને પહોંચ્યા, ગૃહિણીઓ અને વેપારીઓનું બજેટ ખોરવાયું

## ગુજરાતમાં જૂન મહિનાથી વસતિ ગણતરીનો પ્રારંભ

### પ્રથમ તબક્કામાં દરેક ઘરની માહિતી એકત્ર કરાશે, પરિવારદીઠ 33 સવાલો પૂછાશે; જાતે પણ સ્વ-ગણતરી કરી શકાશે

**ગુજરાત, તા.03**

ભારતમાં 16મી વસતી ગણતરીનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે ગુજરાતમાં આગામી જૂન મહિનાથી પ્રારંભ કરાશે. બે તબક્કામાં યોજનારી વસતિ ગણતરીના પ્રથમ તબક્કામાં દરેક ઘરની માહિતી એકત્ર કરવામાં આવશે. કર્મચારી દ્વારા દરેક પરિવારદીઠ 33 સવાલો પૂછવામાં આવશે. હાઉસ ટુ હાઉસ ગણતરી શરૂ થાય તે પહેલા નાગરિકને પોતાની માહિતી જાતે જ નોંધાવવાની તક પણ આપવામાં આવશે. 2011માં વસતિ ગણતરી થયા બાદ 2021માં થવાની હતી. પરંતુ, કોવિડના કારણે મુલતવી રહેતા હવે 2026-27માં થઈ રહી છે.

બે તબક્કામાં વસતિ ગણતરી હાથ ધરાશે

ભારતમાં કોવિડના કારણે 2021માં મુલતવી રહેલી 16મી વસતિ ગણતરી હવે હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં આગામી જૂન મહિનાથી પ્રારંભ કરાશે. વનસતિ ગણતરીના પ્રથમ તબક્કામાં હાઉસલિસ્ટિંગ અને બીજા તબક્કામાં મુખ્ય વસતિ ગણતરી હાથ ધરાશે.

કર્મચારીઓ જો આ 3 સવાલ પૂછે તો જવાબ ન આપો

આવક: મહિનાની કમાણી અથવા બેંક બેલેન્સ સંબંધિત કોઈ પણ પ્રશ્ન.

દસ્તાવેજો: આધાર, પાન અથવા અન્ય કોઈ પણ ઓળખપત્ર બતાવવાનું દબાણ.

બેંક વિગતો: બેંક ખાતા નંબર અથવા OTP (ઓટીપી) જેવી ખાનગી વિગતો.

પહેલા 15 દિવસ પોર્ટલ પર પોતાની માહિતી જાતે અપડેટ કરી શકશે

બંને તબક્કામાં સ્વ-ગણતરી (Self Enumeration) ની ઓનલાઈન સુવિધા પણ પ્રથમ વખત આપવામાં આવી છે. સેલ્ફ-એન્યુમરેશન એક વેબ પોર્ટલ દ્વારા થશે, જેમાં લોકો ઘરે-ઘરે સર્વેક્ષણના 15 દિવસ પહેલા પોતાની માહિતી જાતે ઓનલાઈન ભરી શકશે. પોર્ટલ પર ફોર્મ ભરવા માટે 16 ભાષાઓ આપવામાં આવી છે. આ સંપૂર્ણપણે વૈકલ્પિક છે. જે લોકો સ્વ-ગણતરી નહીં કરે, તેઓ પરંપરાગત રીતે સરકારી કર્મચારી ઘરે આવે ત્યારે ડેટા આપી શકે છે. જેમણે ઓનલાઈન ફોર્મ ભર્યું છે, તેમનો ડેટા ચકાસવા માટે પણ સરકારી કર્મચારી તેમના ઘરે જશે.

વસતિ ગણતરી માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરાશે

આ વસતિ ગણતરીમાં આધુનિક ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થવાની શક્યતા છે, જેમાં દરેક ઘરને ડિજિટલ મેપ પર 'ડિજી ડોટ' તરીકે દર્શાવવામાં આવશે. આથી આપત્તિના સમયે બચાવ કામગીરીમાં મદદ મળશે, સીમાંકન પ્રક્રિયા વધુ સરળ બનશે અને શહેરી આયોજનમાં પણ સચોટતા આવશે. તે ઉપરાંત, શહેરીકરણ અને સ્થળાંતરના દર અંગે સચોટ માહિતી મળશે અને આગામી વર્ષોમાં વિકાસના મૂલ્યાંકન માટે મદદરૂપ થશે. સાથે જ, આધાર સાથે જોડાયેલ જિયો-ટેગિંગ દ્વારા મતદાર યાદીને વધુ સચોટ બનાવવામાં અને ડુપ્લિકેટ નામો દૂર કરવામાં પણ સહાય મળશે.

મેપ પર દરેક ઘર 'ડિજી ડોટ' બનશે, તેના 5 ફાયદા થશે

1. આપત્તિમાં સચોટ રાહત- જિયો ટેગિંગથી બનેલો ડિજિટલ લેઆઉટ મેપ વાદળ ફાટવા, પૂર અથવા ભૂકંપ જેવી આપત્તિના સમયે ઉપયોગી સાબિત થશે. દૂરના હિમાલયી ક્ષેત્રમાં વસેલા કોઈ ગામમાં વાદળ ફાટવા જેવી ઘટનાના સમયે આ મેપથી તરત જ ખબર પડી જશે કે કયા ઘરમાં કેટલા લોકો રહે છે. હોટલોમાં ક્ષમતા મુજબ કેટલા લોકો રહ્યા હશે. આ વિગતથી બચાવ માટે જરૂરી તમામ બોટ, હેલિકોપ્ટર, ફૂડ પેકેટ વગેરેની વ્યવસ્થા કરવામાં મદદ મળશે.

2. સીમાંકનમાં મદદ મળશે- રાજકીય સીમાઓ જેવી કે સંસદીય અથવા વિધાનસભા ક્ષેત્રોનું યુક્તિસંગત રીતે નિર્ધારણ કરવામાં પણ આનાથી મદદ મળશે. જિયો ટેગિંગથી તૈયાર મેપથી આ તસવીર સ્પષ્ટ થઈ જશે કે ક્ષેત્રમાં ગ્રામીણ અને શહેરી ક્ષેત્રનું સંતુલિત વિભાજન કેવી રીતે થાય. સમુદાયોને એવી રીતે ન વહેંચી દેવામાં આવે કે એક મોહલ્લો એક ક્ષેત્રમાં અને બીજો મોહલ્લો કોઈ અન્ય ક્ષેત્રમાં શામેલ થઈ જાય. ઘરોના ડિજી ડોટથી ડિલિમિટેશન (સીમાંકન)ની પ્રક્રિયામાં સરળતા રહેશે.

3. શહેરી આયોજનમાં સરળતા- શહેરોમાં રસ્તાઓ, શાળાઓ, હોસ્પિટલો કે બગીચાઓનું આયોજન કરવામાં પણ આ નકશો ઉપયોગી સાબિત થશે. જો કોઈ જગ્યાના ઘરોના ડિજિટલ લેઆઉટમાં બાળકોની સંખ્યા વધુ હશે તો પાર્ક અને શાળાઓને પ્રાથમિકતા આપીને બનાવવાની યોજનાઓ તૈયાર કરી શકાશે. જો કોઈ વસાહતમાં કાચા મકાનો કે ખરાબ ઘરોની સંખ્યા વધુ દેખાશે તો ત્યાં કોઈ મેડિકલ ઈમરજન્સીના સમયે તાત્કાલિક મોબાઈલ રાહત વાન મોકલી શકાશે.

4. શહેરીકરણ અને સ્થળાંતર દરનો ડેટા મળશે- આ વસ્તી ગણતરીના દસ વર્ષ પછી થનારી વસ્તી ગણતરીમાં ડિજિટલ નકશાના ફેરફારો સરળતાથી નોંધણી કરી શકાશે. દેશના વિવિધ ભાગોમાં શહેરીકરણનો દર અને સ્થળાંતરના વિસ્તારોની મેપિંગની તુલના ચોક્કસ રીતે કરી શકાશે.

## 'હું બંગાળને બચાવવા ગયો હતો, TMC સરકાર ક્રૂર છે' : બંગાળ ચૂંટણીમાં સુરતના યુવકનો દબદબો



**બંગાળ, તા.03**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના ગરમાયેલા રાજકીય માહોલમાં હવે સુરતના એક યુવકના નામે જોર પકડ્યું છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સુરતના ભાજપ કાર્યકર્તા દીપ પ્રજાપતિ પર બંગાળનું વાતાવરણ ડહોળવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. મમતા બેનર્જીના આ પ્રહાર સામે જડબાતોડ જવાબ આપતા દીપ પ્રજાપતિએ હૂંકાર કર્યો છે કે, તે કોઈ બાંગ્લાદેશી નથી પરંતુ, એક ભારતીય નાગરિક તરીકે ક્રૂર TMC સરકારના શાસનમાંથી બંગાળને બચાવવા માટે ત્યાં ગયો હતો. દીપના આ વળતા પ્રહારે હવે સુરતથી લઈને બંગાળ સુધીના રાજકારણમાં એક નવી ચર્ચા જગાવી છે.

'હું બંગાળને બચાવવા ગયો હતો': દીપ પ્રજાપતિ

CM મમતા બેનર્જીના આરોપો પર વળતો પ્રહાર કરતા દીપ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, હું છેલ્લા અઢી મહિનાથી બંગાળમાં હતો. મારો મુખ્ય ઉદ્દેશ્ય બંગાળની જનતાને ત્યાંની વાસ્તવિકતા બતાવવાનો હતો. બંગાળને બચાવવા માટે હું ત્યાં ગયો હતો. જો પ્રચારની વાત કરીએ તો બંગાળને બચાવવા માટે TMCની આ ક્રૂર સરકારને હટાવવી જરૂરી છે. TMCએ એવા કામો કર્યા છે કે, જે હું જાહેરમાં કહી પણ નથી શકતો, લોકો મારી સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર જઈને જોઈ શકે છે કે ત્યાં કેવી સ્થિતિ છે.

'ભારતીય નાગરિક તરીકે ડ્યુટી નિભાવી'

મતગણતરી કેન્દ્ર પર ગાડી રોકવાના વિવાદ અંગે ખુલાસો કરતા દીપે કહ્યું કે, TMCની ગાડી શંકાસ્પદ રીતે જઈ રહી હતી. તેની અંદર EVM પણ હોઈ શકે. જનતાએ આટલી આશા સાથે મતદાન કર્યું હોય ત્યારે તેને બચાવવાની જવાબદારી દરેક ભારતીય નાગરિકની છે. મેં કોઈ ખોટું કામ નથી કર્યું, મે માત્ર મારી ડ્યુટી નિભાવી છે. હું ભારત દેશનો નાગરિક છું, કોઈ બાંગ્લાદેશી નથી કે જે ડરીને બેસી રહે.

બંગાળમાં ચાલતા ગુંડારાજથી લોકો ડરેલા છે

દીપ પ્રજાપતિએ બંગાળની વર્તમાન સ્થિતિ પર કટાક્ષ કરતા કહ્યું કે, ત્યાં અત્યારે ગુંડારાજ ચાલી રહ્યું છે. લોકોમાં રાષ્ટ્રવાદ જેવું કંઈ રહ્યું નથી અને સામાન્ય જનતા ડરના ઓથાર નીચે જીવી રહી છે. તેમની પાસે અવાજ ઉઠાવવાની શક્તિ નથી, મેં માત્ર તેમને અવાજ આપવાનું કામ કર્યું છે. સુરક્ષાના પ્રશ્ન પર તેમણે ઉમેર્યું કે, 'મેં હાલ કોઈ સુરક્ષા માંગી નથી, પણ મને વિશ્વાસ છે કે જો જરૂર પડશે તો સરકાર મને સુરક્ષા પૂરી પાડશે.

રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી હું ભાજપ સાથે જોડાયેલો છું

દીપે વધુમાં જણાવ્યું કે તે એક રાષ્ટ્રવાદી યુવક છે અને 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનામાં માને છે. તેણે સ્પષ્ટ કર્યું કે, ભારતીય જનતા પાર્ટી તેની વ્યક્તિગત પસંદગી છે.

## યુવકે ચાલુ ફ્લાઈટનો ઈમરજન્સી ગેટ ખોલીને કૂદકો માર્યો : 231 મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા, ચેન્નઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અફરાતફરી

**ચેન્નઈ, તા.03**

ચેન્નઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે સવારે લેન્ડિંગ દરમિયાન એર અરેબિયાની ચાલુ ફ્લાઈટમાં એક મુસાફરે ઈમરજન્સી ગેટ ખોલીને નીચે કૂદી ગયો. આ ફ્લાઈટ શારજાહથી ચેન્નઈ પહોંચી હતી અને તેમાં 231 મુસાફરો સવાર હતા. ઘટના સવારે લગભગ 3:23 વાગ્યે બની હતી. એરબસ A320 મોડેલની ફ્લાઈટ G9 471 રનવે પરથી ટર્મિનલ તરફ આગળ વધી રહી હતી. ઘટના બાદ પાયલટે તરત જ વિમાનને રોકી દીધું અને એરપોર્ટ અધિકારીઓને જાણ કરી. ઘટના બાદ મુસાફર એરપોર્ટના કોમર્શિયલ એરિયા તરફ ભાગવા લાગ્યો હતો, જેના કારણે થોડીવાર માટે અફરાતફરીની સ્થિતિ સર્જાઈ હતી. જોકે, સુરક્ષા કર્મચારીઓએ તરત જ તેને પકડી લીધો હતો. કૂદવા દરમિયાન મુસાફર ઘાયલ થયો હતો, તેને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. આરોપીની ઓળખ 29 વર્ષીય મોહમ્મદ શરીફ મોહમ્મદ નજમુદ્દીન તરીકે થઈ છે.



ઘણી ફ્લાઈટ્સ મોડી પડી, એકને ડાયવર્ટ કરવી પડી

એક અધિકારીના જણાવ્યા અનુસાર, ઘટના બાદ મુખ્ય રનવે (07/25)ને સુરક્ષા કારણોસર 3:25 વાગ્યે બંધ કરી દેવામાં આવ્યો હતો. રનવે ઓપરેશન લગભગ 4:35 વાગ્યે ફરીથી શરૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ઘણી ફ્લાઈટ્સ મોડી પડી. લંડનથી આવતી બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ BA0035ને બેંગલુરુ ડાયવર્ટ કરવામાં આવી હતી. મુખ્ય રનવે બંધ હોવા દરમિયાન કેટલાક ઓપરેશન સેકન્ડરી રનવે (12/30) પરથી ચલાવવામાં આવ્યા હતા.

દાવો- આરોપી માનસિક રીતે બીમાર

ઓરોપી તમિલનાડુના પુડુકોટ્ટઈનો રહેવાસી છે. હાલ તેની પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેની માનસિક સ્થિતિની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## દીકરી હોસ્ટેલ બહાર જશે તો સીધો માતા-પિતાને જશે મેસેજ : 150 કરોડના ખર્ચે સરદારધામ-3 વડોદરામાં તૈયાર

**વડોદરા, તા.03**

વડોદરાના આંગણે પાટીદાર સમાજ દ્વારા નિર્મિત ભવ્ય 'સરદારધામ-3' હવે લોકાર્પણ માટે સજ્જ છે. આશરે 150 કરોડના ખર્ચે તૈયાર થયેલું આ ભવન માત્ર રહેવા માટેની હોસ્ટેલ જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર બની રહેશે. 4.75 લાખ સ્ક્વેર ફૂટમાં પથરાયેલા આ સંકુલમાં 2000 દીકરા-દીકરીઓ માટે અત્યાધુનિક સુવિધાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને જરૂરિયાતમંદ દીકરીઓ માટે માત્ર 1 રૂપિયો ફી અને હાઈટેક સુરક્ષા પ્રણાલી આ પ્રોજેક્ટને સાચા અર્થમાં 'સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ'ના મંત્રને સાર્થક કરતો બનાવે છે. આ આધુનિક સંકુલનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 11 મેના રોજ કરવામાં આવશે.

ગુજરાતમાં આ ત્રીજું ભવન ઉભું કરાયું

પાટીદાર સમાજ દ્વારા સમાજના દીકરા-દીકરીઓ માટે ગુજરાતમાં બે સરદારધામ કાર્યરત છે. વડોદરામાં નેશનલ હાઈ-વે નજીક આ ત્રીજુ અત્યાધુનિક ભવન ઉભું કરવામાં આવ્યું છે. વર્ષ 2021માં આ ભવનનું નિર્માણ શરુ થયું હતું અને આજે 5 વર્ષ બાદ 4 લાખ 75 હજાર સ્કવેરફૂટમાં આ ભવન ઉભું કરાયું છે. આ સંસ્થાનો મુખ્ય ધ્યેય પાટીદાર સમાજના યુવાનોના સર્વાંગી વિકાસ દ્વારા તેમને સક્ષમ બનાવી રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનાવવાનો છે.

## ખેડા : ઉઢેલા પોલીસ દમન કેસમાં કોર્ટનો મોટો નિર્ણય, 7 પોલીસકર્મીઓ વિરુદ્ધ સમન્સ જારી

**માતર, તા.03**

ખેડા જિલ્લાના માતર તાલુકાના ઉઢેલા ગામમાં વર્ષ 2022માં નવરાત્રી દરમિયાન થયેલા વિવાદ અને ત્યારબાદ મુસ્લિમ યુવકોને જાહેરમાં થાંભલે બાંધીને માર મારવાના ચર્ચિત કેસમાં માતરની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (JMFC) કોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે આ મામલે તપાસ અહેવાલ અને હાઈકોર્ટના અવલોકનોને ધ્યાને લઈ 7 પોલીસકર્મીઓ વિરુદ્ધ સમન્સ જારી કરવાનો હુકમ કર્યો છે.

શું હતો સમગ્ર મામલો? ફરિયાદી ઐયુબમીયા શેખ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ મુજબ, 3 ઓક્ટોબર 2022ના રોજ ઉઢેલા ગામમાં વર્ષોની પરંપરા વિરુદ્ધ મસ્જિદ ચોક (હુશેની ચોક) પાસે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન પાછળ રાજકીય ષડયંત્ર હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન પથ્થરમારો અને ઘર્ષણ થતા પોલીસે રાત્રિના સમયે ઘરોમાં ઘૂસીને અનેક લોકોની અટકાયત કરી હતી. બીજા દિવસે, એટલે કે 4 ઓક્ટોબર 2022ના રોજ, પકડાયેલા શખ્સો પૈકી 10 જેટલા યુવકોને પોલીસ ફરી ગામના ચોકમાં લાવી હતી. ત્યાં તેઓને ઈલેક્ટ્રિક પોલ (થાંભલા) સાથે બાંધીને જાહેરમાં લાકડીઓ વડે ફટકારવામાં આવ્યા હતા. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેણે ભારે વિવાદ જગાવ્યો હતો.

કોર્ટની કાર્યવાહી અને હુકમ

આ મામલે અગાઉ ગુજરાત હાઈકોર્ટે પણ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ (અદાલતની અવમાનના) હેઠળ ચાર પોલીસકર્મીઓને દોષિત ઠેરવી સજા ફટકારી હતી. માતર કોર્ટમાં ચાલી રહેલી ક્રિમિનલ ઈન્ક્વાયરી નં. 26-2022 અંતર્ગત રજૂ થયેલા પુરાવાઓ અને તપાસનીશ અધિકારીના રિપોર્ટને ધ્યાને લેતા અદાલતે નોંધ્યું કે આરોપીઓ દ્વારા આચરવામાં આવેલ કૃત્ય સત્તાવાર ફરજનો ભાગ નથી.

કોર્ટે આ પોલીસકર્મીઓ વિરુદ્ધ સમન્સ પાઠવવામાં આવેલા છે.

એ.વી. પરમાર (પી.આઈ., એલ.સી.બી.), ડી.બી. કુબાવત (પી.આઈ., એલ.સી.બી.), કનકસિંહ લક્ષ્મણસિંહ ડાભી (હેડ કોન્સ્ટેબલ), અર્જુનસિંહ ફતેસિંહ (કોન્સ્ટેબલ), રાજેન્દ્રસિંહ રમેશભાઈ (પોલીસ કોન્સ્ટેબલ) મહેશભાઈ વશરામભાઈ (હેડ કોન્સ્ટેબલ), વિષ્ણુભાઈ હરજીભાઈ (હેડ કોન્સ્ટેબલ) અદાલતે આ તમામ વિરુદ્ધ આઈપીસીની કલમ 323 (સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી) અને કલમ 166 (જાહેર સેવક દ્વારા કાયદાની અવજ્ઞા) મુજબ ગુનો નોંધી આગામી તારીખ માટે સમન્સ ઈસ્યુ કરવાનો આદેશ આપ્યો છે. આ હુકમ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ નરેન્દ્રકુમાર દ્વારા 2 મે, 2026ના રોજ કરવામાં આવ્યો હતો.

## 'રાજા મેલડીના' નામે ઈન્સ્ટાગ્રામ પર ફેમસ ભુવાની પોલ ખુલી : માતાજીનો ડર બતાવી લોકો પાસે દારૂ અને કિંમતી વસ્તુઓ મંગાવતો હતો, વિજ્ઞાન જાથા ત્રાટકતા ભુવો ફરાર

**વડોદરા, તા.03**

વડોદરા જિલ્લાના પાદરા સ્ટેશન વિસ્તારમાં માતાજીના નામે ભોળી જનતાને લૂંટતા એક પાખંડી ભૂવાનો વિજ્ઞાન જાથા(અંધશ્રદ્ધા અને કુરિવાજોનો પર્દાફાશ કરતી NGO સંસ્થા)એ પર્દાફાશ કર્યો છે. સંતાન પ્રાપ્તિ અને રોગ મટાડવાના નામે લાખો રૂપિયા તેમજ AC, ફ્રિજ જેવી કિંમતી વસ્તુઓ પડાવનાર ઘનશ્યામ ભૂવા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે કહેવત મુજબ આ ભૂવો છેલ્લા ઘણા સમયથી અંધશ્રદ્ધાનો ખેલ ખેલતો હતો.

ભૂવાના ચોંકાવનારા દાવા અને વિજ્ઞાન જાથાની કાર્યવાહી

આ ઢોંગી ભૂવો ધૂણતા ધૂણતા એવો દાવો કરતો હતો કે, 'એવો સમય આવશે કે બેંક લૂંટાઈ જશે પણ ચોર પકડાય નહીં એવું હું મેલડી બોલું છું'. સાતમો અને આઠમો મહિનો આવતા પૂર લાવવાની ધમકી આપી તે લોકોને ડરાવતો હતો. જોકે, વિજ્ઞાન જાથાની ટીમે પાદરા પોલીસને સાથે રાખીને જ્યારે દરોડો પાડ્યો ત્યારે પોતાની જ 'ચમત્કારિક' શક્તિઓ કામ ન આવી અને તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ જણાવ્યું કે, આ પાખંડી 25 પ્રકારના અસાધ્ય રોગ મટાડવાના દાવા કરી 1.51 લાખ સુધીની ફી વસૂલતો હતો.

વધુમાં ઉમેર્યું કે, તેઓએ અત્યાર સુધીમાં ભારતભરમાં 2800થી વધુ આવા પાખંડીઓનો પર્દાફાશ કર્યો છે અને તેમાંથી એક પણ સાચો નીકળ્યો નથી. આવા લોકો માનસિક બીમાર અથવા સંપૂર્ણ પાખંડી હોય છે જેઓ લોકોના ડરનો ફાયદો ઉઠાવે છે. વિજ્ઞાન જાથાએ લોકોને અપીલ કરી છે કે કોઈપણ ધર્મના આવા પાખંડીઓ સામે હિંમત રાખીને ફરિયાદ કરવા આગળ આવે જેથી સમાજને આવા ધુતારાઓથી બચાવી શકાય.

પીડિત પાસેથી વસ્તુ માગીને કહ્યું, તે આપીશ તો તારુ ભલુ થશે

પીડિતોએ ઠાલવી હૈયાવરાળ

અંધશ્રદ્ધાનો ભોગ બનેલા અનેક લોકો હવે સામે આવી રહ્યા છે. એક પીડિતે જણાવ્યું કે, તેને સંતાન પ્રાપ્તિની લાલચ આપી વિધિના નામે 51,000 રૂપિયા પડાવ્યા હતા. અન્ય એક શ્રદ્ધાળુએ આપવીતી જણાવતા કહ્યું કે, તેની પાસેથી એસી (AC), ચાંદીની બુટ્ટી અને અંદાજે 3 લાખ રૂપિયા પચાવી પાડવામાં આવ્યા છે.



# NEETમાં દીકરીની કંઠી ઉતારતા પિતા ભડક્યા

## ‘હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો કંઠી કેમ કઢાવી, લાહોર-રાવલપિંડીમાં થોડો છું, સુરતમાં છું’

**અમદાવાદ, તા.03**

આજે(3 મે) ગુજરાતના 85,000થી વધુ વિદ્યાર્થીઓએ NEETની પરીક્ષા આપી હતી. આ પરીક્ષા ભારતના 552 શહેરો અને 14 આંતરરાષ્ટ્રીય સ્થળોએ લેવામાં આવી હતી. ગુજરાતમાં આ પરીક્ષા 31 શહેરોમાં લેવાઈ હતી, જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગર, ગોધરા અને અમરેલી જેવા મુખ્ય કેન્દ્રોનો સમાવેશ થાય છે. લગભગ 30 બિલ્ડિંગમાં વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં એકલા અમદાવાદ અને ગાંધીનગરમાંથી લગભગ 12,000 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. બાયોલોજીનું પેપર સરળ લાગ્યું હતું. જ્યારે ફિઝિક્સ અને કેમિસ્ટ્રી સહેજ મુશ્કેલ પેપર હોવાનું વિદ્યાર્થીઓ જણાવ્યું છે.

સુરતમાં પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને કંઠી કઢાવી પ્રવેશ અપાતા વિવાદ થયો હતો. પોતાની દીકરીને કંઠી કઢાવતા પિતા ગુસ્સે થઈ ગયા હતા. તેમણે કહ્યું કે તમે હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો હિન્દુની દીકરી એક્ઝામ આપવા જાય ને કંઠી કાઢી નાખે? તમે હિજાબ ઉતરાવી ન શકો, કોઈ વાંધો નહીં, હિજાબ રાખો, બુરખો રાખો, ટોપી પહેરો પણ હિન્દુની દીકરા-દીકરી પરીક્ષા આપે તો કંઠી શું કામ કાઢી નાખે? કોઈ એમાં ઈશ્યુ હોય તો કહો મને. હું થોડો લાહોર, કરાચી કે રાવલપિંડીમાં ઊભો છું? હું હિન્દુનો દીકરો છું અને અહીંયા હિન્દુસ્તાનમાં સુરતમાં ઊભો છું.

બાદમાં આક્રોશિત વાલીએ ભારે હોબાળો કરી પોતાની દીકરીને કંઠી પહેરાવવા માટે વર્ગખંડમાંથી બહાર બોલાવી હતી. જો કે પરીક્ષામાં મોડું થતું હોવાથી દીકરીએ કંઠી પહેરવાનો ઈન્કાર કર્યો હતો. આ દરમિયાન પિતાએ વધારે પડતું દબાણ કરતા દીકરી પરીક્ષા શરૂ થાય તે પહેલાં ‘ભાંગી’ પડી હતી અને રડી પડી હતી. આ દરમિયાન ત્યાં હાજર લોકોએ પણ પિતાને તમે દીકરીની પરીક્ષા બગાડો છો કહી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

**મારી દીકરી કેમ કંઠી ન પહેરી શકે?: પિતા**

આક્રોશિત વાલી પરેશ કાછડિયાએ કહ્યું કે ઘટના એવી બનેલી કે અહીંયા આ ગૌતમ સ્કૂલ છે અમરોલીમાં. હું અહીંયા એક્ઝામ અપાવવા આવ્યો હતો. છોકરી પાસે બીજું તો કોઈ ઈશ્યુ નહોતો પણ છોકરીએ મારી પાસે આવીને કહ્યું કે ’પપ્પા, આ કંઠી કઢાવી નાખી’. તો મેં કીધું ’કંઠી શા માટે? કંઠીથી શું ગેરકાયદેસર પ્રવૃત્તિ થઈ જાય?’ અને કંઠીનો કોઈ એવો નિયમ નથી.




‘આ વધારે પડતા નિયમો શું કામ ફોલો કરે છે?’

પછી મેં મારા ફ્રેન્ડને ફોન કર્યો કે ભાઈ, તમારી દીકરી જે સેન્ટર ઉપર એક્ઝામ આપે છે ત્યાં તમારી દીકરીને કંઠી કઢાવી લીધી?’ તો કહે કે ’ના’. તો મેં કીધું કે આ વધારે પડતા નિયમો શું કામ ફોલો કરે છે? મેં વાત એમ કરી કે હું થોડો લાહોર, કરાચી કે રાવલપિંડીમાં ઊભો છું? હું હિન્દુનો દીકરો છું અને અહીંયા હિન્દુસ્તાનમાં સુરતમાં ઊભો છું. તમારી દીકરી કંઠી ન પહેરી શકે એક્ઝામમાં? કંઠીમાં શું ચોરી થઈ જાય એમાં?

‘સાયકોલોજીકલ ફંડા મને સમજાવે છે’

મને કોઈપણ કેસમાં ફસાવીને ફાંસી આપી દો. પછી મને બધા આ લોકો પોતાની ભૂલ સ્વીકારવાને બદલે એ લોકો એમ કહે કે ’ભાઈ તમારી દીકરીના માનસિક ઉપર અવળી અસર પડશે, એને અત્યારે શાંતિથી એક્ઝામ આપવા દો’, એવા સાયકોલોજીકલ ફંડા મને સમજાવે છે.

‘પપ્પા હવે મારે કંઠી નથી પહેરવી’

તમે શું કામ દીકરીને પ્રેશર કરો છો કંઠી કાઢી નાખવાની? અહીંયા શું અંદર કોઈ આતંકવાદી પ્રવૃત્તિ કરવા જાય છે? મારી દીકરી એના ભવિષ્યની કારકિર્દી બનાવવા માટે એક્ઝામ આપવા જાય છે, એણે સતત બે વર્ષ માટે તૈયારી કરી છે તો એ તૈયારીની અત્યારે એની પરીક્ષા લ્યો તમે, એને અઘરા સવાલો પૂછો શૈક્ષણિક. તમે એની કંઠી શું કામ કઢાવી નાખવા માંગો છો? કોનો આ રાજકીય સ્ટંટ હોય કે કોઈપણ હોય મને ખબર નથી પણ મારી દીકરી કંઠી પહેર્યા વગરની કેમ એક્ઝામ આપવા જાય? અને પછી છોકરી ડરી ગઈ એણે કંઠી નથી પહેરી કે ’પપ્પા હવે મારે કંઠી નથી પહેરવી’. બહાર જેટલા વાલીગણ ઊભા છે ને એ લોકોએ પણ મને ’ભાઈ તમારે આમ રહેવું જોઈએ તેમ રહેવું જોઈએ’, કોઈપણ એ લોકોએ પોલીસ તંત્રને કાંઈ કીધું નહીં અને સ્કૂલનું મેનેજમેન્ટ કે જે આ નીટ (NEET)નું મેનેજમેન્ટ હોય એનેય કીધું નહીં કે તમે શા માટે અનનેસેસરી રૂલ ફોલો કરો છો.

**રાજ્યમાં બપોરે 3થી 6 દરમિયાન યોજાઈ TAT પરીક્ષા**

માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા TAT માધ્યમિક પરીક્ષા યોજાઈ હતી. જેમાં 2.10 લાખથી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારે બપોરે 3થી 6 વાગ્યા દરમિયાન આ પરીક્ષા અમદાવાદ શહેર-ગ્રામ્ય,ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરા સહિત 6 જિલ્લાઓમાં 1058 કેન્દ્રો અને 10575 બ્લોકમાં લેવાઈ હતી. આ મહત્વપૂર્ણ પરીક્ષામાં કુલ 2,10,580 ઉમેદવારો નોંધાયા હતા.

**GPSCની મદદનીશ ઈજનેરની પરીક્ષા**

રાજ્યભરમાં 60થી વધુ કેન્દ્રો પર 19,000થી વધુ ઉમેદવારો માટે GPSCની મદદનીશ ઈજનેરની પરીક્ષા યોજાઈ હતી. ગરમીને કારણે ઉમેદવારો ફક્ત પારદર્શક પાણીની બોટલ સાથે લઈ જઈ શક્યા હતા. GPSCના વિવિધ પદો માટેની પરીક્ષા બપોરે 11થી 1 વાગ્યા સુધીમાં લેવાઈ હતી.

**મારી દીકરીની કંઠી કઢાવનાર જવાબદારો સામે કડક પગલા લો: વાલી**

સુરતમાં બપોરે જ્યારે પરીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ કર્યો ત્યારે એક વિદ્યાર્થિનીની કંઠી કાઢી નાખતા તેના વાલી એ ભારે વિરોધ કર્યો હતો અને જણાવ્યું કે આ ફિલ્મી યુગમાં અમે અમારા બાળકોને ધર્મ તરફ વાળી રહ્યા છીએ ત્યારે આ લોકો તેમની કંઠી કાઢી રહ્યા છે તો મારી એક જ વિનંતી છે કે જે લોકો જવાબદાર છે તેમના પર કડક કાર્યવાહી કરવામાં આવે અને માફી માંગે

**વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાંથી હસતા મુખે બહાર આવ્યા**

સુરત શહેરમાં નીટની પરીક્ષા પૂર્ણ કરી વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાંથી હસતા મુખે બહાર આવ્યા અને જણાવ્યું કે પેપર ખૂબ જ સારું રહ્યું છે.

**બાયોલોજીનું પેપર સરળ નીકળ્યું, ફિઝિક્સ-કેમિસ્ટ્રીએ મુંઝવ્યા**

NEETની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. પરીક્ષા પૂર્ણ થતાં વિદ્યાર્થીઓ પરીક્ષા સેન્ટરની બહાર આવ્યા હતા. જેમાં બાયોલોજીનું પેપર સરળ લાગ્યું હતું. જ્યારે ફિઝિક્સ અને કેમિસ્ટ્રી સહેજ મુશ્કેલ પેપર હોવાનું વિદ્યાર્થીઓ જણાવ્યું છે.

**સુરતમાં ટાટની પરીક્ષામાં છેલ્લી ઘડીએ કેટલાક ઉમેદવારો દોડતા પહોંચ્યા**

ગુજરાતમાં ધોરણ 9 અને 10માં શિક્ષક બનવા માટેની TAT-1ની પ્રિલિમ્સ પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં વડોદરામાં ચાર ઝોનમાં 207 કેન્દ્રો પર 45,124 ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે.

**રાજ્યમાં બપોરે 3થી 6 દરમિયાન યોજાશે TAT પરીક્ષા**

માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજે TAT માધ્યમિક પરીક્ષા યોજાશે. જેમાં 2.10 લાખથી વધુ ઉમેદવારો ભાગ લેશે.રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારે બપોરે 3થી 6 વાગ્યા દરમિયાન આ પરીક્ષા અમદાવાદ શહેર-ગ્રામ્ય,ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરા સહિત 6 જિલ્લાઓમાં 1058 કેન્દ્રો અને 10575 બ્લોકમાં લેવાશે. આ મહત્વપૂર્ણ પરીક્ષામાં કુલ 2,10,580 ઉમેદવારો નોંધાયા છે.

**મારી દીકરી કેમ કંઠી ન પહેરી શકે?: પિતા**

આક્રોશિત વાલી પરેશ કાછડિયાએ કહ્યું કે ઘટના એવી બનેલી કે અહીંયા આ ગૌતમ સ્કૂલ છે અમરોલીમાં. હું અહીંયા એક્ઝામ અપાવવા આવ્યો હતો.

# પુત્રવધૂના પરિવારે વેવાઈનું ઢીમ ઢાળી દીધું : ગઈકાલે જ વહુએ ફોન કરી હુમલાનું કહેલું, અમદાવાદમાં 22 સેકન્ડમાં 36 ફટકા માર્યા

## લોખંડની પાઈપો અને લાકડાના ધોકા વડે માથા-શરીરના ભાગે માર માર્યો

**અમદાવાદ, તા.03**

અમદાવાદ શહેરના જીવરાજબ્રિજ નીચે હત્યાનો બનાવ બન્યો હતો. ગઈકાલે(2 મે) ચાર અસામાજિક તત્વોએ ભેગા મળીને લાકડી અને લોખંડની પાઈપ વડે હુમલો કરી એક શખસને ઈજાગ્રસ્ત કર્યો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. મૃતક નટુ પરમારની પુત્રવધૂના પરિવારે પારિવારિક વિવાદમાં આ હત્યાને અંજામ આપ્યો છે. ઘટના બાદ આક્રોશિત પરિવારજનો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને દારૂ-જુગારની પ્રવૃત્તિઓ બંધ કરાવવા માટે સૂત્રોચ્ચાર કર્યા હતા. સાથે જ રાજીવનગરથી જીવરાજ તરફ જતો રસ્તો પણ બંધ કરી દીધો હતો અને આરોપીઓના ઘરે તોડફોડ પણ કરી હતી.

ગઈકાલે જ મૃતક પર પુત્રવધૂનો ફોન આવ્યો હતો, જેમાં તેમના પર હુમલો થવાનું તેને જણાવ્યું હતું. સાથે જ હત્યાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે 4 અસામાજિક તત્વો 22 સેકન્ડમાં લોખંડની પાઈપ અને ધોકાના 36 ફટકા મારે છે.

**પુત્ર કિટલી પર બેઠો હતો ત્યારે પિતા પર હુમલાની જાણ થઈ**

સેટેલાઈટમાં રહેતા કૌશિક પરમાર નામના 25 વર્ષીય યુવકે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેના પિતા નટુભાઈ પરમાર પ્લમ્બિંગનું કામ કરે છે. ગઈકાલે રાતે કૌશિક ચાની કિટલી પર બેઠો હતો ત્યારે તેના મિત્રએ જણાવ્યું હતું કે તેના પિતા નટુભાઈ પર કેટલાક લોકોએ હુમલો કર્યો છે. જેથી કૌશિક સ્થળ પર પહોંચ્યો હતો જે બાદ રિક્ષામાં કૌશિકના પિતા નટુભાઈને સારવાર માટે સેટેલાઈટની પારેખ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

**લોખંડની પાઈપો અને લાકડાના ધોકા વડે માથા-શરીરના ભાગે માર માર્યો**

પારેખ હોસ્પિટલમાં સારવાર દરમિયાન નટુભાઈનું મોત થયું હતું. નટુભાઈ પર કનુ ઉર્ફે કાંતિ, હસમુખ, કેતન અને અન્ય બે શખ્સોએ ભેગા મળીને જીવરાજબ્રિજની નીચે બાપાસીતારામ મોબાઈલ શોપની પાસે લોખંડની પાઈપો અને લાકડાના ધોકા વડે માથા અને શરીરના ભાગે માર માર્યો હતો.

હત્યા બાદ મૃતક પરિવારના સમર્થનમાં 300થી 400 લોકોનું ટોળું રોડ ઉપર ઉતરી આવ્યું હતું. રાજીવનગરથી જીવરાજ તરફ જવાનો રસ્તો સ્થાનિકોએ બંધ કરી દીધો હતો. જેને પગલે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

હત્યા બાદ મૃતક પરિવારના સમર્થનમાં 300થી 400 લોકોનું ટોળું રોડ ઉપર ઉતરી આવ્યું હતું. રાજીવનગરથી જીવરાજ તરફ જવાનો રસ્તો સ્થાનિકોએ બંધ કરી દીધો હતો. જેને પગલે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

હત્યા બાદ સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મહિલાઓએ દારૂ-જુગારની પ્રવૃતિઓ બંધ કરાવવા સૂત્રોચાર કર્યા હતા. સાથે જ મૃતકના પરિવારજનો આરોપીના ઘરે તોડફોડ કરી હતી, પરંતુ પોલીસે તેમણે રોકી લીધા હતા. મામલો ગંભીર થતા ACP પણ સ્થળ પર દોડી આવ્યા હતા.

અગાઉ પણ 60થી 70 લોકોના ટોળાએ ઘર પર હુમલો કર્યો હતો: મૃતકની દીકરી

મૃતકની દીકરીએ જણાવ્યું હતું કે અગાઉ પણ અમારી ઉપર 60થી 70 લોકોના ટોળાએ ઘર પર હુમલો કર્યો હતો, ત્યારે ગઈકાલે ફરીથી મારા પિતા પર હુમલો કરીને હત્યા કરી દેવામાં આવી છે. અમને પોલીસ તરફથી કોઈપણ મદદ અગાઉ પણ મળી નહોતી. અમારી બસ ન્યાયની માંગણી છે. આરોપીઓની ધરપકડ કરવામાં આવે અને અમારા પરિવારને પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં આવે તેવી માગ કરી હતી.

**‘અમારા દીકરાની હત્યા થઈ અમે પણ સામે જીવ લઈ લઈશું’**

મૃતકના ભાઈએ જણાવ્યું હતું કે હું કાલે ઘરે હતો ત્યારે મને એક વ્યક્તિએ બોલાવ્યો હતો તેથી હું ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે મારો ભાઈ લોહીલુહાણ હાલતમાં પડેલો હતો.

# મહીસાગરમાં 123 કરોડનું નલ સે જલ કૌભાંડ : 2 કોન્ટ્રાક્ટરના આગોતરા જામીન નકારતી હાઈકોર્ટ

## 111 કોન્ટ્રાકટર આરોપી, CID વડોદરાએ મૂળ 12 આરોપી સામે ગુનો નોંધ્યો હતો

**અમદાવાદ, તા.03**

2025 જૂન મહિનામાં CID ક્રાઈમ પોલીસ મથક વડોદરા શહેર ખાતે કુલ 12 આરોપીઓ સામે નલ સે જલ કૌભાંડનો ગુન્હો નોંધાયો હતો. આરોપીઓએ 2019થી 2023 દરમિયાન મહીસાગર જિલ્લાના 620 ગામોમાં પાણીની પાઈપો નાખવાના કામ કાગળ ઉપર બતાવીને અને ખોટા ડોક્યુમેન્ટ બનાવીને સરકારને 123 કરોડનું નુકશાન પહોંચાડ્યું હતું. વળી આ આરોપીઓ સરકારી કર્મચારીઓ છે.

**2 કોન્ટ્રાક્ટરે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી**

આરોપીઓ પૈકી બે કોન્ટ્રાકટર કલ્પેશ શાહ અને નાનાભાઈ પંચાલે ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં અરજદારના વકીલે રજૂઆતો કરી હતી કે કલ્પેશ શાહ ચિરાગ રીંગ સર્વિસના માલિક છે. તે સરકાર માન્ય કોન્ટ્રાક્ટર છે. તેઓ દ્વારા કરાયેલા કામ ઉપર પંચાયત સુપરવાઈઝિંગ કરતી હતી. વળી તેઓએ કરેલા કામનું બાકીનું ચુકવણું પણ કરાયું નથી. ઉપરોક્ત પોલીસ કાર્યવાહી બાદ 110થી વધુ કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે 111 જેટલા કોન્ટ્રાક્ટરોને આરોપી બનાવવામાં આવ્યા છે. વર્તમાન અરજદારનું પોલીસ ફરિયાદમાં કોઈ નામ નથી કે તેઓએ કોઈ ઉચાપત કરી નથી. નાનાભાઈ પંચાલના વકીલે જણાવ્યું હતું કે, તેઓએ સરકાર પાસેથી 47 લાખ રૂપિયા લેવાના બાકી નીકળે છે. સરકારે તેમની પાસેથી જે રિકવરી કાઢી હતી તે રિકવરી હુકમને કોર્ટે રદ કરી નાખ્યો છે. સામે સરકારી વકીલે જણાવ્યું હતું કે અરજદારોએ ખોટા બિલ બનાવ્યા હતા. તેમને નિયમો મુજબનું ક્વોલિટી કામ કર્યું નથી. તેઓએ પાઈપ ટેસ્ટિંગનું ખોટું સર્ટિફિકેટ મૂક્યું હતું. આ કેસમાં 24 લોકો પકડાયા છે, જેમની સામે ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ છે. તેઓએ સરકાર સાથે ફ્રોડ કર્યો છે. નાનાભાઈ પંચાલ દ્વારા 11.29 લાખના ખોટા બીલ અને વધારે ચઢાવીને બીલો મુકવામાં આવ્યા હતા. ઉપરોક્ત દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે અરજદારોની આગોતરા જામીન અરજી નકારી નાખી હતી.

**74 ગામને પાઈપો જ મળી નથી, 31 કંપનીના 445 બિલ ખોટા નીકળ્યા**

અગાઉ ત્રણ આરોપી સરકારી કર્મચારીઓની આગોતરા જામીન અરજીમાં સરકારી વકીલના જણાવ્યા મુજબ મૂળ આ યોજના મહીસાગર જિલ્લાના ભલા માટે હતી. 445 ગામોમાં પાઈપ ખરીદીના ખોટા બિલ બનાવવામાં આવ્યા છે. 4780 કિલોમીટર પાણીની પાઈપલાઈન નાખવાના ડોક્યુમેન્ટ સામે 2480 કિલોમીટર જ પાઈપલાઈન નાખવામાં આવી છે. 13 ગામોમાં ટેન્ડર વગર જ કામ થયું હતું. 74 ગામને પાઈપો જ મળી નથી. શરૂઆતની તપાસમાં 570 બિલ ખોટા નીકળ્યા છે. 31 કંપનીના 445 બિલ ખોટા નીકળ્યા છે.

# રાજકોટના સરધારમાં 60 વર્ષના વૃધ્ધે 10 વર્ષની બાળકીને રૂ.10 ની નોટ આપી અડપલા કર્યા

**રાજકોટ, તા.03**

રાજકોટ ભાવનગર હાઈવે પર સરધાર ગામ નજીક 10 વર્ષીય બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ થયો હોવાનું સામે આવતા ચકચાર મચી છે. પડોશમાં જ રહેતાં 60 વર્ષીય નરાધમ રૂ.10ની નોટ બતાવી દીકરીને બોલાવી બળજબરી પૂર્વક વાડામાં લઈ ગયો હતો. જે બાદ નરાધમ દેવા અજાગીયાએ પોતાના અને બાળકીના કપડા ઉતારી બાળકીના શરીરે અડપલા કરવા લાગ્યો હતો. જોકે બાદમાં બાળકીએ તેની સઘળી હકીકત પોતાની માતાને જણાવતા માતાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવતા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

રાજકોટ ACP ભાવેશ જાધવે જણાવ્યું હતું કે,

ગત તા.1 મે,2026 ના રોજ આજીડેમ પોલીસ સ્ટેશનના સરધાર ગામમાં મજુરી કામ કરતા આરોપી દેવાભાઈએ 10 વર્ષની બાળકીને રૂ.10 આપી વાડામાં લઈ ગયા હતા. જે બાદ શારીરિક અડપલા કર્યા હતા જેમાં છાતી ઉપર હાથ ફેરવ્યો હતો.



ખરાબ કૃત્ય કરતા આજીડેમ પોલીસ સ્ટેશનમાં BNS 75, 2(76) તેમજ પોક્સો એક્ટની કલમ મુજબનો ગુનો દાખલ કરેલો છે અને આગળની તપાસ પોલીસ કરી રહી છે. માતાને બાળકીની બહેનપણી મારફત ખબર પડી હતી. આરોપીનો અગાઉનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપી દેવાભાઈ હાલ પોલીસ કસ્ટડીમાં છે.

**આરોપી દેવા લઘરા અજાગીયા ઝડપાયો**

સરધાર ગામ નજીક રહેતાં 37 વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી દેવા લઘરા અજાગીયાનું નામ આપી જણાવ્યું હતું કે, 1 મે ના રાત્રીના 9 વાગ્યા આસપાસ તે ઘરે હતી દરમ્યાન 10 વર્ષીય દીકરીએ જણાવ્યું કે, મમ્મી આજે સવારે 10 વાગ્યા આસપાસ કાકાના ઘરે રમવા ગઈ હતી ત્યાં કાકાની દીકરી સાથે રમતી હતી ત્યારે રમતા રમતા દેવામામાના વાડા બાજુ ગયા ત્યારે દેવામામાએ વાડામાથી 10 રૂપિયાની નોટ બતાવી અને કહ્યું કે, અહીં આવ લે આ નોટ લઈ જા અને આનો ભાગ લે જે જેથી આ નોટ લેવા મામા પાસે ગઈ ત્યારે અચાનક મને બથ ભરી અને પોતાના વાડામા આવેલ પતરાની ઓરડીમા લઈ ગયા હતાં. મને ખાટલામા બેસાડી અને પોતે પોતાના કપડા ઉતારવા લાગ્યા હતા ત્યારબાદ તેણે કપડા ઉતારી મને છાતીએ હાથ ફેરવી ગાલે તથા હોઠ પર કિસ કરતા હુ ડરી ગઈ અને રાડો પાડવા લાગતા મને બથમા ભરી લઈ રાડો ના પાડતી એમ કહી દેવામામાએ મોઢુ દબાવી દીધું અને મારા શરીરે હાથ ફેરવી બચકા ભરવા લાગ્યા હતા.

# દારૂ મહેફિલ કેસમાં ભાજપના મંત્રી અર્જુન મોઢવાડિયાનો પુત્ર નિર્દોષ, ફરિયાદી તત્કાલીન PSI પર 4 લાખના તોડનો કરાયો હતો આક્ષેપ

**અમદાવાદ, તા.03**

અમદાવાદના સેટેલાઈટ પોલીસ મથકે વર્ષ 2016માં અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડિયા સહિત કુલ 26 આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતા, કોર્ટે 14 સાહેદ અને 26 દસ્તાવેજી પુરાવા તપાસીને આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મૂક્યા છે.

**વર્ષ 2016માં દારૂની મહેફિલમાં રેડ પાડી હતી**

કેસને વિગતે જોતા વર્ષ 2016માં 8 મેની રાત્રિ દરમિયાન ફરિયાદી PSI ચંદ્રકલા જાડેજાને બાતમી મળી હતી કે સેટેલાઈટના એક ફ્લેટમાં દારૂની મહેફિલ ચાલી રહી છે. જેના આધારે PSIએ તે જગ્યાએ રેડ પાડી હતી. જેમાં અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડિયા સહિત કુલ 26 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.




**આ કેસમાં PSI પોતે ફરિયાદી હતા**

પોલીસની પૂછપરછમાં સામે આવ્યું હતું કે વરુણ જૈન નામના વ્યક્તિની બર્થડે પાર્ટી હોવાથી તેને પોતાના પિતા મનોજ જૈનની લિકર પરમિટ પર રાજકોટથી શરાબ લવાયો હતો. આ કેસમાં PSI ચંદ્રકલા જાડેજા પોતે ફરિયાદી હતા.

**રેડ વિશે PSIએ પોતાના ઉપરી અધિકારીઓને જણાવ્યું નહોતું**

જો કે આરોપીના વકીલે કોર્ટ સમક્ષ જુદી જુદી દલીલો કરી હતી. જે મુજબ ફરિયાદીએ જણાવ્યું હતું કે જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે મકાનનો અડધો દરવાજો ખુલ્લો હતો. કોઈપણ વ્યક્તિ શરાબ પાર્ટી દરવાજો ખુલ્લો રાખીને કરે તેવું માની શકાય તેમ નથી. વળી રેડ વિશે PSIએ પોતાના ઉપરી અધિકારીઓને જણાવ્યું નહોતું. આ કેસમાં કોઈ સ્વતંત્ર વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી નથી. પોલીસ સ્ટેશનની બહાર ચા બનાવતા વ્યક્તિને પંચ સાહેદ બનાવી દીધા હતા.

**PSI પર 4 લાખ માંગવાનો આરોપ લાગ્યો હતો**

વળી આ કેસ બાદ ફરિયાદી PSI ચંદ્રકલા જાડેજા ઉપર વર્તમાન આરોપીઓને જામીન ઉપર છોડી દેવા તેમજ મહિલાઓને અને બાળકોની ધરપકડ નહીં કરવા 4 લાખ રૂપિયા માંગ્યાનો આરોપ લગાવાયો હતો. જે સંદર્ભે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ કરવામાં આવી હતી.આરોપીઓના બ્લડ ટેસ્ટના સેમ્પલ સમયસર લેવાયા નથી

આ કેસમાં ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી ACP સી.એન. રાજપુત છે .જેવો PSI ચંદ્રકલાના ભ્રષ્ટાચારના કેસની પણ તપાસ કરી રહ્યા છે. ACBના કેસમાં ફરિયાદી ચંદ્રકલાએ કહ્યું હતું કે ઘટના સમયે તેઓ પોતાના ઘરે હતા. આમ ફરિયાદીના વિરોધાભાસી નિવેદનો સામે આવ્યા છે. વળી રેડમાં કેટલી સ્ત્રીઓ હાજર હતી તે પણ લખ્યું નથી. આરોપીઓના બ્લડ ટેસ્ટના સેમ્પલ સમયસર લેવાયા નથી કે તેમની હાજરીમાં સીલ કરાયા નથી. ઉપરોક્ત રજૂઆતો બાદ મેજિસ્ટ્રેટ કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડ્યા છે. આ કેસમાં ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી ACP સી.એન.રાજપુત છે .જેવો PSI ચંદ્રકલાના ભ્રષ્ટાચારના કેસની પણ તપાસ કરી રહ્યા છે. ACBના કેસમાં ફરિયાદી ચંદ્રકલાએ કહ્યું હતું કે ઘટના સમયે તેઓ પોતાના ઘરે હતા. આમ ફરિયાદીના વિરોધાભાસી નિવેદનો સામે આવ્યા છે. વળી રેડમાં કેટલી સ્ત્રીઓ હાજર હતી તે પણ લખ્યું નથી. આરોપીઓના બ્લડ ટેસ્ટના સેમ્પલ સમયસર લેવાયા નથી કે તેમની હાજરીમાં સીલ કરાયા નથી. ઉપરોક્ત રજૂઆતો બાદ મેજિસ્ટ્રેટ કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ઈરાને કહ્યું- હોર્મુઝને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દઈશું : અમેરિકી જહાજોના પણ એવા જ હાલ થશે જે તેના F-15 ફાઈટર જેટના થયા હતા

## ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ 14-પોઈન્ટનો પ્રસ્તાવ અમેરિકાના 9-પોઈન્ટ પ્લાનના જવાબમાં મોકલવામાં આવ્યો છે

તેલ અવીવ, તા.03

ઈરાનના વરિષ્ઠ અધિકારી મોહસિન રઝાઈએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દેવામાં આવશે. મોહસિન રઝાઈ અગાઉ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) માં કમાન્ડર રહી ચૂક્યા છે. તેમણે અમેરિકી સેનાને સમુદ્રી લૂંટારા (પાઈરેટ) ગણાવતા કહ્યું કે અમેરિકા વિશ્વનો એકમાત્ર એવો પાઈરેટ છે જેની પાસે એરક્રાફ્ટ કેરિયર્સ છે. રઝાઈએ ગયા મહિને ઈસ્ફહાનમાં એક અમેરિકી F-15E વિમાન તોડી પાડવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જે રીતે તે વિમાનનો કાટમાળ પડ્યો હતો, તેવો જ અંજામ અમેરિકી જહાજો અને સૈનિકોનો પણ થઈ શકે છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈ ભૂલ કરશે તો તેના પર ફરીથી હુમલા થઈ શકે છે. તેમણે કહ્યું કે અમેરિકા અત્યારે મજબૂત સ્થિતિમાં છે, જ્યારે તેહરાન દબાણમાં છે અને સમજૂતી કરવા માંગે છે.

આ સિવાય, ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને જણાવ્યું કે પાકિસ્તાનની મધ્યસ્થી દ્વારા ઈરાન તરફથી 14-પોઈન્ટનો પ્રસ્તાવ મળ્યો છે, જેના વિગતવાર



ડ્રાફ્ટની રાહ જોવાઈ રહી છે. અમે આ નવા પ્રસ્તાવની સમીક્ષા પણ કરી રહ્યા છીએ.

ઈરાનના 14-પોઈન્ટના પ્રસ્તાવમાં અનેક મુદ્દાઓ સામેલ

ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ 14-પોઈન્ટનો પ્રસ્તાવ અમેરિકાના 9-પોઈન્ટ પ્લાનના જવાબમાં મોકલવામાં આવ્યો છે. તેમાં 30 દિવસની અંદર તમામ મુદ્દાઓના સમાધાન, ભવિષ્યમાં હુમલાઓ સામે ગેરંટી, ક્ષેત્રમાંથી અમેરિકી સૈનિકોની વાપસી, ફ્રીઝ કરાયેલી ઈરાની સંપત્તિઓને મુક્ત કરવા, પ્રતિબંધો હટાવવા અને યુદ્ધના વળતરની માગ સામેલ છે. આ ઉપરાંત, પ્રસ્તાવમાં હોર્મુઝ સ્ટ્રેટને લઈને નવી પદ્ધતિ બનાવવાની, અમેરિકી નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવાની અને પ્રાદેશિક સંઘર્ષોનો અંત લાવવાની વાત પણ કહેવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, કરાર પછી પરમાણુ કાર્યક્રમ પર અલગથી વાતચીતનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ 25 એપ્રિલે પાકિસ્તાન પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાને 14-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

ફરી યુદ્ધનો ખતરો- ઈરાનના અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ચેતવણી આપી હતી કે અમેરિકા સાથે ફરીથી યુદ્ધ થઈ શકે છે, ઈરાની સેના આ માટે તૈયાર છે. 48 જહાજોએ રસ્તો બદલ્યો- અમેરિકાએ દાવો કર્યો હતો કે છેલ્લા 20 દિવસમાં 48 જહાજોએ તેના દબાણ હેઠળ ઈરાનના બંદરોથી હટીને બીજી દિશામાં પોતાનો રસ્તો બદલ્યો છે. હોર્મુઝ ખોલવાનો પ્રસ્તાવ- ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ કરી છે કે તેમના નવા પ્રસ્તાવમાં પહેલા હોર્મુઝ ખોલવા અને અમેરિકી નાકાબંધી સમાપ્ત કરવાની વાત છે, જ્યારે પરમાણુ મુદ્દે વાતચીત પછીથી કરવામાં આવશે. 16 અમેરિકી ઠેકાણાં ડેમેજ- CNNના એક તપાસ રિપોર્ટ અનુસાર, યુદ્ધ દરમિયાન ઈરાને મિડલ ઈસ્ટના 8 દેશોમાં 16 અમેરિકી ઠેકાણાંને નુકસાન પહોંચાડ્યું છે. આમાંથી ઘણા ઉપયોગ કરવા લાયક રહ્યા નથી. ક્યુબા પર કબજો- ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે અમેરિકા તરત જ ક્યુબા પર કબજો કરી શકે છે. જો આવું કંઈ થાય છે, તો તે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પછી થઈ શકે છે.

સ્પેને ઈઝરાયલ પાસેથી પોતાના નાગરિકને મુક્ત કરવાની માગ કરી

સ્પેને ઈઝરાયલ પાસે પોતાના એક નાગરિકને તાત્કાલિક મુક્ત કરવાની માગ કરી છે. આ વ્યક્તિની અટકાયત ત્યારે કરવામાં આવી હતી, જ્યારે તે ગાઝાની મદદ માટે જઈ રહેલા જહાજોના સમૂહ (ફ્લોટિલા) પર સવાર હતો. ઈઝરાયલની અદાલતે તેની કસ્ટડી વધુ 2 દિવસ માટે લંબાવી છે.

સ્પેનનું કહેવું છે કે તેની ધરપકડ ખોટી રીતે કરવામાં આવી છે. આ વ્યક્તિનું નામ સૈફ અબુ કેશેક છે. અશ્કેલોન કોર્ટમાં સુનાવણી દરમિયાન સ્પેનનો એક રાજદ્વારી અધિકારી પણ તેની સાથે હાજર હતો.

રિપોર્ટ મુજબ, તેની સાથે બ્રાઝિલના એક નાગરિક થિયાગો અવિલોની પણ ધરપકડ કરવામાં આવી છે. ઈઝરાયલના વિદેશ મંત્રાલયે આરોપ લગાવ્યો છે કે આ બંને કાર્યકરો એવા સંગઠન સાથે જોડાયેલા છે જે હમાસ સાથે સંબંધ ધરાવે છે, જોકે સ્પેને આ આરોપોને ફગાવી દીધા છે. લેબનોનના દક્ષિણ ભાગમાં ઈઝરાયલના હુમલામાં ઓછામાં ઓછા 5 લોકો ઘાયલ થયા છે. જેમાં 4 મેડિકલ સ્ટાફનો પણ સમાવેશ થાય છે.

# મણિપુર હિંસા-3 વર્ષમાં ફક્ત CM બદલાયા, પરિસ્થિતિ નહીં

## કેન્દ્ર સરકાર 2029 સુધીમાં ઉગ્રવાદ ખતમ કરવાની તૈયારીમાં; અમરનાથ યાત્રા પછી શરૂઆત

નવી દિલ્હી, તા.03

મે 2023માં મણિપુરમાં મૈતેઈ અને કુકી-જી સમુદાયો વચ્ચે જાતીય હિંસા ફાટી નીકળી હતી. મણિપુરમાં મૈતેઈ-કુકી સમુદાયો વચ્ચે જાતીય હિંસા ફાટી નીકળ્યાને ત્રણ વર્ષ થઈ ગયા છે, પરંતુ 37 લાખની વસ્તી ધરાવતા આ નાના રાજ્યમાં આજે પણ બંને સમુદાયોમાં ભયનો માહોલ છે. ડર એટલા માટે, કારણ કે બંને સમુદાયોના હથિયારબંધ 'વોલન્ટિયર' ગમે ત્યારે ગોળીબાર શરૂ કરી દે છે. રાજ્યમાં હાલ 50થી વધુ ઉગ્રવાદી જૂથો સક્રિય છે. તેમાંથી અડધા સરકાર સાથે વાતચીતમાં સામેલ છે, તેમ છતાં હિંસાની હાલની ઘટનાઓમાં તેમની સંડોવણી સામે આવી છે. રાજ્યમાં તહેનાત સૈન્યના એક ઉચ્ચ અધિકારીએ ભાસ્કરને જણાવ્યું કે દેશમાંથી નક્સલવાદ ખતમ કર્યા પછી કેન્દ્ર સરકારનું સંપૂર્ણ ધ્યાન હવે પૂર્વોત્તરના ઉગ્રવાદ પર છે. તેમાં પણ મણિપુર સૌથી ઉપર છે. ઉગ્રવાદના ખાત્માનું લક્ષ્ય 2029 નક્કી કરવામાં આવ્યું છે. તેની શરૂઆત અમરનાથ યાત્રા પછી થઈ શકે છે.

માસૂમ મૃત્યુ: આખરે 25 દિવસ પછી પરિવારે બંને બાળકોના અંતિમ સંસ્કાર કર્યા

7 એપ્રિલે ટ્રોંગલાઓબીમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓના બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ પામેલા 2 નિર્દોષ બાળકોના અંતિમ સંસ્કાર શનિવારે




લામથાબુંગ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યા. બાળકોના મૃતદેહ ત્યારથી જ શબઘરમાં રાખવામાં આવ્યા હતા. પરિવારે કહ્યું હતું કે જ્યાં સુધી બાળકોને ન્યાય નહીં મળે ત્યાં સુધી અંતિમ સંસ્કાર કરવામાં આવશે નહીં. બાળકોની દાદીએ જણાવ્યું કે સરકારે અમને પૈસા, નોકરી આપવાની વાત કરી, પરંતુ અમે ના પાડી દીધી. અમને બાળકો માટે ન્યાય જોઈએ છે.

એક્શન પ્લાનના 3 સ્ટેપ

રાજ્ય સરકારના સૂત્રોનું માનીએ તો નક્સલવાદમાં સુરક્ષા દળોનું જે ફોર્સ લાગેલું હતું, તેને મણિપુર શિફ્ટ કરવાની તૈયારી છે. લશ્કરી અધિકારીએ એ પણ જણાવ્યું કે સસ્પેન્શન ઑફ ઑપરેશન કરાર થયા પછી પણ મણિપુરના ઘણા ઉગ્રવાદી જૂથોના કેડરો પાસે હથિયારો છે. પહેલાં બધા જૂથો સાથે રાજકીય વાટાઘાટો થશે, જ્યાં જરૂર પડશે, ત્યાં આક્રમક કાર્યવાહી કરવામાં આવશે. એટલે કે મિશનમાં વાતચીત અને એક્શન બંને હશે. હાલમાં સેના, કેન્દ્રીય દળ અને રાજ્ય પોલીસના ઘણા યુનિટો કાર્યવાહીના નામે ફક્ત તેમના બંકરો નષ્ટ કરી રહ્યા છે, હથિયારો પકડી રહ્યા છે અને ઉગ્રવાદીઓને પાછળ ધકેલી રહ્યા છે, પરંતુ તેનાથી ઉગ્રવાદ ખતમ થવો મુશ્કેલ છે. એટલા માટે કેન્દ્ર સરકાર નવા મોટા મિશનની તૈયારી કરી રહી છે. આટલી ફોર્સ મણિપુર, આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડના ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં તહેનાત કરવાની યોજના છે. આગામી લોકસભા ચૂંટણી પહેલા આ લક્ષ્ય પુરુ કરવાનું છે. મણિપુરના અધિકારીઓએ નવી માઈન પ્રોટેક્ટર ગાડીઓની પ્રથમ ખેપ મળવાની પુષ્ટિ કરી છે, જેનો ઉપયોગ સંવેદનશીલ વિસ્તારોમાં થાય છે. મણિપુર સરકારમાં સામેલ એક ધારાસભ્યએ જણાવ્યું કે રાજ્યમાં 34 જનજાતિઓ છે. તેમની વચ્ચે પરસ્પર મતભેદ ઘણા છે. ઉગ્રવાદીઓની સંખ્યા આથી જ વધારે છે. મોટાભાગના કેડર બહાર ફરી રહ્યા છે અને તેમને હથિયારો લોકો પાસેથી મળી જાય છે.

ત્રણ વર્ષમાં શું બદલાયું: 60 હજાર લોકોની સ્થિતિ જેવી હતી તેવી જ, માત્ર સીએમ નવા

3 મે 2023 પછીથી જ રાજ્ય બે ભાગમાં વહેંચાઈ ગયું છે: મૈતેઈ લોકો ઈમ્ફાલ વેલીથી ઉપર કુકી પ્રભાવી પહાડી વિસ્તારોમાં જઈ શકતા નથી અને ન તો કુકી ઈમ્ફાલ વેલીમાં આવે છે. એન. બિરેન સિંહની જગ્યાએ યુમનમ ખેમચંદ સિંહ નવા મુખ્યમંત્રી બની ચૂક્યા છે,

# 'ગુજરાતી ગેંગને દસ જનમ પણ ઓછા પડશે' : અભિષેક બેનર્જીનો ભાજપને પડકાર, કહ્યું- તમારા દિગ્ગજોને ફાલ્ટા બેઠક પર ઉતારો; 21 મેના રોજ અહીં ફરીથી મતદાન

કોલકાતા, તા.03

પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક પર ફરીથી મતદાનના નિર્ણય બાદ રાજકીય નિવેદનબાજી તેજ બની ગઈ છે. TMCના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ ભાજપના દિગ્ગજોને ફાલતાથી ચૂંટણી લડવાનો પડકાર ફેંક્યો છે. અભિષેક બેનર્જીએ કહ્યું, 'બાંગ્લા વિરોધી ગુજરાતી ગેંગ અને તેમના સાથી જ્ઞાનેશ કુમારને મારા ડાયમંડ હાર્બર મોડેલને નુકસાન પહોંચાડવામાં દસ જન્મ પણ ઓછા પડશે. હું કેન્દ્ર સરકારને પડકારું છું કે તેમના સૌથી મજબૂત નેતાને મોકલો. જો હિંમત હોય, તો ફાલતાથી ચૂંટણી લડો.' ચૂંટણી પંચે ફાલતા વિધાનસભા ક્ષેત્રના તમામ 285 મતદાન મથકો પર 21 મેના રોજ ફરીથી મતદાન કરાવવાનો આદેશ આપ્યો છે. મતગણતરી 24 મેના રોજ થશે. ECI અનુસાર, 29 એપ્રિલે અહીં મતદાન દરમિયાન ચૂંટણી નિયમોનું ઉલ્લંઘન થયું હતું.

બંગાળમાં ભાજપ નેતાના ઘરની બહાર ફાયરિંગ, 2ની ધરપકડ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરીના એક દિવસ પહેલા નોર્થ 24 પરગણા જિલ્લામાં ભાજપ નેતાના ઘરની બહાર ફાયરિંગનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ ઘટનામાં સામેલ હોવાના આરોપમાં બે લોકોની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ભાજપ નેતા કુંદન સિંહે ફરિયાદ



નોંધાવી હતી કે શનિવારે મોડી રાત્રે નોઆપારા વિધાનસભા ક્ષેત્રમાં તેમના ઘરની બહાર કેટલાક લોકોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં ભય ફેલાઈ ગયો હતો. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી. જોકે, એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટ કર્યું નથી કે ધરપકડ કરાયેલા લોકો તે જ છે કે નહીં, જેમનું નામ ભાજપ નેતા અર્જુન સિંહે લીધું હતું.

ભાજપ પ્રમુખ મજુમદારે કહ્યું- આ વખતે ફાલ્ટામાં નિષ્પક્ષ ચૂંટણી થશે.

ફાલ્ટા વિધાનસભા મતવિસ્તારમાં ફરીથી મતદાન અંગે, પશ્ચિમ બંગાળ ભાજપ પ્રમુખ સુકાંત મજુમદારે કહ્યું, ફાલ્ટામાં ફક્ત ભાજપના ઉમેદવાર પાસે જ પૂરતી તાકાત છે. ભાજપ એક થઈને ચૂંટણી લડશે. આ વખતે કોઈ ગોટાળા થશે નહીં, કોઈ બૂથ કેપ્ચરિંગ થશે નહીં, કોઈ ધાકધમકી નહીં હોય. ચૂંટણી પંચ નિષ્પક્ષ ચૂંટણી કરાવશે.

ટીએમસી સાંસદ સૌગત રોયે ફાલ્ટામાં ફરીથી મતદાન અંગે સવાલ ઉઠાવ્યા

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ પશ્ચિમ બંગાળના ફાલ્ટા વિધાનસભા મતવિસ્તારમાં ફરીથી મતદાન કરાવવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. પાર્ટીના સાંસદ સૌગત રોયે તેને ખરાબ નિર્ણય ગણાવ્યો અને પૂછ્યું કે શા માટે ફક્ત આ બેઠક પર જ ફરીથી મતદાન કરાવવામાં આવી રહ્યું છે. અમને નથી લાગતું કે આ એક સારો નિર્ણય છે, રોયે ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું. ફક્ત ફાલ્ટાને કેમ અલગ કરવામાં આવ્યું અને ત્યાં ફરીથી ચૂંટણી કેમ યોજાઈ રહી છે તે સ્પષ્ટ નથી. જોકે, જ્યારે ચૂંટણી યોજાશે, ત્યારે અમે ભાગ લઈશું.

ભાજપના ઉમેદવાર સીતલ કપાટે ઘાટલના વિશાલાક્ષી મંદિરમાં પૂજા કરી.

2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરી પહેલા, ઘાટલ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર સીતલ કપાટેએ રવિવારે વિશાલાક્ષી મંદિરમાં પૂજા કરી. મત ગણતરી પહેલા ઉમેદવારો માટે મંદિરોમાં જઈને આશીર્વાદ લેવાનું સામાન્ય બાબત છે. આ જ રીતે, સીતલ કપાટે પણ પૂજા કરી, જીત માટે પ્રાર્થના કરી. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે રાજ્યમાં ચૂંટણી પરિણામ મામલે ગરમાવાભર્યો માહોલ છે, બધા ઉમેદવારો પોતપોતાની રીતે તૈયારીઓમાં વ્યસ્ત છે. ચૂંટણી પરિણામોની હાલમાં રાહ જોવાઈ રહી છે, અને તે પછી જ સ્પષ્ટ થશે કે ઘાટલ બેઠક કોણ જીતશે.

# ઈરાનના શાંતિ પ્રસ્તાવ પર ટ્રમ્પને ભરોસો નથી : કહ્યું- ઈરાને માનવતા વિરુદ્ધના તેના અપરાધની કિંમત હજુ ચૂકવી નથી

વોશિંગ્ટન ડીસી, તા.03

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા શાંતિ પ્રસ્તાવની સમીક્ષા કરવાની વાત કહી છે, પરંતુ તેની સફળતા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ઈરાને હજુ સુધી પોતાના અપરાધોની કિંમત ચૂકવી નથી. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કહ્યું કે તેઓ ઈરાન દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવને જલ્દી જોશે, પરંતુ તેના સ્વીકાર થવાની સંભાવના ઓછી છે. તેમનું કહેવું છે કે છેલ્લા 47 વર્ષમાં ઈરાને જે કર્યું છે, તેના માટે તેને મોટી કિંમત ચૂકવવાની બાકી છે. ઈરાનની એજન્સીઓ અનુસાર, તેહરાને પાકિસ્તાન દ્વારા અમેરિકાને 14-પોઈન્ટનો પ્રસ્તાવ મોકલ્યો છે. તેમાં તમામ મોરચે સંઘર્ષ સમાપ્ત કરવા અને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવી રૂપરેખા બનાવવાની વાત સામેલ છે. ઈરાનના ઉપ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ કહ્યું કે હવે અમેરિકાએ નક્કી કરવાનું છે કે તે વાતચીત ઈચ્છે છે કે સંઘર્ષ. ઈરાન બંને વિકલ્પો માટે તૈયાર છે.

ઈરાની અધિકારીઓ બોલ્યા- અમેરિકા પર ભરોસો નથી

ઈરાની સેનાના વરિષ્ઠ અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ગઈકાલે કહ્યું કે અમેરિકા પર ભરોસો કરી શકાય નહીં અને બંને



દેશો વચ્ચે ફરીથી યુદ્ધ થઈ શકે છે. તેમણે કહ્યું કે ઈરાનની સેના સંપૂર્ણપણે તૈયાર છે અને જો અમેરિકા કોઈ ખોટું પગલું ભરશે તો જવાબ આપવામાં આવશે. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકા કોઈપણ કરાર કે વચનનું પાલન કરતું નથી. અસદીએ કહ્યું કે અમેરિકી અધિકારીઓના નિવેદનો અને પગલાં મોટાભાગે દેખાડા પૂરતા અને મીડિયા માટે હોય છે. તેમનો હેતુ પહેલા ઓઈલની કિંમતોને ઘટતી અટકાવવાનો અને બીજો પોતાની બનાવેલી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો છે.

ઈરાનનો આરોપ- અમેરિકા પરમાણુ સંધિનું પાલન નથી કરી રહ્યું

ઈરાને અમેરિકા પર પરમાણુ કરારનું પાલન ન કરવાનો આરોપ લગાવ્યો છે. ઈરાને શનિવારે સંયુક્ત રાષ્ટ્રમાં કહ્યું કે અમેરિકા પરમાણુ અપ્રસાર સંધિ (NPT) ના નિયમોનું પાલન નથી કરી રહ્યું અને તેનું વર્તન બેવડા ધોરણોવાળું છે. ઈરાને નિવેદનમાં કહ્યું કે છેલ્લા 56 વર્ષથી અમેરિકા આ સંધિ હેઠળ પોતાની જવાબદારીઓનું પાલન નથી કરી રહ્યું. જ્યારે તેની પાસે હજારો પરમાણુ હથિયારો છે. સાથે જ ઈરાને એમ પણ કહ્યું કે જો આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની દેખરેખ હેઠળ કામ કરવામાં આવે, તો યુરેનિયમ સંવર્ધન પર કોઈ કાનૂની રોક નથી, જેમ કે ઈરાનના કિસ્સામાં હતું.

ઈરાન હોર્મુઝને લઈને નવો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યું છે

અમેરિકા સાથે યુદ્ધવિરામ વાટાઘાટોને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને લઈને નવો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યું છે. ઈરાની સંસદના ઉપાધ્યક્ષ હમીદરેઝા હાજી-બાબાઈએ જણાવ્યું કે આ કાયદા હેઠળ ઈઝરાયલના જહાજોને આ દરિયાઈ માર્ગેથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું કે પ્રસ્તાવિત બિલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મન દેશોના જહાજો ત્યારે જ પસાર થઈ શકશે જ્યારે તેઓ યુદ્ધનું વળતર ચૂકવશે. આ ઉપરાંત, અન્ય દેશોના જહાજોને પણ ઈરાન પાસેથી પરવાનગી લેવી પડશે, ત્યારે જ તેઓ આ માર્ગનો ઉપયોગ કરી શકશે. હાજી-બાબાઈએ કહ્યું કે હવે હોર્મુઝમાં જહાજોની અવરજવર પહેલા જેવી રહેશે નહીં અને યુદ્ધ પછી પરિસ્થિતિ બદલાઈ જશે.

ઈરાન યુદ્ધથી દુનિયા પર ખાદ્ય સંકટનો ખતરો

સંયુક્ત રાષ્ટ્ર (UN) ની સંસ્થા FAO ના મુખ્ય અર્થશાસ્ત્રી મેક્સિમો ટોરેરોએ ચેતવણી આપી છે કે દુનિયા એક મોટા ખાદ્ય સંકટ તરફ આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું કે હોર્મુઝ બંધ થવાથી ખાતરનો પુરવઠો ખરાબ રીતે પ્રભાવિત થયો છે. યુદ્ધ શરૂ થયા પછી તેનો પુરવઠો લગભગ અટકી ગયો છે, જેનાથી કિંમતો વધી રહી છે અને અછત પણ સર્જાઈ રહી છે. તેની અસર ખેતી પર પડશે અને પાકની ઉપજ 30% સુધી ઘટી શકે છે. તેનાથી ખાવા-પીવાની વસ્તુઓ વધુ મોંઘી થઈ શકે છે. ટોરેરોએ અલ જઝીરાને જણાવ્યું કે પરિસ્થિતિ એટલા માટે વધુ ખરાબ થઈ રહી છે કારણ કે એશિયામાં વાવણીનો સમય વીતી ગયો છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા અને બ્રાઝિલ જેવા મોટા દેશો પોતાના પાક બદલી શકે છે અને ઘઉં-મકાઈની જગ્યાએ સોયાબીન ઉગાડી શકે છે, જેનાથી બજાર પર વધુ અસર પડશે. જેનાથી કિંમતો વધી રહી છે અને અછત પણ સર્જાઈ રહી છે. તેની અસર ખેતી પર પડશે અને પાકની ઉપજ 30% સુધી ઘટી શકે છે. તેનાથી ખાવા-પીવાની વસ્તુઓ વધુ મોંઘી થઈ શકે છે. ટોરેરોએ અલ જઝીરાને જણાવ્યું કે પરિસ્થિતિ એટલા માટે વધુ ખરાબ થઈ રહી છે કારણ કે એશિયામાં વાવણીનો સમય વીતી ગયો છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા અને બ્રાઝિલ જેવા મોટા દેશો પોતાના પાક બદલી શકે છે અને ઘઉં-મકાઈની જગ્યાએ સોયાબીન ઉગાડી શકે છે, જેનાથી બજાર પર વધુ અસર પડશે.

# દ્વારકેશ પોડકાસ્ટના ચાહક ટેક દિગ્ગજો : ઝકરબર્ગને કહી દીધું હતું- ફરીથી રેકોર્ડ કરવું પડશે, હુઆંગ-નડેલા કલાકો સુધી ચર્ચા કરે છે

સેન ફ્રાન્સિસ્કો, તા.03

AIની જાદુઈ દુનિયામાં જ્યાં મોટા-મોટા દિગ્ગજો પણ ટેકનોલોજીના ઘોંઘાટમાં ખોવાઈ જાય છે, ત્યાં દ્વારકેશ પટેલ સિલિકોન વેલીના AI સમુદાયનો સૌથી મહત્વપૂર્ણ અવાજ બનીને ઉભર્યા છે. 25 વર્ષીય ભારતીય મૂળના દ્વારકેશના પોડકાસ્ટને પ્રતિ એપિસોડ સરેરાશ 20 લાખ વાર સાંભળવામાં આવે છે. માર્ક ઝકરબર્ગ, સત્ય નડેલા અને જેન્સન હુઆંગ જેવા દિગ્ગજ CEO તેમની સાથે કલાકો સુધી ચર્ચાઓ કરે છે. લોકપ્રિયતા એવી છે કે તેમની સાથે સેલ્ફી લેવા માટે પડાપડી થાય છે. પટેલ ઇન્ટરવ્યુ માટે ઊંડો અભ્યાસ કરે છે અને AIની જટિલ ભાષાને નવી શૈલીમાં રજૂ કરે છે.

કંટાળાથી શરૂ થયેલી સફર

દ્વારકેશના પોડકાસ્ટની સફર 2020માં એક કોલેજ હોસ્ટેલના રૂમમાંથી શરૂ થઈ હતી. કોરોના મહામારી દરમિયાન જ્યારે બધું જ ઠપ થઈ ગયું હતું, ત્યારે યુનિવર્સિટી ઓફ ટેક્સાસના વિદ્યાર્થી દ્વારકેશ કંઈક અલગ કરવાની શોધમાં હતા. તેમણે પોતાની જિજ્ઞાસાના જોરે નિષ્ણાતોને ઈમેલ કરવાનું શરૂ કર્યું. આજે 'દ્વારકેશ પોડકાસ્ટ'ની અલગ ઓળખ છે. એન્થ્રોપિકના મુખ્ય સંચાર અધિકારી સાશા ડી મેરિગ્ની કહે છે, 'લોકો તેમને ફક્ત કોમેન્ટેટર નથી માનતા, તેઓ AI સમુદાયના અભિન્ન અંગ છે.'

ઈન્ટરવ્યુ માટે એ જ મહેમાનોને પસંદ કરે છે, જેમની પાસેથી કંઈક નવું શીખવા મળે

દ્વારકેશ એક ઈન્ટરવ્યુ માટે બે અઠવાડિયા સુધી રિસર્ચ કરે છે. ફ્લેશ કાર્ડ બનાવે છે. વિષયોને સમજવા માટે ઈકોનોમિક્સ, ફિઝિક્સ સુધીના ટ્યુટર હાયર કરે છે. તેમની શાખ એવી છે કે તેમણે મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગને



પણ ઈન્ટરવ્યુ ફરીથી રેકોર્ડ કરવા માટે કહી દીધું હતું. એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ અને ઓપનએઆઈના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ઈલ્યા સુત્સ્કેવર જેવા દિગ્ગજો સાથે ટેક્નીકલી બારીકીઓ પર ચર્ચા કરે છે. દ્વારકેશના પોડકાસ્ટમાં રોકાણકારો કરોડો રૂપિયા લગાવવા તૈયાર છે, પરંતુ તેઓ તેને સ્વતંત્ર રિસર્ચ કંપની કે નેટવર્કની જેમ ચલાવવા માંગતા નથી. તેઓ પોતાના કન્ટેન્ટનું એડિટિંગ પોતે જ જુએ છે અને એ જ મહેમાનોને પસંદ કરે છે, જેમની પાસેથી તેમને કંઈક નવું શીખવા મળે.દ્વારકેશ એક ઈન્ટરવ્યુ માટે બે અઠવાડિયા સુધી રિસર્ચ કરે છે. ફ્લેશ કાર્ડ બનાવે છે. વિષયોને સમજવા માટે ઈકોનોમિક્સ, ફિઝિક્સ સુધીના ટ્યુટર હાયર કરે છે. તેમની શાખ એવી છે કે તેમણે મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગને પણ ઈન્ટરવ્યુ ફરીથી રેકોર્ડ કરવા માટે કહી દીધું હતું. એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ અને ઓપનએઆઈના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ઈલ્યા સુત્સ્કેવર જેવા દિગ્ગજો સાથે ટેક્નીકલી બારીકીઓ પર ચર્ચા કરે છે. દ્વારકેશના પોડકાસ્ટમાં રોકાણકારો કરોડો રૂપિયા લગાવવા તૈયાર છે, પરંતુ તેઓ તેને સ્વતંત્ર રિસર્ચ કંપની કે નેટવર્કની જેમ ચલાવવા માંગતા નથી. તેઓ પોતાના કન્ટેન્ટનું એડિટિંગ પોતે જ જુએ છે અને એ જ મહેમાનોને પસંદ કરે છે, જેમની પાસેથી તેમને કંઈક નવું શીખવા મળે.

દ્વારકેશ જટિલ મુદ્દાઓ પર કલાકો સુધી વાત કરે છે

જ્યાં મુખ્યપ્રવાહનું મીડિયા અવારનવાર AI વિશે ભય કે છીછરી વાતો કરે છે, ત્યાં દ્વારકેશ 'ક્વાડ્રેટિક અટેન્શન કોસ્ટ' અને 'કેવી વેક્ટર્સ' જેવા જટિલ તકનીકી શબ્દો પર કલાકો સુધી વાત કરે છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી ટાયલર કોવેન તેમને 'AI યુગના નંબર-1 ઈતિહાસકાર' ગણાવે છે. તેઓ AIના એવા ભવિષ્યની વાત કરે છે, જ્યાં મશીનો માણસની જેમ સતત શીખી શકશે, જોકે, તેઓ તેની વચ્ચે આવતી ટેકનીકલી અડચણો વિશે પણ સવાલો ઉઠાવે છે.

# MP-રાજસ્થાન સહિત 8 રાજ્યોમાં વાવાઝોડું-વરસાદ : જયપુરમાં વીજળીનો તાર તૂટવાથી યુવક જીવતો સળગી ગયો

ભોપાલ, તા.03

દેશના મોટાભાગના વિસ્તારોમાં શનિવારે ભારે પવનો સાથે વરસાદે ભીષણ ગરમીમાંથી રાહત આપી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને છત્તીસગઢ એટલે કે 8 રાજ્યોમાં તેજ પવનો સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા. રાજસ્થાનના જયપુર, બીકાનેર, જોધપુર સહિત ઘણા શહેરોમાં તેજ આંધી ચાલી. 11 શહેરોમાં પારો 40 ડિગ્રીથી નીચે આવી ગયો. જયપુરના જયસિંહપુરા ખોરમાં તોફાનથી વીજળીનો તાર તૂટીને રસ્તા પર પડી ગયો. તેની ઝપેટમાં આવવાથી બાઈક સવાર યુવક જીવતો સળગી ગયો. ઉત્તરાખંડના દેહરાદૂનમાં કરા પડ્યા. ઉત્તરકાશીમાં સીએમ પુષ્કર સિંહ ધામીનું હેલિકોપ્ટર કરા પડવા વચ્ચે લેન્ડ થયું. આ તરફ, દેશના ઘણા શહેરોમાં હજુ પણ હીટવેવની સ્થિતિ છે. શનિવારે મહારાષ્ટ્ર અને રાજસ્થાનના 4 શહેરોમાં તાપમાન 44C થી વધુ રહ્યું. મહારાષ્ટ્રનું વર્ધા 44.5C તાપમાન સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું. ચંદ્રપુરમાં 44.4C પારો



રહ્યો. રાજસ્થાનના જેસલમેરમાં 44.4C અને બાડમેરમાં 44.3C તાપમાન નોંધાયું. છત્તીસગઢના ધમતરીમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો.

આગામી 2 દિવસના હવામાનની સ્થિતિ

4 મે:

જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, હિમાચલ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને કેરળમાં વરસાદ પડશે. બંગાળ, આસામ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. પશ્ચિમ રાજસ્થાનમાં લૂનું એલર્ટ છે, જ્યારે તમિલનાડુ પુડુચેરીમાં ભેજવાળું હવામાન રહેશે.

5 મે:

મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, બિહાર, ઝારખંડ, બંગાળ, દક્ષિણ કર્ણાટકમાં વાવાઝોડા સાથે વરસાદનું યલો એલર્ટ છે. રાજસ્થાનમાં લૂ ચાલશે. સાથે જ વાવાઝોડા-વરસાદનું પણ એલર્ટ છે. સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ અને કેરળમાં ભારેથી અતિભારે વરસાદનો અંદાજ છે.

મધ્ય પ્રદેશ: અડધા MPમાં વરસાદ-વાવાઝોડું, ગ્વાલિયર-જબલપુર સહિત 27 જિલ્લામાં એલર્ટ; કરા પણ પડી શકે છે

મધ્ય પ્રદેશમાં ભીષણ ગરમી વચ્ચે તેજ વાવાઝોડા સાથે વરસાદનો દોર ચાલુ છે. ભોપાલ સહિત 20થી વધુ જિલ્લાઓમાં શનિવારે 30થી 50kmphની ઝડપે વાવાઝોડા સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા. હવામાન વિભાગ અનુસાર, 6 મે સુધી રાજ્યમાં આવું જ હવામાન રહેશે.

તંત્રી લેખ

# શું બંગાળમાં BJP-RSSનું માઈક્રો મેનેજમેન્ટ બનશે ગેમચેન્જર

આ વખતે પશ્ચિમ બંગાળના રાજકારણમાં કંઈક મોટું બની રહ્યું છે. વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ અને RSSએ શાંતિથી પોતાનો સૌથી મોટો પ્રચાર શરૂ કરી દીધો છે. સંગઠનો બૂથથી સરહદો સુધી એક્ટિવ છે. ભાજપે પશ્ચિમ બંગાળની તમામ 294 બેઠકો પર વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજની ફોર્મ્યુલા '1 બૂથ - 10 યૂથ' ના સૂત્રને લાગુ કર્યું છે. શું છે આ રાજનીતિ, જે બંગાળમાં રાજકીય સમીકરણ બદલી શકે, તેને સમજવા માટે અમે કોલકાતા ગયા. અમે રાજ્યના વિવિધ ભાગોમાં ચૂંટણી વાતાવરણનું અવલોકન કર્યું. અમે તેને સમજવાનો જેટલો પ્રયાસ કર્યો, તેટલું જ ચિત્ર જટિલ બનતું ગયું. લોકો કહી રહ્યા છે કે, 'આ વખતે, રાજકીય વાતાવરણ અને બંગાળનું વાતાવરણ બંને સમાન છે. ક્યારે અને શું બદલાશે તે આગાહી કરવી મુશ્કેલ છે.' કેટલાક માને છે કે મમતા બેનર્જીનું પુનરાગમન લગભગ નિશ્ચિત છે. તેઓ માને છે કે ભાજપની બેઠકો વધી શકે છે પરંતુ સરકાર બનાવવી સરળ નહીં હોય. એક વર્ગ માને છે કે જો ભાજપની ચૂંટણી ગણતરીઓ કામ કરે છે, તો સત્તામાં પરિવર્તન કોઈ મોટી વાત નહીં હોય.

2021 ની ભૂલમાંથી બોધપાઠ: ભાજપે પણ તેની રણનીતિ બદલી

ડૉ. ધનપત રામ અગ્રવાલ સ્વદેશી જાગરણ મંચના અખિલ ભારતીય સહ-સંયોજક છે જે RSS સાથે જોડાયેલી અને પશ્ચિમ બંગાળમાં સક્રિય સંસ્થા છે. ડૉ. અગ્રવાલ કહે છે, 'ભાજપને 2021માં સરકાર બનાવવાની આશા હતી. 2019ની લોકસભા ચૂંટણીમાં તેણે 18 બેઠકો જીતી હતી. લોકસભા બેઠક દીઠ વિધાનસભા બેઠકોની સરેરાશ સંખ્યા 7 છે. પાર્ટીનો અંદાજ હતો કે તે વિધાનસભા ચૂંટણીમાં 18 + 7 એટલે કે 126 બેઠકો જીતશે. પરિણામો અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નહીં, અને ફક્ત 77 બેઠકો જ જીતી શક્યા.' ભાજપે સ્વીકાર્યું કે કેટલીક સંગઠનાત્મક ભૂલો થઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં બૂથ લેવલ સુધી સુધારા કરવામાં આવ્યા છે. મધ્ય, ઉત્તર, દક્ષિણ બંગાળ અને જંગલમહલ - બધા પ્રદેશોમાં બૂથ લેવલ સુધી તૈયારીઓ કરવામાં આવી છે. એવી અપેક્ષા છે કે ભાજપ 150 થી વધુ બેઠકો જીતશે.

ભાજપની નવી સ્ટ્રેટેજી, બોટમ ટુ અપ એપ્રોચ

ભાજપનું ધ્યાન ખેડૂતો, યુવાનો, મહિલાઓ, વેપારીઓ અને મજૂરો પર છે. આ વર્ગો સાથે અલગ-અલગ બેઠકો યોજાઈ હતી અને તેમના સૂચનોને મેનિફેસ્ટોમાં સામેલ કરવામાં આવ્યા હતા. પાર્ટી આને બોટમ ટુ અપ સુધીની સ્ટ્રેટેજી કહી રહી છે. આ વખતે પ્રચારના ઘોંઘાટ કરતાં માઈક્રો મેનેજમેન્ટ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. જે ચાર ભાગોમાં વહેંચાયેલું છે...

1. વન બૂથ- ટેન યૂથ: સુષ્મા સ્વરાજે આપેલી ફોર્મ્યુલા છે. દરેક બૂથ પર 100 યુવાનોની ટીમ તૈનાત છે. અનુભવી કન્વીનરો તેમની સાથે કામ કરી રહ્યા છે. મંડળ સ્તરના કાર્યકરો પણ સામેલ છે. એવું કોઈ બૂથ નથી જ્યાં ભાજપના કાર્યકરો સક્રિય ન હોય.

2. YM, એટલે યુવા અને મહિલા પરિબળ: ભાજપના આંતરિક અહેવાલમાં મહિલાઓ અને યુવાનોને નિર્ણાયક મતદાતા જૂથ તરીકે ઓળખવામાં આવ્યા છે. તેથી પક્ષ સંદેશખલી અને આર.જી. કર મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડોકટરો પર બળાત્કારની ચર્ચાથી મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવી રહ્યો છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં પુરુષોનું પલાયન વધુ છે.

# મહર્ષિ વેદવ્યાસ અને પંચમ વેદ કહેવાતાં મહાભારતનાં મુખ્ય બોધ ને જાણીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમગ્ર વિશ્વની અશાંતિ જાણે વાતાવરણમાં પડઘાતી હોય એ રીતે દિવસે ને દિવસે પરિસ્થિતિ તંગ થતી જાય છે, અને આ માનવીની બૌદ્ધિકતાનું કારણ છે કે, માનવીનાં અહંકારનું કારણ છે, એ કળવું મુશ્કેલ છે. બહાર ગરમીનો ઉકળાટ અને અંદર પ્રકૃતિ વિરુદ્ધ જવાનો સંતાપ! કારણ કે સમયની રીતે ભલે આપણે આગળ વધતા જઈએ છીએ, પણ માનવતાની રીતે એક એક કદમ પાછળ જતાં જઈએ છીએ, અને એમાં આપણે પણ ભાગીદાર છીએ, એનો સંતાપ આપણને અકળાવી રહ્યો છે! જન્મ થાય એનું મૃત્યુ થાય એટલે જે તે વ્યક્તિનું જીવન સ્તંભિત થાય કે પૂરું થાય છે, પણ સમય આવાં કેટલાંય ગૌત્ર, કુળ, કે વંશ નાં વિનાશનો સાક્ષી રહી ચૂક્યો છે, જેને આપણે ઈતિહાસ કહીએ છીએ! અને આવાં ઈતિહાસનાં ચરિત્ર પરથી આપણે બોધ લેવાનો હોય છે. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! રામાયણનાં મોટા ભાગનાં ચરિત્રની ઓળખ આપણે રામરાજ્યની સંભાવના વધે એ માટે કરી ચૂક્યા છીએ! રામાયણની કથા એટલે ત્રેતાનું ચિત્રણ અને એ પછી દ્વાપર, દ્વાપરયુગમાં ભગવાન શ્રીકૃષ્ણની અને મહાભારતની વાત આવે છે, તો આપણે પણ હવે સદગુરુ કૃપાથી સમયની રીતે દ્વાપરનું ચિત્રણ કરીશું! તો સૌ પ્રથમ તો વૈદિક ગ્રંથની રીતે મહાભારત અને એનાં રચયિતા વિશે આજે વાત કરીશું!

મહાભારતની કથાનો સમય ગાળો દ્વાપર યુગ ગણવામાં આવે છે અને મહાભારત કે જેને આપણે મહાકાવ્ય તરીકે ઓળખીએ છીએ એનાં રચયિતા મહર્ષિ વેદવ્યાસ છે. તો સૌ પ્રથમ દ્વાપર યુગ અને મહર્ષિ વેદવ્યાસ વિશે થોડું જાણીએ. દ્વાપર વિશે સર્ચ કરતી હતી તો યુગ ગણનાની રીતે ચાર યુગ પૂરાં થાય ત્યારે એક મહાચક્ર પૂરું થાય! અને એને એક બ્રહ્મ દિન અથવા કલ્પ કહેવામાં આવે! પછી દરેક યુગનો કાળ એટલે સમય બતાવ્યો છે અને એ રીતે (1)સતયુગ, 17.28000 વર્ષ. (૨) ત્રેતા યુગ, 12.96000 વર્ષ (૩)દ્વાપરયુગ, 8. 64000 વર્ષ અને (૪)કળિયુગ 4.32000 એમ એનો વિસ્તાર બતાવ્યો છે. મનુ અને મનવંતર એવી પછીની ગણતરીમાં આપણે જવું નથી, પણ વેદની રીતે અથવા તો ધર્મ કે સત્યની રીતે જે પૂર્ણ હતો એ સતયુગ અને એમાં ચારે વેદના વ્યાખ્યિતા હતાં, એટલે કે સત્યના ચાર ચરણ જેને આપણે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ કહ્યાં! ત્રેતા યુગમાં સત્યનાં ત્રણ ચરણ અને ઋષિ કે બ્રાહ્મણો ત્રણ વેદોનુ મહાત્મ્ય જાણતા હતાં. દ્વાપરયુગમાં સત્યનાં કોઈ બે ચરણની મહત્તા હતી,અને કળિયુગમાં વેદનો જાણકાર માત્ર એક, અથવા એક પણ નહીં એવું. ચારે યુગનો સહજ સર્વે કરવામાં આવે તો આપણી સંસ્કૃતિને જીવંત અને મહાન બનાવનાર કોઈ પાત્ર હોય તો એ ઋષિ છે, અને આવાં જ એક મહર્ષિ વેદવ્યાસ કે જેને ગુરુ પંરપરા સાથે જોડવામાં આવ્યાં છે.

મહર્ષિ વેદવ્યાસની વાત કરીએ તો એમાં વ્યાસ" શબ્દનો અર્થ છે, વિભાજન કરનાર અથવા વ્યાખ્યા કરનાર. તેમણે વેદોને વિભાગિત ચાર ભાગોમાં વહેંચી વિસ્તાર કરીને માનવજાત માટે સરળ બનાવ્યાં, તેથી તેમને વેદવ્યાસ કહેવામાં આવ્યા. તેમનું મૂળ નામ હતું કૃષ્ણ દ્વૈપાયન, કારણ કે તેમનો રંગ કૃષ્ણ એટલે કે ઘેરો કાળો હતો, અને તેમનો જન્મ દ્વીપ એટલે કે ટાપુ પર થયો હતો. એમનાં પિતા મહર્ષિ પરાશર માતા સત્યવતી જે રાજા શંતનુની પત્ની, માછીમાર કન્યા હતી. યમુના અને ગંગા નદીઓના સંગમ પાસે એક દ્વીપ પર જન્મ થયો, તેથી તેમનું નામ પડ્યું કૃષ્ણ દ્વૈપાયન પડ્યું. તેમની પત્નીનું નામ વિદુરા, અને પરિચર એમ એક અન્ય સ્ત્રી વિશેની વાત છે. પુત્ર શુકદેવજી છે જે ભાગવત પુરાણનાં વક્તા અને મહાયોગી. વ્યાસજી હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનાં અવિસ્મરણીય આધાર સ્તંભ ગણાય છે. તેમના કાર્ય ખૂબ વિશાળ અને દિવ્ય છે, અને એ ભગવાન વિષ્ણુનાં અંશ અવતાર માનવામાં આવે છે. એમણે એક વેદના ચાર ભાગમાં વિભાજીત કર્યા અને આ ઉપરાંત અઢાર મહા પૂરાણની રચના કરી. ઉપનિષદીય સૂત્રોનું બ્રહ્મસૂત્ર લખ્યું! અને મહાભારત કે જેને પંચમ વેદની ઉપમા મળી છે એ લખ્યું! મૂળમાં માનવીને ધર્મ અર્થ કામ અને મોક્ષ ના ચાર આધાર સ્તંભ આપી જીવનને સુવ્યવસ્થિત કરવાની પ્રેરણા આપી છે.

એમણે મહાભારત નામનું આ આખું મહાકાવ્ય 18 પર્વ માં એટલે કે અધ્યાયમાં લખ્યું છે! અને જેમાં કુરુ વંશનો ઈતિહાસ કુરુક્ષેત્રનું યુદ્ધ અને કૌરવ પાંડવોનું વર્ણન આવે છે. આ 18 પર્વનાં નામ મહાભારતમાં ઘટતી ઘટના અનુસાર છે:

*આદિ પર્વ,કુરુવંશનો ઈતિહાસ અને પાંડવોનો જન્મ.

*સભા પર્વ,દ્યુત ક્રીડા કે અને દ્રૌપદી વસ્ત્રહરણ.

*વન પર્વ, પાંડવોનો ૧૨ વર્ષનો વનવાસ.

*વિરાટ પર્વ, પાંડવોનો ૧ વર્ષનો અજ્ઞાતવાસ.

*ઉદ્યોગ પર્વ, યુદ્ધની તૈયારીઓ અને શાંતિ પ્રસ્તાવ.

*ભીષ્મ પર્વ, યુદ્ધનાં પ્રથમ 10 દિવસ અને ગીતાનો ઉપદેશ.

*દ્રોણ પર્વ, દ્રોણાચાર્યનું સેનાપતિપદ અને તેમનું મૃત્યુ.

*કર્ણ પર્વ, કર્ણનું સેનાપતિપદ અને અર્જુન દ્વારા વધ.

*શલ્ય પર્વ, શલ્યનું સેનાપતિપદ અને દુર્યોધનની ગદા યુદ્ધમાં હાર.

*સૌપ્તિક પર્વ, અશ્વત્થામા દ્વારા રાત્રે પાંડવોના પુત્રોની હત્યા.

*સ્ત્રી પર્વ, યુદ્ધમાં માર્યા ગયેલા વીરોની સ્ત્રીઓ દ્વારા વિલાપ.

*શાંતિ પર્વ, ભીષ્મ દ્વારા યુધિષ્ઠિરને રાજધર્મનો ઉપદેશ.

*અનુશાસન પર્વ, ભીષ્મ દ્વારા ધર્મના નિયમોનું શિક્ષણ.

*અશ્વમેધિક પર્વ, યુધિષ્ઠિરનો અશ્વમેધ યજ્ઞનું આયોજન.

*આશ્રમવાસિક પર્વ, ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીનું વનગમન.

*મૌસલ પર્વ, મૂશળો દ્વારા યાદવોનો વિનાશ.

*મહાપ્રસ્થાનિક પર્વ,પાંડવોની અંતિમ યાત્રા.

* સ્વર્ગારોહણ પર્વ.પાંડવોનું સ્વર્ગમાં ગમન.

તો મહાભારત એ વેદવ્યાસજીની સૌથી વિશાળ કૃતિ છે, અને લગભગ 1,00,000 થી વધુ શ્લોકો ધરાવતું વિશ્વનું સૌથી મોટું મહાકાવ્ય ગણવામાં આવે છે. જેમાં પાંડવો અને કૌરવોની કથાનક દ્વારા નીતિ, ધર્મ, યોગ અને ભક્તિનો ઉપદેશ છે. આજે જેને સર્વોચ્ચ ગ્રંથનું સ્થાન મળ્યું છે એ ભગવદ ગીતા ભીષ્મ પર્વનાં અધ્યાય 23થી 40 વચ્ચે આવે છે.

આપણાં જીવનમાં આ બેય વૈદિક ગ્રંથોની મહત્તા વધારવાં માટેનો શ્રેય આપણાં કથાકારોને પણ જાય છે, અને એમાં પણ તુલસીદાસજી કૃત રામચરિત માનસની ચોપાઈઓ વિશ્વ ફલક પર પ્રસ્તુત કરી, લોક માનસમાં અંકિત કરવા માટે પૂજ્ય બાપુને વંદન કરવા ઘટે. આ ઉપરાંત રામાનંદ સાગરની રામાયણ સિરિયલથી આ કથાનાં પાત્રોનો ઉત્કૃષ્ટ અભિનય એ ચરિત્રોને જીવંત કરી દીધાં. એવી જ રીતે યશ ચોપરાની મહાભારત એ પણ શ્રીકૃષ્ણ પાંચ પાંડવ, કૌરવો, અને એમાં પણ ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, કર્ણ, અને શકુની, ભીષ્મ, અને ખાસ કરીને એનાં ટાઈટલ સોંગ માટે હજી પણ યાદ કરવામાં આવે છે. આજની જનરેશનને કહેવું હોય તો, મોરલ ઓફ ધ સ્ટોરી, કોઈનાં ભાગનું પચાવી પાડેલું પચતું નથી! અને સુખ સમૃદ્ધિ માટેનાં યુદ્ધમાં જીતવા છતાં એ સુખ સમૃદ્ધિ શાંતિ આપી શકતી નથી! માટે હજી ચેતી જઈએ! આપણે સૌ મહર્ષિ વેદવ્યાસના જ્ઞાનને સરળતાથી આત્મસાત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# રાજકોટમાં 5,568 વિધાર્થીઓની NEET પરીક્ષાનો પ્રારંભ, સૌરાષ્ટ્રના 33,303 ઉમેદવારોની માધ્યમિક શિક્ષક બનવા માટેની પ્રિલિમ્સ એક્ઝામ



રાજકોટ, તા.03

ભારતમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ધોરણ 12 સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટેની UG NEET (અન્ડર ગ્રેજ્યુએશન નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જેમાં દેશમાં 22.79 લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે જ્યારે રાજકોટમાં 5568 વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ ચૂકી છે. એડમિટ કાર્ડ સાથે વિદ્યાર્થીઓને એન્ટ્રી આપવામાં આવી હતી. આ ઉપરાંત પેડ, બોલપેન સહિતની ચીજવસ્તુઓ બહાર મૂકાવવામાં આવી હતી. ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ સાથે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ સાથે જ બપોર બાદ એટલે કે 3 થી 6 ધોરણ 9 અને 10 માં શિક્ષક બનવા માટેની TAT - 1 ની પ્રિલિમ્સ પરીક્ષા લેવામાં આવી હતી. આજે ઉનાળાના આકરા તાપમાં વિદ્યાર્થીઓની સાથે વાલીઓની પણ કસોટી થઈ હતી.

વિદ્યાર્થી યુવરાજ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વિરાણી હાઈસ્કૂલમાં અભ્યાસ કરું છું અને NEET ની પરીક્ષા આપવા માટે આવ્યો છું અને ખૂબ જ સારી તૈયારી છે. જેના માટે બે વર્ષ મહેનત કરી છે. ભવિષ્યમાં MBBS કરવાની આશા છે. ક્લાઈમેટ ચેન્જ થાય તે રીતે તડકો તો વધવાનો જ છે પરંતુ તેનાથી પરીક્ષામાં કઈ ફેર નહિ પડે. મારા પરિવારમાંથી કોઈ મેડિકલ લાઈનમાં નથી એટલા માટે જ આ ક્ષેત્રમાં મેં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે મોરબી નિર્મલ વિદ્યાલયના બાયોલોજીના શિક્ષક ભાર્ગવ પટેલે જણાવ્યું હતું કે, મેડિકલ અને પેરામિડિકલની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટેની આ પરીક્ષા છે. જે વિદ્યાર્થીઓ ધોરણ 11 અને 12 માં ડે ટુડે વર્ક કરે છે તેઓને સો ટકા સારું રિઝલ્ટ આવે છે.

રાજકોટ શહેરમાં 12 કેન્દ્રો પર 5,568 વિદ્યાર્થીઓ છે. જેમાં 1 સવાલ ખોટો પડે તો સાચામાંથી એક માર્ક કપાશે. જેમાં પરીક્ષા શરૂ થયાના દોઢ કલાક પહેલાથી એડમિટ કાર્ડના આધારે એન્ટ્રી શરૂ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત આજે બપોરે 3 થી 6 ધોરણ 9 અને 10માં શિક્ષક બનવા માટેની પ્રિલિમ્સ પરીક્ષા હતી. જેમાં સૌરાષ્ટ્રના 33,303 ઉમેદવારોની રાજકોટમાં પરીક્ષા હતી. આ પ્રિલિમ્સ પરીક્ષામાં 0.25 માઈનસ સિસ્ટમ રાખવામાં આવી છે.

મેડિકલમાં પ્રવેશ માટેની UG NEET ની પરીક્ષા 3 મે ના બપોરે 2 થી 5 વાગ્યા દરમિયાન લેવામાં આવશે.1.30 વાગ્યે એક્ઝામ સેન્ટરનો ગેટ બંધ કરી દેવામાં આવ્યો હતો. જે માટે વિદ્યાર્થીઓને એડમિટ કાર્ડ સાથે 11.30 વાગ્યાથી એન્ટ્રી શરૂ કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થીઓની બાયોમેટ્રિક હાજરી પૂરવાની હોવાથી દરેક વિદ્યાર્થીઓ માટે એન્ટ્રીનો સમય અલગ અલગ રાખવામાં આવ્યો હતો. 720 માર્કની પરીક્ષામાં 4- 4 માર્કના 90 પ્રશ્નો બાયોલોજીના, 45- 45 પ્રશ્નો કેમેસ્ટ્રી અને ફિઝિક્સના હતા. જેમાં એક સવાલ ખોટો પડતા સાચા પ્રશ્નોમાંથી એક માર્ક કપાશે. આ પરીક્ષા પેન અને પેપર મોડ પર હશે. જેમાં વિદ્યાર્થીઓને પરીક્ષાની પ્રથમ એક કલાક અને છેલ્લી અડધી કલાક વોશરૂમ જવા દેવામાં નહીં આવે અને જો જાય તો ફરીથી તેની બાયોમેટ્રિક હાજરી પૂરવામાં આવશે અને તેથી વિદ્યાર્થીઓને સમય બગડશે. જેથી આ સમય દરમિયાન વિદ્યાર્થીઓ શક્ય હોય તો પરીક્ષા કેન્દ્રની બહાર ન નીકળવું.

# આપણે જે આનંદ કરીએ છીએ તે કરેલા સારા કર્મોનું પરિણામ જ છે,બાકી તકલીફ તો. મનુષ્ય અવતારમાં ભગવાનને પણ પડી હતી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



દરેક માણસના જીવનમાં કોઈ ને કોઈ 'પથ્થર' આડો આવીને ઊભો રહી જાય છે. ક્યારેક તે સંબંધોનો ગેરસમજનો પથ્થર હોય, ક્યારેક આળસનો,તો ક્યારેક ડરનો. આપણે એને વર્ષો સુધી મોટો, અડગ અને અજેય માનીને એની સાથે અથડાયા કરીએ છીએ. હળ તૂટે, મન દુભાય, સમય વેડફાય, છતાં હિંમત કરીને એને ઉખેડવાનું મન નથી થતું. આ લેખ એક ખેડૂતની સાદી વાર્તાથી શરૂ થઈને શ્રીકૃષ્ણ પ્રત્યેની ગોપીઓની આરત સુધી વિસ્તરે છે. બંને પ્રસંગો એક જ સત્ય સમજાવે છે: સમસ્યા મોટી નથી હોતી, આપણો ભ્રમ મોટો હોય છે. અને જ્યારે હૃદયમાં પ્રેમ, શ્રદ્ધા કે સંકલ્પનો પાવડો પડે ત્યારે પહાડ જેવી મુશ્કેલી પણ કાંકરો બની જાય છે. આ લેખ વાંચ્યા પછી કદાચ તમે પણ તમારા ખેતરનો 'નાનો પથ્થર' શોધીને આજે જ ઉખેડી નાખશો.એકવાર એક ખેડૂત તેના ખેતરમાં જઈ રહ્યો હતો. રસ્તામાં જમીન ઉપરથી એક પથ્થરનો ભાગ બહાર નીકળેલો હતો. ઉતાવળમાં ખેડૂતની ઠેસ વાગી અને તે પડી ગયો. પહેલા દિવસે એમ થયું કે 'ચાલ, ક્યારેક થઈ જાય'. પણ પછી તો એ રોજનો ક્રમ બની ગયો. રોજ ઠેસ વાગે, રોજ હળનો દાંતો ભાંગે, રોજ બળદ છંછેડાય. ખેડૂત મનમાં બબડે, 'આ પથ્થર નડતરરૂપ છે',છતાં એને કાઢવાની હિંમત ન કરે.

એક સવારે ફરી એ જ ઘટના બની. નવું હળ લઈને નીકળેલો ખેડૂત ફરી પથ્થર સાથે અથડાયો. આ વખતે હળની ડાંડી જ તૂટી ગઈ. ખેડૂતનો પિત્તો ગયો. વર્ષોનો ગુસ્સો, નુકસાન અને શરમ એકસાથે ઉભરાઈ આવ્યાં. એ સીધો ગામમાં ગયો. ચાર પાંચ જુવાનિયાઓને બોલાવ્યા અને કહ્યું, 'ભાઈ, આજે આ પથ્થરનો ફેંસલો કરવો છે. વર્ષોથી મને હેરાન કરે છે. આજે ઉખેડીને ફેંકી જ દેવો છે.' બધા કોદાળી, ત્રિકમ લઈને ખેતરે પહોંચ્યા.ખેડૂતે જોરથી પહેલો ઘા કર્યો.બીજો ઘા કર્યો ત્યાં તો આશ્ચર્ય! આખો પથ્થર ડોલીને બહાર આવી ગયો. એ કોઈ પહાડ નહોતો. માંડ બે ફૂટનો નાનો પથ્થર હતો, જે ઉપરથી મોટો લાગતો હતો કારણ કે બાકીનો ભાગ માટીમાં ધરબાયેલો હતો.

મજૂરોમાંથી એક જણ હસી પડ્યો, 'કાકા, તમે તો કહેતા હતા કે ખેતર વચ્ચે મોટો પથ્થર દટાયેલો છે. આ તો છોકરું પણ ઊંચકી લે એવડો નીકળ્યો!'

ખેડૂત શરમથી પાણી પાણી થઈ ગયો. જેને વર્ષો સુધી 'મોટી આફત' સમજી એ માત્ર 'નાનો ભ્રમ' નીકળ્યો. તે દિવસે એને સમજાયું કે તકલીફ પથ્થરની નહોતી, પોતાની ઢીલાશની હતી. જો પહેલા દિવસે જ હિંમત કરી હોત તો ન હળ તૂટત, ન સમય બગડત, ન ગામમાં હાંસી થાત.

આપણા જીવનમાં પણ આવા 'નાના પથ્થર' ઘણા છે. દીકરા સાથે મનદુઃખ છે પણ 'એ નહિ સમજે' એમ માનીને વાત નથી કરતા. ધંધામાં નવી ટેકનોલોજી શીખવાની છે પણ 'હવે ઉંમર થઈ' એમ કહીને ટાળીએ છીએ. સવારે વહેલા ઉઠવું છે પણ મારા થી નહિ થાય' એવો પથ્થર મન માં જમાવી દીધો છે.વર્ષો સુધી આપણે એ પથ્થર સાથે અથડાઈએ છીએ અને નુકસાન વેઠીએ છીએ. જરૂર છે માત્ર એક ઘા મારવાની. પહેલો ઘા હિંમતનો,બીજો ઘા નિયમિતતા નો ત્રીજો ઘા વાગે એ પહેલાં જ ખબર પડશે કે આ તો કાંકરો હતો.હવે આ વાતને શ્રીકૃષ્ણના પ્રેમ સાથે જોડીએ. ગોપીઓનું જીવન પણ એક 'પથ્થર' સાથે જોડાયેલું હતું: વિરહનો પથ્થર. શ્રીકૃષ્ણ સવારે ગાયો ચરાવવા વ્રજથી નીકળે ત્યારે ગોપીઓના જીવ તરફડે. એક એક પળ યુગ જેવી લાગે. આ વિરહ એટલો મોટો લાગે કે જાણે હૃદયમાં પહાડ મૂક્યો હોય. પણ સાંજે જ્યારે કાનુડો પાછો ફરે,ત્યારે એનું મુખકમળ ગાયોની ચરણ રજથી ધૂસરું થયેલું હોય, કાળા વાંકડિયા કેશ વિખરાયેલા હોય, અને અધર પર મોરલીના સ્પર્શ થી મીઠાશ નીતરતી હોય. બસ, દર્શનમાત્રથી વિરહનો પહાડ પીગળીને ઝરણું બની જાય. આપણા જીવનમાં પણ આવા 'નાના પથ્થર' ઘણા છે. દીકરા સાથે મનદુઃખ છે પણ 'એ નહિ સમજે' એમ માનીને વાત નથી કરતા. ધંધામાં નવી ટેકનોલોજી શીખવાની છે પણ 'હવે ઉંમર થઈ' એમ કહીને ટાળીએ છીએ. સવારે વહેલા ઉઠવું છે પણ મારા થી નહિ થાય' એવો પથ્થર મન માં જમાવી દીધો છે.વર્ષો સુધી આપણે એ પથ્થર સાથે અથડાઈએ છીએ અને નુકસાન વેઠીએ છીએ. જરૂર છે માત્ર એક ઘા મારવાની. પહેલો ઘા હિંમતનો,બીજો ઘા નિયમિતતા નો ત્રીજો ઘા વાગે એ પહેલાં જ ખબર પડશે કે આ તો કાંકરો હતો.હવે આ વાતને શ્રીકૃષ્ણના પ્રેમ સાથે જોડીએ.

ગોપીઓનું જીવન પણ એક 'પથ્થર' સાથે જોડાયેલું હતું: વિરહનો પથ્થર. શ્રીકૃષ્ણ સવારે ગાયો ચરાવવા વ્રજથી નીકળે ત્યારે ગોપીઓના જીવ તરફડે. એક એક પળ યુગ જેવી લાગે. આ વિરહ એટલો મોટો લાગે કે જાણે હૃદયમાં પહાડ મૂક્યો હોય. પણ સાંજે જ્યારે કાનુડો પાછો ફરે,ત્યારે એનું મુખકમળ ગાયોની ચરણ રજથી ધૂસરું થયેલું હોય, કાળા વાંકડિયા કેશ વિખરાયેલા હોય, અને અધર પર મોરલીના સ્પર્શ થી મીઠાશ નીતરતી હોય. બસ, દર્શનમાત્રથી વિરહનો પહાડ પીગળીને ઝરણું બની જાય.

ગોપીઓ કહે છે:હે કૃષ્ણ,તમારાં ચરણ પૃથ્વીના શણગાર છે. એ ચરણ અમારા હૃદય પર મૂકો એટલે બધો તાપ શાંત થઈ જાય તમારું અધરામૃત એવું છે કે ચક્રવર્તીનું સુખ પણ એની આગળ ફીક્કું લાગે.અમે પતિ, પુત્ર,લોકલાજ બધું છોડીને આવ્યાં છીએ, કારણ કે તમારા મધુર ગીતોએ અમને મોહિત કરી છે.હવે તમે નિષ્ઠુર ન બનો.

અહીં સમજવા જેવું એ છે કે ગોપીઓએ વિરહના પથ્થરને મોટો માનીને બેસી ન રહી. એમણે લોકલાજનો, સંબંધોનો, ભયનો પથ્થર એક ઝાટકે ઉખેડી નાખ્યો. કારણ કે એમને ખબર હતી કે પ્રેમના માર્ગમાં નડતર હોય તો એને પૂજવા ન બેસાય, હટાવી દેવાય.

આપણને પણ ઘણીવાર એમ લાગે કે'મારી તકલીફ બહુ મોટી છે'. નોકરી છૂટી ગઈ,ધંધામાં ખોટ ગઈ,સંબંધ તૂટી ગયો, બીમારી આવી. આ બધા પહાડ જેવા લાગે. પણ જેવો શ્રીકૃષ્ણ રૂપી શ્રદ્ધાનો, પુરુષાર્થનો, પ્રેમનો સ્પર્શ થાય એટલે ખબર પડે કે આ તો પથ્થર નહોતો, પડછાયો હતો.

બ્રહ્માજી પર ગોપીઓ ચિડાય છે કે તેણે આંખ પર પાંપણો કેમ બનાવી? કારણ કે પલકારો મારીએ એટલી વાર પણ કાનુડાનું મુખ દેખાતું બંધ થઈ જાય. એટલી ક્ષણનો વિયોગ પણ એમનાથી સહન નથી થતો. વિચારો, જેને ભગવાનની એક પલકની દૂરી ખટકે છે, એ ભગવાનથી વર્ષો દૂર રહેનારું આપણું મન કેટલું ટેવાઈ ગયું છે? આપણે તો વર્ષોથી પથ્થરને ફરતે ફરીએ છીએ, પણ એને કાઢવાની તાલાવેલી જ નથી જાગતી.

વાચક મિત્રો,આજે સંકલ્પ કરો. તમારા ખેતરમાં, એટલે કે તમારા જીવનમાં, કયો પથ્થર વર્ષોથી નડે છે એ શોધો.કદાચએ અધૂરો અભ્યાસ છે, કદાચ કોઈની માફી માંગવાની બાકી છે, કદાચ વ્યસન છે,કદાચ આળસ છે. એને'મોટો'માનવાનું બંધ કરો. કોદાળી ઉપાડો. પહેલો ઘા મારો. માનો કે પહેલા જ ઘાએ એ નીકળે,તો બીજો મારો.ચોથે કે પાંચમે ઘાએ નક્કી બહાર આવી જશે.કારણ કે મોટા ભાગની સમસ્યાઓ હકીકતમાં વીસ ટકા જ હોય છે, એંસી ટકા તો આપણો ડર અને ઢીલાશ હોય છે.યાદ રાખો, પથ્થર ઉખેડ્યા પછી ખેતરમાં જ નહિ મનમાં પણ નવું હળચાલશે નવા બીજ વવાશે.નવી લીલોતરી ફૂટશે. અને જ્યારે શ્રીકૃષ્ણરૂપી કૃપા તમારા હૃદયના ખેતરમાં પધારશે ત્યારેએ ખેતર ગોકુળ બનીજશે.ત્યાં વિરહ નહિ હોય,આનંદની વાંસળી વાગશે માટે,આજે જ તમારા'નાના પથ્થર'ને 'મોટી શીખ' બનાવો. ઉખેડો,ફેંકો અને આગળ વધો. અસ્તુ. વાચક મિત્રો,આજે સંકલ્પ કરો. તમારા ખેતરમાં, એટલે કે તમારા જીવનમાં, કયો પથ્થર વર્ષોથી નડે છે એ શોધો.કદાચએ અધૂરો અભ્યાસ છે, કદાચ કોઈની માફી માંગવાની બાકી છે, કદાચ વ્યસન છે,કદાચ આળસ છે. એને'મોટો'માનવાનું બંધ કરો. કોદાળી ઉપાડો. પહેલો ઘા મારો. માનો કે પહેલા જ ઘાએ એ નીકળે,તો બીજો મારો.ચોથે કે પાંચમે ઘાએ નક્કી બહાર આવી જશે.કારણ કે મોટા ભાગની સમસ્યાઓ હકીકતમાં વીસ ટકા જ હોય છે, એંસી ટકા તો આપણો ડર અને ઢીલાશ હોય છે.યાદ રાખો, પથ્થર ઉખેડ્યા પછી ખેતરમાં જ નહિ મનમાં પણ નવું હળચાલશે નવા બીજ વવાશે.નવી લીલોતરી ફૂટશે. અને જ્યારે શ્રીકૃષ્ણરૂપી કૃપા તમારા હૃદયના ખેતરમાં પધારશે ત્યારેએ ખેતર ગોકુળ બનીજશે.ત્યાં વિરહ નહિ હોય,આનંદની વાંસળી વાગશે માટે,આજે જ તમારા'નાના પથ્થર'ને 'મોટી શીખ' બનાવો. ઉખેડો,ફેંકો અને આગળ વધો. અસ્તુ.

# 90 શાળાનાં 24,000 બાળકોનાં જઠરાગ્નિ ઠરે છે : રાજકોટનાં હાઈટેક કિચનમાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે, શાકભાજી કટિંગ, અનાજ સાફ કરવામાં આધુનિક મશીનનો ઉપયોગ

**રાજકોટ, તા.03**

રાજકોટ શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 90 શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે 24,000 બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજકોટમાં એક હાઈ-ટેક સેન્ટ્રલાઈઝ્ડ કિચન કાર્યરત કરવામાં આવ્યું છે. શાસ્ત્રી મેદાન પાસે આવેલું આ રસોડું ટેકનોલોજી અને સેવાનું અદભૂત ઉદાહરણ પૂરું પાડે છે, જ્યાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે. શાકભાજી કટિંગ, અનાજ સાફ કરવામાં આધુનિક મશીનનો ઉપયોગ કરવામાં આવે છે અને તૈયાર થયેલું પૌષ્ટિક ભોજન ગણતરીના કલાકોમાં હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. દરરોજ સરેરાશ બે હજાર કિલોથી વધુ ભોજન અહીં તૈયાર કરાય છે, જ્યારે રોટલી પીરસવાની હોય ત્યારે આંકડો વધીને 3,000 કિલો (અંદાજે 3 ટન) સુધી પહોંચે છે.

ઉલ્લેખનીય છે કે, બાળકો રાષ્ટ્રનું ભાવિ છે અને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે ઉત્તમ સ્વાસ્થ્ય પણ એટલું જ અનિવાર્ય છે. આ ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પીએમ પોષણ યોજના (મધ્યાહન ભોજન) અને મુખ્યમંત્રી પૌષ્ટિક આલ્પાહાર યોજના કાર્યરત કરવામાં આવી છે.

**RMC દ્વારા સેન્ટ્રલાઈઝ્ડ કિચનની વ્યવસ્થા કરાઈ**

પીએમ પોષણ યોજનાના ઈન્ચાર્જ નાયબ કલેક્ટર બી.એલ. કાથરોટીયાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, રાજકોટની 90 શાળાનાં 24,000 બાળકોને નિયમિત ગરમ ભોજન અને સવારનો નાસ્તો મુખ્યમંત્રી અલ્પાહાર યોજના અંતર્ગત પીરસવામાં આવે છે. આ માટે રાજકોટ કોર્પોરેશન દ્વારા સેન્ટ્રલાઈઝ્ડ કિચનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ કિચનમાં રસોઈ માટે આધુનિક મશીનરીઓ જેવી કે રોટલી બનાવવાના મશીન અને સ્ટીમ બેઈઝ્ડ કુકિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે.

**1 કલાકમાં 25,000 બાળકોની રસોઈ તૈયાર કરી શકાય**

આ સિસ્ટમ દ્વારા 25,000 બાળકોની રસોઈ માત્ર 1 કલાકમાં તૈયાર કરી શકાય છે. આ કામગીરી માટે 30થી 35 વ્યક્તિઓનો સમર્પિત સ્ટાફ કાર્યરત છે, જે સવારના 5:30 થી 7:30 વાગ્યા સુધીમાં રસોઈ તૈયાર કરી લે છે. આ તૈયાર ભોજન શાળાઓ સુધી સમયસર પહોંચાડવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે 11 ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે અને દરેક ક્લસ્ટર દીઠ સ્પેશિયલાઈઝ્ડ સ્ટીલના કન્ટેનર ધરાવતા વાહનોની ફાળવણી કરવામાં આવી છે. આ કન્ટેનરમાં ભોજન લાંબા સમય સુધી ગરમ રહે છે.

**લાપસી, સુખડી, વેજ પુલાવ જેવી વાનગીઓનો સમાવેશ**

વધુમાં જણાવ્યું કે, મધ્યાહન ભોજન યોજના (PM પોષણ) અંતર્ગત બાળકોને પૂરતા પ્રમાણમાં કેલરી અને પ્રોટીન મળી રહે તે હેતુથી સરકાર દ્વારા સાપ્તાહિક મેનૂ ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે. આ મેનૂમાં વિવિધતા લાવવા માટે લાપસી, સુખડી, મિલેટ સુખડી, વેજ પુલાવ, વેજીટેબલ ખીચડી, મિલેટ ચાટ અને દાળ-ઢોકળી જેવી વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમગ્ર યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ દ્વારા ચલાવવામાં આવે છે.

**યોજના પાછળ વાર્ષિક રૂ. 7 કરોડનો ખર્ચ**

આ યોજના પાછળ વાર્ષિક અંદાજે રૂ. 7 કરોડનો ખર્ચ થાય છે, જેની સંપૂર્ણ ગ્રાન્ટ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. ખોરાકની ગુણવત્તા જાળવવા માટે મધ્યાહન ભોજન યોજનાનો સ્ટાફ નિયમિતપણે સેન્ટ્રલ કિચન અને શાળાઓની મુલાકાત લે છે. ફૂડ વિભાગ દ્વારા પણ તૈયાર ખોરાકના સેમ્પલ લઈને તેનું પરીક્ષણ કરવામાં આવે છે. આ ઉપરાંત, અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને કાચા માલ અને તૈયાર ભોજનની ચકાસણી કરવામાં આવે છે તેમજ શિક્ષકો અને આચાર્યો પાસેથી ફીડબેક મેળવીને જરૂરી સુધારા-વધારા પણ કરવામાં આવે છે.

**તમામ બાળકોને એકસમાન સ્વાદ અને ક્વોલિટીવાળું ભોજન**

ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા નક્કી કરાયેલા મેનુ મુજબ સપ્તાહના બધા દિવસ બાળકોને અલગ-અલગ વાનગીઓ પીરસવામાં આવે છે. જેમાં બાફેલી, શેકેલી અને વઘારેલી વસ્તુઓનો સમાવેશ થાય છે. પરંપરાગત ભારતીય વાનગીઓ બાળકોને પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને ન્યુટ્રીશન પૂરું પાડે છે.

અગાઉ દરેક શાળામાં અલગ-અલગ રસોઈ બનતી હતી, પરંતુ આ સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમને કારણે હવે તમામ બાળકોને એકસમાન સ્વાદ અને ક્વોલિટીવાળું ભોજન મળી રહ્યું છે.

## સુરત જિલ્લાનાં પ્રતિભાશાળી શિક્ષક રાજેશ સોલંકી નેશન'સ પ્રાઈડ એવોર્ડ ૨૦૨૬ તથા માનદ ડોક્ટરેટથી પદવીથી સન્માનિત

**સુરત, તા.03**

સુરત જિલ્લાનાં પલસાણા તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત લિંગડ પ્રાથમિક શાળામાં વર્ષોથી સમર્પિત ભાવના સાથે શૈક્ષણિક સેવા આપતા કર્તવ્યનિષ્ઠ અને પ્રતિભાશાળી શિક્ષક રાજેશ નાગજીભાઈ સોલંકીને શિક્ષણ ક્ષેત્રે તેમનાં અનન્ય સર્જનાત્મક અને પ્રેરણાદાયક યોગદાન બદલ રાષ્ટ્રીય સ્તરે ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. રાજેશ સોલંકીને પ્રતિષ્ઠિત Gyan Uday Foundation દ્વારા Nation's Pride Award 2026 એનાયત કરવામાં આવ્યો છે, જે શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર વ્યક્તિઓને અપાતું એક વિશિષ્ટ રાષ્ટ્રીય સન્માન છે. વધુમાં, Well Educational And Peace Council દ્વારા તેમને Doctorate in Education (માનદ ડોક્ટરેટ) એવોર્ડ 2026 માટે પસંદ કરવામાં આવ્યા છે. જે તેમનાં કુશળ નેતૃત્વ, સંશોધનાત્મક અભિગમ અને સમાજ પ્રતિ પ્રતિબદ્ધતાને માન્યતા આપે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજેશ સોલંકી લાંબા સમયથી ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓમાં ગુણવત્તાસભર શિક્ષણ, મૂલ્ય આધારિત અભ્યાસ અને સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નશીલ રહ્યાં છે. તેમની શિક્ષણ પદ્ધતિમાં નવીનતા, શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ અને વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ ખાસ નોંધપાત્ર છે. તેમનાં માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ શૈક્ષણિક તથા સહ-પાઠ્ય પ્રવૃત્તિઓમાં ઉત્તમ સિદ્ધિઓ હાંસલ કરી છે. આ દ્વિવિધ સન્માન માત્ર તેમનાં વ્યક્તિગત યોગદાનને જ નહીં, પરંતુ સમગ્ર ગ્રામ્ય શિક્ષણ પ્રણાલી માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. તેમની આ સિદ્ધિથી સુરત જિલ્લા તેમજ સમગ્ર શિક્ષણ જગતમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક આગેવાનો, શિક્ષણવિદો અને ગ્રામજનો દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે તથા તેમને ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવા અંગે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

## 'માતાજીની કૃપાથી રોકાયેલા નાણાં બમણા થઈ જશે' : વલસાડના વૃદ્ધ પાસે 'અઘોરી બાબા' બની ઓનલાઈન ₹19.60 લાખ પડાવ્યા

**વલસાડ, તા.03**

લાલચ આપી વૃદ્ધોને નિશાન બનાવતી એક શાતીર ગેંગનો વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. ઈન્ટરનેટના માધ્યમથી 'અઘોરી બાબા' અને 'ગુરુજી' હોવાનો ડોળ કરી ચમત્કારના નામે લાખોની છેતરપિંડી કરનારા મહીસાગર જિલ્લાના 5 શખસોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ 'માતાજીની કૃપાથી રોકાયેલા નાણાં બમણા થઈ જશે' કહી વલસાડના એક સિનિયર સિટીઝન પાસેથી કુલ 19.60 લાખ રૂપિયા ખંખેર્યા હતા.

**સમગ્ર મામલો શું હતો?**

વલસાડના ઉમરગામ તાલુકામાં રહેતા 76 વર્ષીય વૃદ્ધને અજાણ્યા ઠગોએ શિકાર બનાવ્યા હતા. આરોપીઓએ ફોન પર પોતાની ઓળખ 'અઘોરી બાબા' તરીકે આપી વૃદ્ધને વિશ્વાસમાં લીધા હતા. ઠગોએ એવી લાલચ આપી હતી કે, 'માતાજીની કૃપાથી તમારા રોકાયેલા નાણાં બમણા થઈ જશે.' આ માયાવી જાળમાં ફસાઈને વૃદ્ધે અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ 19,60,500 રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. અંતે છેતરાયાનો અહેસાસ થતા પીડિત પરિવારે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

**પોલીસ ઓપરેશન અને ધરપકડ**

વલસાડ એસ.પી. યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એચ.જી. રબારી અને તેમની ટીમે તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસને કડી મળી હતી કે આ છેતરપિંડીનું નેટવર્ક મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાંથી ચલાવવામાં આવે છે. પોલીસે વીરપુરમાં વોચ ગોઠવી સ્થાનિક બાતમીદારોની મદદથી લીમડા ભાગોળ વિસ્તારમાંથી 5 આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

**ઝડપાયેલા આરોપીઓ**

- નૌમાનખાન મહેબુબખાન પઠાણ (25)
- અજાજખાન જાફરુલ્લાખાન પઠાણ (32)
- સલમાનખાન જાફરુલ્લાખાન પઠાણ (34)
- સમીરખાન જાફરૂલ્લાખાન પઠાણ (26)
- ઈરફાન ઈસ્માઈલ શેખ (35)

પોલીસે આ ગઠિયાઓ પાસેથી ગુનામાં વપરાયેલા 5 મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે.

**પોલીસની જનતાને અપીલ**

વલસાડ પોલીસે નાગરિકોને સાવચેત કરતા જણાવ્યું છે કે:તાંત્રિક વિધિથી પૈસા બમણા કરવાનો દાવો સંપૂર્ણપણે ખોટો અને ભ્રામક છે. ચમત્કારિક વચનો આપતા અજાણ્યા લોકો પર વિશ્વાસ કરી ઓનલાઈન નાણાંની લેવડદેવડ ન કરવી. કોઈપણ શંકાસ્પદ કોલ આવે તો ગભરાયા વગર તુરંત જ 1930 સાયબર હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવો.

## ધજાળામાં ડસ્ટર કારમાંથી ₹6.01 લાખનો દારૂ ઝડપાયો : 957 બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કરાયો

**સુરેન્દ્રનગર, તા.03**

સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ધજાળા પોલીસ સ્ટેશન વિસ્તારના નડાળા-ગોરૈયા ગામના કાચા માર્ગેથી એક ડસ્ટર ગાડીમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ 6,01,100 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં 1,01,100 ની કિંમતની 957 નંગ દારૂની બોટલો અને બિયરનો સમાવેશ થાય છે. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ (IPS) એ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, ગુનાઓ અટકાવવા અને દારૂ-જુગાર જેવી બદીઓ નાબૂદ કરવા માટે ખાસ એક્શન પ્લાન બનાવ્યો હતો. આ અંતર્ગત LCB પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજાને અસરકારક કામગીરી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સૂચનાના આધારે, LCB પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજા, પો.સબ.ઈન્સ. જે.વાય. પઠાણ અને પેરોલ ફર્લો સ્કોડના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ. એન.એ. રાયમાએ અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. LCB ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે, નડાળા-ગોરૈયા ગામના સીમ વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન, એક ડસ્ટર ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 180 ML ની 741 બોટલો (ચપલા) કિંમત 74,100 અને 216 નંગ બિયર ટીન કિંમત 27,000 મળી આવ્યા હતા. આમ, કુલ 1,01,100 નો દારૂનો જથ્થો અને 5,00,000 ની કિંમતની ડસ્ટર કાર મળી કુલ 6,01,100 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

### રાજકોટમાં કૌટુંબિક બહેનના એક તરફી પ્રેમમાં પાગલ ભાઈની ધરપકડ

## હાથમાં સગીરાના નામનું ટેટુ કરાવ્યું, સોશિયલ મીડિયામાં સ્ટેટ્સ મુકતો, કેરોસીન છાંટી મારી નાખવાની ધમકી પણ આપી'તી

**રાજકોટ, તા.03**

રાજકોટ શહેરમાં વધુ એક સગીરા સાથે અડપલાં અને છેડતીની ઘટના સામે આવી છે. જેમાં 14 વર્ષીય સગીરાને તેના કૌટુંબિક ભાઈએ એક તરફી પ્રેમમાં અડપલાં કરી તેના નામનું ટેટુ હાથમાં દોરવી સોશિયલ મીડિયામાં સ્ટેટ્સ અપલોડ કરી પજવણી કરતો હોવાની ફરિયાદ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. એટલું જ નહિ પ્રેમમાં તાબે ન થતા નરાધમે પોતાની કૌટુંબિક બહેનને કેરોસીન છાંટી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ તાલુકા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી એક તરફી પ્રેમમાં પાગલ ભાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સગીરાની માતાએ જણાવ્યું હતું કે, તેમની સગીર વયની દીકરી ધોરણ 10માં અભ્યાસ કરે છે અને તેમના ઘરમાં સાથે તેમનો ભાણેજ પણ રહે છે. ભાણેજ દ્વારા સગીર વયની દીકરી સાથે બળજબરી કરી હતી અને ગુપ્તાંગના ભાગે સ્પર્શ કરી શારીરિક અડપલા કરી અવારનવાર તેની છેડતી કરી હતી. એટલું જ નહીં દીકરીને ધમકી આપી હતી કે, જો તુ આ બાબતની કોઈને જાણ કરીશ તો તને કેરોસીન છાંટીને જાનથી મારી નાખીશ. મારી દીકરીના એક તરફી પ્રેમમાં પાગલ બની તેને દીકરીના નામનું ટેટુ પોતાના હાથમાં દોરાવ્યું હતું અને તેના ફોટા અને દીકરીના નામ સાથે સ્ટેટસ સોશિયલ મીડિયામાં અપલોડ કર્યા છે.

બનાવ અંગે ફરિયાદ નોંધી તાલુકા પોલીસે તાત્કાલિક રાજકોટ જિલ્લાના ધોરાજીના બહારપુરા વિસ્તારના 22 વર્ષીય યુવાનની ધરપકડ કરી આજ રોજ કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા તેને જેલહવાલે કરવાનો હુકમ કરતા તેને જેલ હવાલે કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા તપાસના કામે આરોપીનો મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે. હાલ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે આરોપી અને ભોગ બનનાર કૌટુંબિક મામા ફઈના ભાઈ બહેન થતા હોવાનું અને દીકરી ધોરણ 10માં અભ્યાસ કરતી હોવાનું તેમજ આરોપી રાજકોટમાં સ્ટીલના કારખાનામાં મજૂરી કામ કરતો હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા તપાસના કામે આરોપીનો મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે. હાલ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે આરોપી અને ભોગ બનનાર કૌટુંબિક મામા ફઈના ભાઈ બહેન થતા હોવાનું અને દીકરી ધોરણ 10માં અભ્યાસ કરતી હોવાનું તેમજ આરોપી રાજકોટમાં સ્ટીલના કારખાનામાં મજૂરી કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

### તાજેતરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જનતાએ અમને પ્રચંડ સમર્થન આપીને વિશ્વાસ અકબંધ રાખ્યો છે, આ પ્રેમનો નતમસ્તકે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ

# વિશ્વ આખું આજે ગુજરાતના વિકાસ મોડલથી પ્રભાવિત થઈને ગુજરાત તરફ આકર્ષાયું : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ થકી શરૂ થયેલી 'વાઈબ્રન્ટ સમિટ'ની સતત સફળતાને પગલે ગુજરાત આજે 'ગ્લોબલ ગેટ-વે ટુ ધી ફ્યુચર' અને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય બન્યું

**અમદાવાદ, તા.03**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશ અને દુનિયામાં વસતા સૌ વ્હાલા ગુજરાતી ભાઈ-બહેનોને રાજ્ય સરકાર અને મંત્રીમંડળના સૌ સભ્યો વતી ૦૧ મે-૨૦૨૬ના રોજ ૬૬માં 'ગુજરાત સ્થાપના દિન'ની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીનો ગુજરાત સ્થાપના-ગૌરવ દિન નિમિતે પ્રજાજોગ સંદેશ અક્ષરશઃ આ પ્રમાણે છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સ્થાપના દિન નિમિતે સંદેશો પાઠવતા જણાવાયું હતું કે, મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્માના આશીર્વાદ, પૂજ્ય રવિશંકર મહારાજ, ઈન્દુચાચા જેવા અનેક મહાપુરુષોની પ્રેરણા અને માર્ગદર્શન, લોકોનો અવિરત કઠોર પરિશ્રમ બધાના સહયોગથી ગુજરાતે પોતાની વિકાસ યાત્રા શરૂ કરી હતી. આજે એ સૌના ઋણ સ્વીકાર કરવાનો અવસર છે.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાત 1લી મે 1960ના દિવસે જ્યારે મુંબઈથી અલગ રાજ્ય બન્યું ત્યારે સૌના મનમાં પ્રશ્ન હતો કે માત્ર રણ, દરિયો અને ડુંગર ધરાવતું રાજ્ય કેવી રીતે આગળ વધશે. પરંતુ,1960થી 2000ના ચાર દાયકાની ગુજરાતની વિકાસયાત્રા અને વર્ષ 2001 પછીના અઢી દાયકાની અવિરત વિકાસયાત્રાનો દીવા જેવો સ્પષ્ટ ફરક સૌ કોઈ આજે જોઈ શકે છે. ગુજરાત આજે વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વ આખું ગુજરાત તરફ આકર્ષાયું છે.તેના મૂળમાં છે આપણને મળેલું શ્રી નરેન્દ્ર મોદી જેવું વિઝનરી નેતૃત્વ અને વિકાસ માટેની પ્રતિબદ્ધતા. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, શ્રી મોદી સાહેબે વિકાસની રાજનીતિનો યુગ ગુજરાતમાં વિકસાવ્યો. ગુજરાત તેમની પ્રેરણાથી આજે દેશના વિકાસનું રોલ મોડલ બની ગયું છે. જનતા જનાર્દને પણ આ અવિરત વિકાસ યાત્રાને સતત આગળ ધપાવવા માટે શ્રી મોદી સાહેબના નેતૃત્વમાં અપાર વિશ્વાસ અને ભરોસો મૂક્યો છે. એ જ ભરોસો અને વિશ્વાસ તમે સૌએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની તાજેતરની ચૂંટણીઓમાં પણ અમને પ્રચંડ સમર્થન આપીને અકબંધ રાખ્યો છે.આ પ્રેમનો નત મસ્તકે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવવા દરેક ક્ષેત્રે વિકાસની ચરમસીમા પાર કરીને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે. વડાપ્રધાનશ્રીએ વિજળી, પાણી, રોડ નેટવર્ક, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સેવાઓની બેઝિક જરૂરીયાતો સંતોષવા ઉપર ફોકસ કરીને આ બધા ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. આજે 'જ્યોતિગ્રામ યોજના'થી 24 કલાક સતત થ્રી ફેઈઝ વીજળી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ગામો સુધી મળી રહી છે. વીજળી ઉત્પાદનની ક્ષમતા 8,750 મેગાવૉટમાંથી વધીને લગભગ 53 હજાર મેગાવોટ થઈ છે. ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે, જ્યાં ગેસ ગ્રીડ, વોટરગ્રીડ અને ઈલેક્ટ્રીસિટી ગ્રીડનું નિર્માણ થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ઔદ્યોગિક-સાંસ્કૃતિક-સામાજિક વિકાસની સાથે આપણે અર્બન ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા 2025ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું અને શહેરી વિકાસ માટેનું બજેટ 40 ટકા વધાર્યુ છે. વેપારી રાજ્ય તરીકે ઓળખાતા ગુજરાતમાં મૂડીરોકાણ વધે, નવા વેપાર ઉદ્યોગો વિકસે તે માટે શ્રી નરેન્દ્રભાઈએ 2003થી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ સમિટની સતત સફળતાને પગલે ગુજરાત આજે 'ગ્લોબલ ગેટ-વે ટુ ધી ફ્યુચર' અને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય બન્યું છે. આપણા દરેક જિલ્લાની પોતાની આગવી પ્રોડક્ટ અને વિશેષ સ્ટ્રેન્થ છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી આપણે આ સ્ટ્રેન્થને 'વોકલ ફોર લોકલથી ગ્લોબલ પ્લેટફોર્મ' આપવા વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ શરૂ કરી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની આવી કોન્ફરન્સને જ્વલંત સફળતા મળી છે, હવે દક્ષિણ ગુજરાત પ્રદેશની વી.જી.આર.સી.નો ગુજરાત સ્થાપના દિવસથી સુરતમાં પ્રારંભ થયો છે. તેમણે ઉમેર્યુ કે, હવેનો જમાનો સોલાર, વિન્ડ અને હાઈબ્રીડ રીન્યુઅલ એનર્જીનો અને ગ્રીન હાઈડ્રોજનથી ગ્રીન ગ્રોથનો છે. ગુજરાતે તો એ દિશામાં ક્યારનુંય આયોજન કરી દીધું છે. આપણી રિન્યુએબલ એનર્જી કેપેસિટી દેશની કુલ કેપેસિટીના 15 ટકા થઈ છે. સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત ત્રણ લાખથી વધુ ઘરો આવરી લઈને બહુ આગળ નીકળી ગયું છે. એટલું જ નહીં, પરંપરાગત ઉદ્યોગોથી આગળ વધીને આપણે રાજ્યમાં હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ સ્થાપનાને વેગ આપ્યો છે. રાજ્યમાં બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયા છે અને બે હજુ થવાના છે. સાણંદ અને ધોલેરા સેમિકોન ઈન્ડસ્ટ્રીના હબ બનવાના છે. AI આધારિત ઉદ્યોગોને વેગ આપવા માટે ગિફ્ટ સિટી ખાતે એ.આઈ. સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.

તેમણે કહ્યુ કે, રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની પણ એટલી જ મહત્વની ભૂમિકા છે. નીતિ આયોગની મદદથી સુરત અને તેની આસપાસના વિસ્તારના સ્ટ્રેટેજીક ડેવલોપમેન્ટ માટે સુરત ઈકોનોમિક રિજીયન ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પણ આવા 6 રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યા છે. વિકાસની તકો વધારવાની સાથે સાથે લોકોનું જીવનધોરણ સરળ બને તે માટે આપણે 'અર્નિંગ વેલ લિવિંગ વેલ' પર ફોકસ કરીને 2047ના વિકસિત ગુજરાતનો રોડમેપ ઘડ્યો છે. દેશમાં એક માત્ર આપણું ગુજરાત જ એવું રાજ્ય છે જેને આવું આગવું વિકાસ વિઝન વિકસાવ્યું છે. 'અર્નિંગ વેલ અને લિવિંગ વેલ'ની વિભાવના સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે પર્યાવરણ અનુકૂળ વિકાસનું આપણું લક્ષ્ય છે. પર્યાવરણ જાળવણીથી ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા વડાપ્રધાનશ્રીએ 'મિશન લાઈફ'ની પ્રેરણા આપી છે. એનો પ્રતિસાદ આપતાં આપણે વરસાદી પાણીના સંચય માટે 'કેચ ધ રેઈન'ની રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી છે. 'એક પેડ માં કે નામ' અન્વયે વધુને વધુ વૃક્ષો વાવીને ધરતી માતાને હરિયાળી બનાવી છે. પર્યાવરણ જાળવણી સાથે સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે રમત-ગમતને પણ પ્રોત્સાહન આપીએ છીએ. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના સફળ પ્રયાસોથી ગુજરાતને 'કોમનવેલ્થ ગેમ્સ'ની યજમાની કરવાનો અવસર મળ્યો છે. આ કોમનવેલ્થ ગેમ્સથી વિશ્વને ભારતને આંગણે આવકારવા અને ગુજરાતને સ્પોર્ટ્સ હબ બનાવવા આપણે ઉચ્ચ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યાં છીએ. દેશની આઝાદીના 100 વર્ષ 2047માં પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત ભારત 2047નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કર્યુ છે. 2047 સુધીના આ સમયને તેમણે દેશનો અમૃતકાળ કહ્યો છે. આ અમૃતકાળમાં ગુજરાતને તો તેની સ્થાપનાના 75 વર્ષ અમૃત મહોત્સવ 2035માં ઉજવવાની એક મોટી તક મળી છે. વર્ષ 2035 સુધીમાં આપણે ગુજરાતને દુનિયાને વિકાસનું દિશાદર્શન કરાવનારું મોડેલ સ્ટેટ બનાવવું છે. આપણો તો એક જ સંકલ્પ છે, ગરીબ, અન્નદાતા, યુવાઓ, નારી શક્તિ, વંચિત અને નાનામાં નાના માનવીને, પીએમ કિસાન સન્માન નિધિ, પીએમ આવાસ યોજના, પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના અને જરૂરતમંદ સૌને આયુષ્માન ભારતનું વડાપ્રધાનશ્રીનું આરોગ્ય રક્ષા કવચ પણ પૂરું પાડીને તંદુરસ્ત સમાજથી વિકાસની મુખ્યધારામા લાવીને 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી ગુજરાત વિકાસના દરેક ક્ષેત્રોમાં પ્રથમ ક્રમે રહે. આજના ગુજરાત ગૌરવ દિવસે વિકસિત ભારત@2047 માટે વિકસિત ગુજરાતનો અને ગુજરાતના વિકાસ માટે સમર્પિત થવાનો સૌ સાથે મળીને સંકલ્પ કરીએ. ફરી એકવાર, સૌને 'ગુજરાત ગૌરવ દિવસ'ની અનેક અનેક શુભેચ્છાઓ.



અમદાવાદ સ્ટેડિયમની બહાર ધીમે-ધીમે ફેન્સનો જમાવડો જામ્યો

# ચાહકોમાં આજે પંજાબ હોટ ફેવરિટ, નાનકડા ફેન્સ GTના પોસ્ટર લઈને સપોર્ટ કરવા આવ્યા

**અમદાવાદ, તા.03**

IPL 2026માં રવિવારે બીજી મેચ પંજાબ કિંગ્સ (PBKS) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચે રમાશે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યાથી શરૂ થશે. પંજાબ કિંગ્સને ગત મેચમાં રાજસ્થાન સામે હાર મળી હતી, જ્યારે ગુજરાતને સતત બે જીત મળી છે. પંજાબે આ સીઝનમાં અત્યાર સુધી 8 મેચ રમી છે, જેમાંથી 6માં તેમને જીત મળી છે. ટીમ 13 પોઈન્ટ્સ સાથે પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર છે. બીજી તરફ, ગુજરાતે 9 મેચમાં 5 જીત નોંધાવી છે. ટીમ 10 પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને છે. ગુજરાતને પ્લેઑફની દાવેદારી મજબૂત કરવા માટે આ મેચમાં જીત અત્યંત જરૂરી છે.

પંજાબ અને ગુજરાત વચ્ચે કાંટાની ટક્કર

IPLમાં બંને ટીમ વચ્ચે રસાકસીનો જંગ રહ્યો છે. IPL ઈતિહાસમાં બંને ટીમ વચ્ચે કુલ 7 મેચ રમાઈ છે. પંજાબ કિંગ્સે 4 મેચ જીતી છે, જ્યારે ગુજરાત ટાઈટન્સને 3માં જીત મળી છે. ગત 5 મેચની વાત કરીએ તો પંજાબનું પલડું 3-2થી ભારે રહ્યું છે. આ સીઝનમાં 31 માર્ચે જ્યારે બંને ટીમ સામસામે હતી, ત્યારે પંજાબે રોમાંચક મુકાબલામાં ગુજરાતને 3 વિકેટથી હરાવ્યું હતું.

કેપ્ટન શુભમન ગિલે 350+ રન બનાવ્યા

ગુજરાતના કેપ્ટન શુભમન ગિલ 8 મેચમાં 373 રન બનાવીને ટીમનો ટૉપ સ્કોરર છે. આ સીઝનમાં તેણે 3 ફિફ્ટી ફટકારી છે. તેણે 155.41ના શાનદાર સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી છે. બોલિંગમાં કાગીસો રબાડા સૌથી સફળ રહ્યો છે, જેણે 9 મેચમાં 14 વિકેટ ઝડપી છે. તેનો શ્રેષ્ઠ સ્પેલ 3/25 રહ્યો છે. જોકે, તેણે 9.65ની ઈકોનોમીથી રન આપ્યા છે.

પ્રભસિમરન સિંહે પંજાબ માટે સૌથી વધુ રન બનાવ્યા

પંજાબ કિંગ્સ માટે પ્રભસિમરન સિંહે પ્રિયાંશ આર્ય સાથે મળીને ઝડપી શરૂઆત અપાવી છે. પ્રભસિમરને 8 મેચમાં 179.27ના તોફાની સ્ટ્રાઈક રેટથી 346 રન બનાવ્યા છે, જેમાં 4 ફિફ્ટી સામેલ છે. જ્યારે અર્શદીપ સિંહ પંજાબ માટે આ સીઝનમાં ટૉપ વિકેટ ટેકર રહ્યો છે. તેણે 8 મેચમાં 8 વિકેટ ઝડપી છે, જેમાં 3/22 તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે. જોકે, તેણે 10.96ની ઈકોનોમીથી રન ખર્ચ્યા છે.

અમદાવાદની પીચ પર રનનો વરસાદ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પીચ સામાન્ય રીતે બેટર્સને અનુકૂળ માનવામાં આવે છે. નવા બોલથી ફાસ્ટ બોલરોને મદદ મળે છે. અહીં ટાર્ગેટને ચેઝ કરવો સરળ રહે છે, તેથી ટૉસ જીતનાર ટીમ પહેલા બોલિંગ કરવાનું પસંદ કરી શકે છે.

વરસાદની શક્યતા નથી

મેચના દિવસે 3 મેના રોજ અમદાવાદનું તાપમાન 32 થી 40 ડિગ્રીની વચ્ચે રહેશે. સાંજના સમયે ઝાકળ મેચમાં મહત્વની ભૂમિકા ભજવશે. બીજી ઈનિંગમાં બોલિંગ કરનારી ટીમ મુશ્કેલીમાં મુકાઈ શકે છે, તેથી પ્રથમ બેટિંગ આવવા પર ટીમો વધુ રન બનાવવા પર ભાર મૂકશે.

બન્ને ટીમની સંભવિત પ્લેઈંગ-12

ગુજરાત ટાઈટન્સ (GT): શુભમન ગિલ (કેપ્ટન), સાઈ સુદર્શન, જોસ બટલર (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, શાહરૂખ ખાન, રાહુલ તેવતિયા, જેસન હોલ્ડર, અરશદ ખાન, રાશિદ ખાન, કાગીસો રબાડા, મોહમ્મદ સિરાજ, માનવ સુથાર.

પંજાબ કિંગ્સ (PBKS): શ્રેયસ અય્યર (કેપ્ટન), પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), કૂપર કોનોલી, નેહલ વાઢેરા, શશાંક સિંહ, માર્કસ સ્ટોઈનિસ, માર્કો યાન્સેન, ઝેવિયર બાર્ટલેટ, વિજયકુમાર વૈશાખ, અર્શદીપ સિંહ અને યુઝવેન્દ્ર ચહલ.

સ્ટેડિયમની બહાર ટિકિટ ચેકિંગ બાદ જ પ્રવેશ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ગેટ નંબર એક પાસે રોડની બંને તરફ 50 મીટર પહેલા તમામ લોકોને ટિકિટ માટે ચેકિંગ કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે આ વ્યવસ્થાના કારણે હવે સ્ટેડિયમ ના ગેટ પાસે બહાર થોડી પણ ભીડ જોવા મળી રહી નથી લોકો સીધા ગેટ પાસે પહોંચી અને અંદર પ્રવેશ મેળવી રહ્યા છે.

ફેન્સે સ્ટેડિયમ બહારથી જ સેલ્ફી લેવાની શરુ કરી દીધી

ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ વચ્ચે મેચ જોવા આવનારા ફેન્સ સ્ટેડિયમની બહાર સેલ્ફી પણ પાડી રહ્યા છે.

ગુરમીત નામની યુવતીએ જણાવ્યું હતું કે, હું વડોદરાની રહેવાસી છું અને આજે અમદાવાદમાં મેચ છે ત્યારે હું પંજાબને સપોર્ટ કરવા માટે આવી રહી છું અને આ વર્ષે પંચાક્ષ ચોક્કસથી ટ્રોફી જીતશે.

નાનકડા ફેન્સ હાથમાં GTના પોસ્ટર લઈને નજરે પડ્યા

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોવા માટે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગના ફેન્સ ધીમે-ધીમે આવી રહ્યા છે. હાથમાં પોસ્ટર લઈને ફેન્સ આવી રહ્યા છે.

# ફિફ્ટી ફટકાર્યાં બાદ કાર્તિકનું ધોની સ્ટાઈલમાં 'ગન સેલિબ્રેશન' : નૂર અહમદનું 'નો-લુક' સેલિબ્રેશન વાયરલ

**ચેન્નઈ, તા.03**

ચેન્નઈ સુપર કિંગ્સે IPL 2026ની 44મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને 8 વિકેટે હરાવ્યું. 2023થી છેલ્લી 7 મેચોમાં 6 મેચ ચેન્નઈ જીતી છે, જ્યારે માત્ર 1 મેચ મુંબઈ જીતી છે. ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ પર રમાયેલી મેચમાં કાર્તિક શર્માએ IPLની પોતાની પ્રથમ અડધી સદી ફટકારી. જસપ્રીત બુમરાહની બોલ પર સંજુ સેમસનનો કેચ સ્લીપમાં છૂટ્યો અને તે જ ઓવરમાં સંજુ વિકેટકીપરને કેચ આપી બેઠો. મુંબઈના રાયન રિકેલ્ટનને આઉટ કર્યા બાદ નૂર અહેમદે નો-લુક સેલિબ્રેશન કર્યું.

CSK-MI મેચમાં બનેલી ટોપ મોમેન્ટ્સ

ડેબ્યૂ પર રામકૃષ્ણ ઘોષે શાનદાર કેચ પકડ્યો

મેચની બીજી જ ઓવરમાં IPLમાં ડેબ્યૂ કરી રહેલા ચેન્નઈના રામકૃષ્ણ ઘોષે જબરદસ્ત કેચ પકડ્યો. અંશુલ કંબોજની ઓવરની બીજી બોલ પર વિલ જેક્સ ક્રીઝની બહાર નીકળીને મોટો શોટ રમવા ગયો. બોલ બેટની બહારની કિનારી લઈને બેકવર્ડ પોઈન્ટ તરફ ગયો. આગળ દોડતા ઘોષે ડાઈવ લગાવીને જમીનથી માત્ર થોડા ઈંચ ઉપર બોલને બંને હાથથી પકડ્યો.

કંબોજ થ્રો ચૂકી ગયો, રિકેલ્ટન રન-આઉટથી બચ્યા

ઈનિંગની ચોથી ઓવરમાં રાયન રિકેલ્ટનને એક મોટું જીવનદાન મળ્યું. બોલર અંશુલ કંબોજની સચોટ યોર્કરને રિકેલ્ટને ડિફેન્ડ કરી અને ક્રીઝથી ઘણા બહાર નીકળી આવ્યા. કંબોજે ચપળતા બતાવતા બોલ પકડ્યો અને કીપર છેડે નિશાન તાક્યું, પરંતુ થ્રો સ્ટમ્પ પર ન લાગ્યો. રિકેલ્ટને ક્રીઝ સુધી પહોંચવાની આશા જ છોડી દીધી હતી. થ્રો ન લાગતા કંબોજે હતાશામાં માથું પકડી લીધું.

IPLમાં પ્રશાંતની પહેલી ઓવરમાં 3 સિક્સર

ચેન્નઈના પ્રશાંત વીરનો IPLમાં તેમનો પહેલો ઓવર કોઈ ખરાબ સપના જેવો રહ્યો. મેચનો 5મો ઓવર ફેંકવા આવેલા પ્રશાંતને રાયન રિકેલ્ટને 3 છગ્ગા ફટકાર્યા. રિકેલ્ટને ત્રીજી બોલ પર 76 મીટરનો સ્લોગ-સ્વીપ લગાવ્યો. પછી અંતિમ બે બોલ પર સતત બે છગ્ગા ફટકાર્યા.

દુબેએ નમન ધીરનો કેચ છોડ્યો

મુંબઈની ઈનિંગ્સના સાતમી ઓવરમાં શિવમ દુબેએ એક સરળ કેચ છોડી દીધો. ઓવરનો ચોથો બોલ નૂર અહેમદે 95 કિમીની ઝડપે નાખ્યો. નમન ધીરે બેકફૂટ પર જઈને કટ શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલે બેટનો કિનારો લીધો અને શોર્ટ થર્ડ મેન પર ઉભેલા દુબેના હાથમાં ગયો, પરંતુ દુબે કેચ પકડી શક્યો નહીં. નમન આ સમયે 19 રન બનાવીને રમી રહ્યો હતો.

નૂર અહેમદનું 'નો-લુક' સેલિબ્રેશન

નૂર અહેમદે મુંબઈના બેટર રાયન રિકેલ્ટનને આઉટ કર્યા પછી અનોખું સેલિબ્રેશન કર્યું. નૂરે સાતમી ઓવરના ચોથા બોલ પર રિકેલ્ટનને ફસાવ્યો. સ્લોગ સ્વીપ રમવા ગયેલા રિકેલ્ટને બોલને સીધો ડીપ બેકવર્ડ સ્ક્વેર લેગ પર ઉભેલા ઉર્વિલ પટેલના હાથમાં મારી દીધો. વિકેટ લીધા પછી નૂર અહેમદે પોતાની આંખો પર હાથ રાખીને 'નો-લુક' સેલિબ્રેશન કર્યું. સામાન્ય રીતે બેટર્સ નો-લુક શોટ્સ રમે છે.

કંબોજની થ્રો બેટરની પીઠ પર વાગી

પ્રથમ ઈનિંગ્સની છેલ્લી બોલ પછી અંશુલ કંબોજે બેટરને સોરી કહ્યું. જોકે, કંબોજે સચોટ યોર્કર નાખી, જેને મુંબઈના બેટર કૃષ ભગત રમી શક્યા નહીં. બેટર ઝડપથી રન ચોરવા દોડ્યા, આ દરમિયાન વિકેટકીપર સંજુ સેમસને બોલ કંબોજ તરફ થ્રો કર્યો. કંબોજે નોન-સ્ટ્રાઈકર એન્ડ પર રન-આઉટ કરવા નિશાન તાક્યું, પરંતુ બોલ સ્ટમ્પ પર લાગવાને બદલે સીધો દોડી રહેલા કૃષ ભગતની પીઠ પર વાગ્યો. જોકે કંબોજે તરત જ કૃષને સોરી કહ્યું.

## 40 દિવસમાં રાજસ્થાન રોયલ્સના માલિક બદલાયા, IPLના ઈતિહાસનો બીજો સૌથી મોટો સોદો

# મિત્તલ અને પૂનાવાલાએ ₹13,800 કરોડની મેગા ડીલ ફાઈનલ કરી

## મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, મિત્તલ પરિવાર છેલ્લા ઘણા સમયથી રાજસ્થાન રોયલ્સમાં રસ દાખવી રહ્યો હતો

**મુંબઈ, તા.03**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઈતિહાસમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. વિશ્વના સ્ટીલ કિંગ તરીકે જાણીતા લક્ષ્મી નિવાસ મિત્તલ અને તેમના પુત્ર આદિત્ય મિત્તલે, સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ આદર પૂનાવાલા સાથે મળીને 'રાજસ્થાન રોયલ્સ' (RR) ફ્રેન્ચાઈઝી ખરીદી છે. આ સાથે જ રાજસ્થાન રોયલ્સને હવે નવા માલિકો મળ્યા છે. આ સોદો અંદાજે $1.65 બિલિયન (આશરે 13,800 કરોડ) ની વેલ્યુએશન પર થયો હોવાનું મનાય છે, જે IPLના ઈતિહાસના સૌથી મોંઘા સોદાઓ પૈકીનો એક છે.

મિત્તલ પરિવારની 75% હિસ્સેદારી

3 મેના રોજ મિત્તલ પરિવારે આ ડીલ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. અહેવાલો મુજબ, મિત્તલ પરિવારે મનોજ બડાલે અને તેમના કન્સોર્ટિયમ પાસેથી રાજસ્થાન રોયલ્સના સંપાદન માટે અંતિમ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

નવું માલિકી માળખું

મિત્તલ ફેમિલી: 75% હિસ્સો (બહુમતી માલિક)

આદર પૂનાવાલા: 18% હિસ્સો

અન્ય રોકાણકારો (મનોજ બડાલે સહિત): 7% હિસ્સો

40 દિવસ પહેલા લગભગ 1.63 બિલિયન ડોલરમાં કાલ સોમાણીએ ટીમ ખરીદી હતી

40 દિવસ પહેલા લગભગ 1.63 બિલિયન ડોલરમાં કાલ સોમાણીએ ટીમ ખરીદી હતી

શા માટે મિત્તલ પરિવારે લીધો આ નિર્ણય?

મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, મિત્તલ પરિવાર છેલ્લા ઘણા સમયથી રાજસ્થાન રોયલ્સમાં રસ દાખવી રહ્યો હતો. આ ખરીદી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય તેમના સ્પોર્ટ્સ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવવાનો છે. મિત્તલ પરિવાર પહેલેથી જ વૈશ્વિક સ્તરે રમતગમત ક્ષેત્રે સક્રિય છે અને હવે IPL જેવી મોટી લીગમાં પ્રવેશવાથી તેમનું કદ વધશે.



# ગ્લેમરની દુનિયા છોડી એક્ટ્રેસ કૃષ્ણભક્તિમાં લીન! : 'દેખા એક ખ્વાબ' ફેમ એના જયસિંઘાણી આધ્યાત્મના માર્ગે; વૃંદાવનમાં વસી ગઈ, નામ પણ બદલી નાખ્યું



**મુંબઈ, તા.03**

'દેખા એક ખ્વાબ' ફેમ ટીવી એક્ટ્રેસ એના જયસિંઘાણીએ મુંબઈમાં એક્ટિંગનું કરિયર છોડીને આધ્યાત્મનો માર્ગ અપનાવી લીધો છે. હવે તે વૃંદાવનમાં રહીને ભગવાન કૃષ્ણની ભક્તિમાં લીન છે.

એક્ટ્રેસે નામ પણ બદલી નાખ્યું

ગ્વાલિયરની રહેવાસી એનાએ તાજેતરમાં એક યુટ્યુબ ચેનલ પર જણાવ્યું કે, તે હવે વૃંદાવનમાં રહે છે અને પોતાનું જીવન કૃષ્ણ ભક્તિને સમર્પિત કરી ચૂકી છે. એના જયસિંઘાણીએ હવે પોતાનું નામ બદલીને એના પરી હરિવંશી રાખી લીધું છે. એનાએ જણાવ્યું કે, તેણે એક્ટિંગ અને ડાન્સના સપના સાથે મુંબઈનો રસ્તો પકડ્યો હતો. તેણે 2011માં ફ્રીલાન્સ કોરિયોગ્રાફર તરીકે કામ શરૂ કર્યું અને આ દરમિયાન કોરિયોગ્રાફર થોમસ પોલસન સાથે પણ કામ કરવાની તક મળી.ગ્વાલિયરની રહેવાસી એનાએ તાજેતરમાં એક યુટ્યુબ ચેનલ પર જણાવ્યું કે, તે હવે વૃંદાવનમાં રહે છે અને પોતાનું જીવન કૃષ્ણ ભક્તિને સમર્પિત કરી ચૂકી છે. એના જયસિંઘાણીએ હવે પોતાનું નામ બદલીને એના પરી હરિવંશી રાખી લીધું છે. એનાએ જણાવ્યું કે, તેણે એક્ટિંગ અને ડાન્સના સપના સાથે મુંબઈનો રસ્તો પકડ્યો હતો. તેણે 2011માં ફ્રીલાન્સ કોરિયોગ્રાફર તરીકે કામ શરૂ કર્યું અને આ દરમિયાન કોરિયોગ્રાફર થોમસ પોલસન સાથે પણ કામ કરવાની તક મળી.

એના 'ફિયર ફાઈલ્સ' જેવા ટીવી શોમાં પણ જોવા મળી હતી.

પૂર્વ એક્ટ્રેસના મતે, કોરિયોગ્રાફી પછી તેણે એક્ટિંગમાં કરિયર બનાવવા માટે એકતા કપૂરના પ્રોડક્શન હાઉસ બાલાજી ટેલીફિલ્મ્સમાં એક્ટિંગ કોર્સ કર્યો. આ પછી તેણે 'ક્રાઈમ પેટ્રોલ' અને 'સાવધાન ઈન્ડિયા' જેવા શોમાં કામ કર્યું. પછી તેને ટીવી શો 'દેખા એક ખ્વાબ'થી ખાસ ઓળખ મળી હતી.

ISKCON સાથે જોડાયા પછી લાઈફસ્ટાઈલ બદલાઈ

એનાએ જણાવ્યું કે, મુંબઈમાં કેટલાક મિત્રો દ્વારા તે ISKCON સાથે જોડાઈ. ત્યારબાદ તેણે ધીમે ધીમે પોતાની જીવનશૈલી બદલી નાખી અને માંસાહાર, દારૂ, લસણ-ડુંગળી છોડી દીધા. તે મુંબઈમાં ISKCON જવા લાગી. તે ધીમે ધીમે યુટ્યુબ પર સત્સંગ સાંભળવા લાગી. એનાએ કહ્યું કે, પછી એક દિવસ પ્રેમાનંદ મહારાજ તેના સપનામાં આવ્યા અને તેને મંત્ર જાપ કરવા કહ્યું. આ અનુભવ પછી, તે વૃંદાવન ગઈ, દીક્ષા લીધી અને પોતાનું જીવન કૃષ્ણ ભક્તિમાં સમર્પિત કરવાનો નિર્ણય કર્યો. એનાએ જણાવ્યું કે, મુંબઈમાં કેટલાક મિત્રો દ્વારા તે ISKCON સાથે જોડાઈ. ત્યારબાદ તેણે ધીમે ધીમે પોતાની જીવનશૈલી બદલી નાખી અને માંસાહાર, દારૂ, લસણ-ડુંગળી છોડી દીધા. તે મુંબઈમાં ISKCON જવા લાગી. તે ધીમે ધીમે યુટ્યુબ પર સત્સંગ સાંભળવા લાગી. એનાએ કહ્યું કે, પછી એક દિવસ પ્રેમાનંદ મહારાજ તેના સપનામાં આવ્યા અને તેને મંત્ર જાપ કરવા કહ્યું. આ અનુભવ પછી, તે વૃંદાવન ગઈ, દીક્ષા લીધી અને પોતાનું જીવન કૃષ્ણ ભક્તિમાં સમર્પિત કરવાનો નિર્ણય કર્યો.



# બોડી શેમિંગ કરનારા પાપારાઝી પર પત્રલેખા ભડકી : એક્ટ્રેસે કહ્યું, 'મેં બાળકને જન્મ આપ્યો છે

**મુંબઈ, તા.03**

'સિટી લાઈટ્સ' ફેમ એક્ટ્રેસ અને પ્રોડ્યુસર પત્રલેખા તાજેતરમાં બોડી શેમિંગનો શિકાર થઈ છે. વાસ્તવમાં તાજેતરમાં એક પાપારાઝી પેજે રાજકુમાર રાવની પત્ની પત્રલેખાનો વીડિયો શેર કરીને તેના વધેલા વજન પર સંવેદનહીન ટિપ્પણી કરી હતી. આના પર એક્ટ્રેસ ભડકી ગઈ હતી અને બોડી શેમિંગ કરનારાને સણસણતો જવાબ આપ્યો હતો. પત્રલેખાએ જવાબ આપતા કહ્યું કે, તેણે હમણાં જ એક બાળકને જન્મ આપ્યો છે અને તેના શરીરમાં આવેલા ફેરફારો એક કુદરતી પ્રક્રિયાનો ભાગ છે. કેપ્શન જોઈને ભડકી એક્ટ્રેસ આખો મામલો ત્યારે શરૂ થયો જ્યારે એક પાપારાઝી પેજે પત્રલેખાનો એક વીડિયો પોસ્ટ કર્યો. વીડિયોમાં પત્રલેખા પોતાની કારમાંથી ઉતરી રહી હતી અને તેની પાછળ પતિ રાજકુમાર રાવ પણ જોવા મળી રહ્યા હતા. આ વીડિયો સાથે કેપ્શન લખવામાં આવ્યું હતું, 'આમને શું થઈ ગયું છે?' (What's happened to her?) આ કેપ્શન દ્વારા પત્રલેખાના પોસ્ટપાર્ટમ લુક એટલે કે ડિલિવરી પછી વધેલા વજન તરફ ઈશારો કરવામાં આવ્યો હતો. પત્રલેખાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરીને ટ્રોલ્સને જવાબ આપ્યો. 'મેં પહાડ જેટલો ખોરાક ખાધો નથી' પત્રલેખાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ કમેન્ટની સખત ટીકા કરી. તેણે લખ્યું, 'પેપ પેજીસ, મને શું થયું છે? વાત એ છે કે મેં હમણાં જ એક બાળકને જન્મ આપ્યો છે! હા, મારું વજન વધી ગયું છે, જે તમને બધાને કદાચ કોઈ અસ્વાભાવિક વાત લાગી રહી છે.' પત્રલેખાએ આગળ કહ્યું કે, 'મેં બેસીને કોઈ પહાડ જેટલો ખોરાક ખાધો નથી. આ મારી પ્રેગ્નન્સી પ્રત્યે મારા શરીરની સ્વાભાવિક પ્રતિક્રિયા છે.' તેણે લોકોને અપીલ કરી કે, તેઓ બીજા પ્રત્યે થોડા દયાળુ બનવાનું શીખે. પ્રોડ્યુસર તરીકે બે ફિલ્મો પૂરી કરી એક્ટ્રેસે પોતાની પ્રોફેશનલ જવાબદારીઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ડિલિવરી પછી તે માત્ર પોતાની તબિયતનું ધ્યાન નથી રાખી રહી, પરંતુ કામ પણ કરી રહી છે. તેણે લખ્યું, 'મેં માત્ર એક બાળકને જન્મ જ નથી આપ્યો, પરંતુ એક સાથે બે ફિલ્મોનું પ્રોડક્શન પણ સંભાળ્યું છે, જે સરળ કામ નથી. જો મારા હાથમાં હોત, તો હું આવી ન દેખાત, પરંતુ મારું શરીર આ રીતે પ્રતિક્રિયા આપી રહ્યું છે.'

# ઓસ્કર એકેડેમીના પેજ પર શાહરુખ ખાન છવાયો

## ઓમ શાંતિ ઓમ'નો વીડિયો શેર કર્યો, 'કિંગ' ખાને કહ્યું- 'હવે લાગે છે કે હું દુનિયાનો બાદશાહ છું'

**મુંબઈ, તા.03**

બોલિવૂડના 'કિંગ' ખાન હાલમાં 'દુનિયાના બાદશાહ' હોવાની લાગણી અનુભવી રહ્યા છે. તાજેતરમાં પ્રતિષ્ઠિત ધ એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસ (ઓસ્કર એકેડેમી)એ શાહરુખ ખાનની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'ના પ્રખ્યાત ડાયલોગની ક્લિપ શેર કરી છે, જેના પર શાહરુખે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

ઓસ્કર એકેડેમીએ 'કિસી ચીઝ કો શિદ્દત સે ચાહો' વાળો વીડિયો શેર કર્યો

વાસ્તવમાં ઓસ્કર એકેડેમીએ 'ઓમ શાંતિ ઓમ' ફિલ્મના એવોર્ડ નાઈટ સીનનો મોનોલોગ શેર કરતા લખ્યું, 'નસીબની એક વાત છે તે ક્યારેય ચૂકતું નથી.' એકેડમી ઓફ



મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસ (AMPAS), જેને દુનિયાભરમાં ધ એકેડમીના નામથી ઓળખવામાં આવે છે, આ સંસ્થા દર વર્ષે ઓસ્કર એવોર્ડ પ્રદાન કરે છે. આના પર શાહરુખે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોસ્ટને રીટ્વીટ કરતા લખ્યું કે, 'એકેડેમી એવોર્ડ્સ, ઓમની સ્પીચ દ્વારા તમે મને જૂની યાદોમાં પહોંચાડી દીધો હવે મને ખરેખર લાગે છે કે હું દુનિયાનો બાદશાહ છું.'

'ઓમ શાંતિ ઓમ'થી દીપિકાએ ડેબ્યૂ કર્યું હતું

ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'નું ડિરેક્શન ફરાહ ખાને કર્યું હતું. 2007માં રિલીઝ થયેલી આ ફિલ્મથી દીપિકા પાદુકોણે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ફિલ્મમાં અર્જુન રામપાલ અને શ્રેયસ તલપડે પણ મુખ્ય ભૂમિકાઓમાં હતા. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. 'ઓમ શાંતિ ઓમ' ફિલ્મ 9 નવેમ્બર 2007ના રોજ રિલીઝ થઈ હતી. તેનો 'ઈતની શિદ્દત સે' ડાયલોગ આજે પણ મોટિવેશન માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

શાહરુખ ખાનનું વર્કફ્રન્ટ

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો શાહરૂખ ખાન ટૂંક સમયમાં ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેનું ડિરેક્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે. ફિલ્મમાં સુહાના ખાન, અભિષેક બચ્ચન અને દીપિકા પાદુકોણ પણ મહત્ત્વની ભૂમિકામાં છે.

'કિંગ'માં શાહરુખ ખાનનો નવો અંદાજ જોવા મળશે.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, શાહરુખ, અલ્લુ અર્જુનની ફિલ્મ 'રાકા'માં કેમિયો કરી શકે છે. જોકે, તેની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી. નોંધનીય છે કે, 'રાકા'નું ડિરેક્શન એટલી કરી રહ્યા છે, જેમણે શાહરુખ ખાનની સુપરહિટ ફિલ્મ 'જવાન'નું ડિરેક્શન કર્યું હતું.

# હવે યુટ્યુબમાંથી 'શોર્ટ્સ' સંપૂર્ણપણે હટાવી શકાશે : નવો '0 મિનિટ'નો વિકલ્પ વીડિયો સ્ક્રોલિંગનું વ્યસન છોડાવવામાં મદદ મળશે

**નવી દિલ્હી, તા.03**

યુટ્યુબે 'ટાઈમ મેનેજમેન્ટ'નું નવું ફીચર બહાર પાડ્યું છે. આના દ્વારા હવે તમે એપ પર શોર્ટ્સ જોવાની સમય મર્યાદાને 'ઝીરો' પર સેટ કરી શકો છો. આનાથી શોર્ટ્સ ફીડ સંપૂર્ણપણે દૂર થઈ જશે. તેનો હેતુ સ્ક્રીન ટાઈમને વધુ સારી રીતે મેનેજ કરવામાં મદદ કરવાનો છે.

યુટ્યુબે ગયા વર્ષે ઓક્ટોબરમાં શોર્ટ્સ માટે ટાઈમર ફીચર રજૂ કર્યું હતું, જેમાં ન્યૂનતમ સમય મર્યાદા 15 મિનિટ હતી. જાન્યુઆરીમાં આ ફીચરનો વિસ્તાર કરતા માતા-પિતાને બાળકોના સ્ક્રીન ટાઈમ પર નિયંત્રણ આપવા માટે 'ઝીરો મિનિટ'નો વિકલ્પ લાવવાની જાહેરાત કરવામાં આવી હતી.



તમામ એકાઉન્ટ માટે ફીચર રોલઆઉટ

યુટ્યુબના પ્રવક્તા મેકેન્ઝી સ્પિલરના જણાવ્યા અનુસાર, 'હવે આ વિકલ્પ તમામ માતા-પિતા માટે લાઈવ થઈ ગયો છે અને ધીમે ધીમે સામાન્ય પુખ્ત વયના એકાઉન્ટ્સ માટે પણ રોલઆઉટ કરવામાં આવી રહ્યો છે.'

હોમ સ્ક્રીન પરથી પણ શોર્ટ્સના સૂચનો દૂર થઈ જશે

જેમ જ તમે 'ઝીરો મિનિટ'ની લિમિટ પસંદ કરશો, શોર્ટ્સ ટેબ પર કોઈ વીડિયો દેખાશે નહીં. ત્યાં ફક્ત એક નોટિફિકેશન દેખાશે કે તમે તમારી 'શોર્ટ્સ ફીડ લિમિટ' પૂરી કરી લીધી છે. લિમિટ સેટ કર્યા પછી હોમ સ્ક્રીન પરથી પણ શોર્ટ્સના સૂચનો દૂર થઈ જશે.

બિન્જ વોચિંગ અને રીલની લત છોડાવવામાં મદદ મળશે

ભારતમાં યુટ્યુબના કરોડો યુઝર્સ છે અને શોર્ટ્સનો ક્રેઝ ખૂબ જ વધારે છે. આવી સ્થિતિમાં, આ ફીચર એવા લોકો માટે ખૂબ મદદરૂપ સાબિત થશે, જેઓ ડૂમ સ્ક્રોલિંગ એટલે કે અનિચ્છનીય સ્ક્રોલિંગની ટેવ છોડવા માંગે છે. ડિજિટલ વેલબીઈંગની દિશામાં આ યુટ્યુબનું એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

ફોકસ અને ઉત્પાદકતા: જે વિદ્યાર્થીઓ કે પ્રોફેશનલ્સ ફક્ત કામની વસ્તુઓ કે લાંબા ટ્યુટોરિયલ્સ જોવા યુટ્યુબ પર આવે છે, તેમનું ધ્યાન હવે શોર્ટ્સના સૂચનોથી ભટકશે નહીં.

બાળકો માટે સુરક્ષિત: માતા-પિતા હવે બાળકોના ફોનમાં શોર્ટ્સને સંપૂર્ણપણે બ્લોક કરી શકશે, જેથી તેઓ ફક્ત તે જ કન્ટેન્ટ જોઈ શકશે, જેની મંજૂરી આપવામાં આવી છે.

વધુ સારો યુઝર અનુભવ: એપની હોમ સ્ક્રીન સ્વચ્છ થઈ જશે. જો તમને શોર્ટ્સ પસંદ નથી, તો હવે તમારે જબરદસ્તી ફીડમાં વીડિયોના થંબનેલ જોવા નહીં પડે.

ફીચર ચાલુ કરવા માટે 3 સ્ટેપ્સ ફોલો કરો

યુટ્યુબ એપની સેટિંગ્સમાં જઈને ટાઈમ મેનેજમેન્ટનો વિકલ્પ પસંદ કરો.

# એમેઝોને નવું AI ઓડિયો ફીચર લોન્ચ કર્યું : પ્રશ્નો પૂછીને ખરીદી કરી શકાશે, રિવ્યૂ-પ્રોડક્ટ ડિટેલ મુજબ જવાબ આપશે

**વોશિંગ્ટન, તા.03**



ઈ-કોમર્સ પ્લેટફોર્મ 'એમેઝોન'એ નવું ફીચર લોન્ચ કર્યું છે, જેમાં યુઝર પ્રોડક્ટ વિશે પ્રશ્નો પૂછીને વાતચીત પણ કરી શકે છે. કંપનીએ તેના ફીચર Hear the Highlightsમાં નવો Join the Chat વિકલ્પ ઉમેર્યો છે. આની મદદથી, યુઝર કોઈ પ્રોડક્ટની ઓડિયો સમરી સાંભળતી વખતે ટેક્સ્ટ અથવા અવાજમાં પ્રશ્નો પૂછી શકે છે. ઉદાહરણ તરીકે, યુઝર પૂછી શકે છે કે, શું આ કોફી મશીન બાળકો માટે યોગ્ય છે? AI પ્રોડક્ટની વિગતો, ગ્રાહક સમીક્ષાઓ (કસ્ટમર રિવ્યૂ) અને ઉપલબ્ધ માહિતીમાંથી જવાબ આપે છે.

ઓડિયો હોસ્ટની જેમ જવાબ આપશે

AI સ્ક્રિપ્ટ રીઅલ ટાઈમમાં બદલાય છે.

ટેક્સ્ટ-ટુ-સ્પીચ જવાબ તૈયાર કરે છે.

હોસ્ટ તે જ ટોનમાં જવાબ આપે છે.

આ ફીચર કેવી રીતે કામ કરે છે

આ માત્ર સામાન્ય ચેટબોટ નથી.

વિગતો, સમીક્ષાઓ, વેબ પર ઉપલબ્ધ માહિતી... આ બધાને ભેગા કરીને જવાબ આપે છે.

જો કોઈ ફીચર વિશે પહેલાથી જ જણાવવામાં આવ્યું હોય, તો AI નવો અને અલગ જવાબ આપવાનો પ્રયાસ કરે છે.

આ ફીચર ક્યાં ઉપલબ્ધ છે?

હાલમાં અમેરિકામાં ઉપલબ્ધ છે. ભવિષ્યમાં અન્ય દેશોમાં પણ આવશે.

- iOS અને Android બંને પર ઉપયોગ કરી શકશો.
- યુઝરને ફક્ત પ્રોડક્ટ પેજ પર જઈને Hear the Highlights બટન દબાવવું પડશે.

એમેઝોનમાં AI પાવર્ડ શોપિંગ આસિસ્ટન્ટ પણ

એમેઝોનમાં પહેલાથી જ Rufus નામનું આસિસ્ટન્ટ પણ છે. તેનું AI-પાવર્ડ શોપિંગ આસિસ્ટન્ટ ખરીદીને વધુ વાતચીત જેવું બનાવે છે. તે પ્રોડક્ટ કેટલોગ, રિવ્યુ અને વેબ ડેટાના આધારે યુઝર્સને સલાહ આપે છે. યુઝર્સ તેનો પણ ઉપયોગ કરી શકે છે.

# ભારતમાં લોન્ચ થયું વિસ્પર ફ્લો AI : વૉઇસ ટાઇપિંગથી કેટલું અલગ? 4 એપ્સ તમારા માટે ખૂબ ઉપયોગી

**નવી દિલ્હી, તા.03**

AI વૉઈસ ડિક્ટેશન ટૂલ્સ આપણી લખવાની રીતને ઝડપથી બદલી રહ્યું છે. હવે કીબોર્ડની જરૂરિયાત ઘટી રહી છે, તમે ફક્ત બોલો છો અને AI તેને સ્વચ્છ, વ્યવસ્થિત, વાંચી શકાય તેવા ટેક્સ્ટમાં રૂપાંતરિત કરે છે. AI ડિક્ટેશન ટૂલ્સ ફક્ત શબ્દો જ નહીં, ભાવનાઓને પણ ઓળખે છે. ક્લેવરટિપ અનુસાર, 40% સ્માર્ટફોન યુઝર્સ હવે મેસેજ કે કન્ટેન્ટ બનાવવા માટે વૉઈસ ઈનપુટનો ઉપયોગ કરી રહ્યા છે. એટલે કે, આ ફક્ત એક ફીચર નથી, પરંતુ યુઝર બિહેવિયરમાં એક મોટો બદલાવ છે.

વૉઈસ ટાઈપિંગ vs AI ટૂલ AI વાતચીતને નોટ્સમાં બદલે છે

પહેલાં વૉઈસ ટાઈપિંગનો અર્થ હતો જે બોલશો, તે જ ટેક્સ્ટમાં આવશે. હવે AI ડિક્ટેશન ટૂલ્સ તે ટેક્સ્ટને એડિટ કરે છે, એટલે કે તે એક રીતે તમારા કો-રાઈટર બની જાય છે. આ એપ્સ અધૂરા વાક્યોને પૂરા કરે છે, ખોટી કે વેરવિખેર ભાષાને સુધારે છે અને ભાષાનો ટોન સાચો કરે છે અને સામાન્ય વાતચીતને નોટ્સ, મેઈલ કે આર્ટિકલમાં પણ બદલી શકે છે.

ડિક્ટેશનની રેસમાં આ એપ્સ

1. Wispr Flow

Wispr Flow ફોનમાં કીબોર્ડની જગ્યાએ કામ કરે છે. લગભગ દરેક એપમાં ઉપયોગ કરી શકાય છે. આ 179 શબ્દો પ્રતિ મિનિટ સુધી ટાઈપ કરી શકે છે. હિન્દી સહિત 100થી વધુ ભાષાઓ સમજે છે. ફ્રી વર્ઝનમાં દર અઠવાડિયે ફોનમાં 1 હજાર શબ્દો મળે છે.

2. Google AI Edge Eloquent (iOS)

આ ઓફલાઈન પણ કામ કરે છે, એટલે કે અવાજ ડિવાઈસ પર જ પ્રોસેસ થાય છે, ક્લાઉડ પર જતો નથી. આ નોટ્સને પોઈન્ટ્સમાં બદલી શકે છે, જોકે હજુ આ બીજી એપ્સની અંદર સીધું કામ કરતું નથી. સંપૂર્ણપણે ફ્રી છે.

3. Otter AI

મીટિંગ્સ, ઈન્ટરવ્યૂ અને લેક્ચર માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ટૂલ્સમાંથી એક છે. તે મીટિંગના તમામ સ્પીકર્સને ઓળખે છે, ઓટોમેટિક સમરી બનાવે છે અને જરૂરી મુદ્દાઓને હાઈલાઈટ કરે છે. સબ્સ્ક્રિપ્શન દર મહિને 800 રૂપિયાથી શરૂ થાય છે.

4. મોનોલોગ

તે સ્ક્રીન પર ચાલી રહેલી વસ્તુઓને પણ સમજે છે. જો તમે કોડ લખી રહ્યા છો, તો તે તેનો સંદર્ભ પકડી શકે છે અને તે મુજબ ભાષા બદલી શકે છે. તે ઑફલાઈન પણ કામ કરે છે. તેનું માસિક સબ્સ્ક્રિપ્શન 950 રૂપિયાથી શરૂ થાય છે.

એપના ઉપયોગ માટે આ પરવાનગીઓ આપવી પડશે

મોટાભાગની ડિક્ટેશન એપ્સને આ પરવાનગીઓની જરૂર હોય છે.

માઈક્રોફોન એક્સેસ

અન્ય એપ્સ પર ડિસ્પ્લે

એક્સેસિબિલિટી સેટિંગ્સ

Otter AI ને મીટિંગને કેપ્ચર કરવા માટે સ્ક્રીન રેકોર્ડ કરવાની પરવાનગી પણ જોઈતી હોય છે.

AI ડિક્ટેશન ટૂલ્સના આ પડકારો પણ

પ્રાઈવસી- તમારો અવાજ અને ડેટા ક્યાં જઈ રહ્યો છે. ઘણા ટૂલ્સ આ સ્પષ્ટપણે જણાવતા નથી.

ચોકસાઈ- સ્થાનિક ભાષાઓ અને મિશ્ર ભાષાઓ જેવા વાતાવરણમાં હજુ પણ સુધારાની જરૂર છે.

ઈન્ટરનેટ- ઘણા ટૂલ્સ ચલાવવા માટે ઝડપી ઈન્ટરનેટ જોઈએ છે.

# કાળઝાળ ગરમી વચ્ચે 'લીંબુ' બન્યા મોંઘા દાટ : આવક ઘટતા ભાવ આસમાને પહોંચ્યા, ગૃહિણીઓ અને વેપારીઓનું બજેટ ખોરવાયું

**જૂનાગઢ, તા.03**



સમગ્ર ગુજરાત સહિત સોરઠ પંથકમાં હાલ ઉનાળાની શરૂઆત થતાની સાથે જ સૂર્યનારાયણ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. પારો 40 ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે લોકો કુદરતી ઠંડા પીણાં અને ખાસ કરીને લીંબુ શરબતનો સહારો લેતા હોય છે. પરંતુ આ વર્ષે લીંબુના ભાવમાં આવેલા તોતિંગ ઉછાળાએ સામાન્ય માણસના મોઢાનો સ્વાદ બગાડી નાખ્યો છે. જૂનાગઢ માર્કેટ યાર્ડમાં લીંબુની આવક ઓછી અને માંગ વધુ હોવાને કારણે ભાવ 200ની ઉપર પહોંચી ગયા છે.

ગરમી પડવાના કારણે બજારમાં લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો

જૂનાગઢની હીના ફ્રૂટ કંપનીમાં લીંબુના વેપાર સાથે સંકળાયેલા યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે લીંબુના ભાવમાં ખૂબ જ મોટો વધારો જોવા મળી રહ્યો છે. હાલમાં આકરી ગરમી પડવાના કારણે બજારમાં લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો થયો છે, પરંતુ તેની સામે માર્કેટમાં માલની આવક અત્યંત મર્યાદિત છે. આ અસંતુલનને કારણે ભાવ આસમાને પહોંચ્યા છે અને સ્થિતિ એવી સર્જાઈ છે કે મધ્યમ વર્ગના ગ્રાહકો માટે લીંબુ ખરીદવા હવે અસહ્ય બની રહ્યા છે. હાલ બજારમાં લીંબુની ગુણવત્તા મુજબ ભાવ નક્કી થઈ રહ્યા છે. જેમાં સારા (મોટા) લીંબુ 180 થી 220 પ્રતિ કિલો, મીડિયમ લીંબુ 150 થી 170 અને ઝીણા લીંબુ 100 થી 120 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ખેતીમાં ઉત્પાદન ઘટવા પાછળ વાતાવરણમાં આવેલા પલટા અને વાવાઝોડાને પણ તેમણે જવાબદાર ગણાવ્યા હતા.

ગ્રાહકોની હાજરી બજારમાં પાંખી જોવા મળે છે

માર્કેટ યાર્ડના અન્ય એક વેપારી અને શ્રીરામ ટ્રેડર્સના માલિક દેવાંગ ભગવતજીભાઈ ક્યાડાએ જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. એક તરફ આવક ઓછી છે અને બીજી તરફ ભાવ એટલા ઊંચા છે કે, ગ્રાહકોની હાજરી બજારમાં પાંખી જોવા મળે છે. મોંઘવારીને કારણે ગ્રાહકો લીંબુ ખરીદવાનું ટાળી રહ્યા છે, જેના કારણે માલનો જે રીતે ઉપાડ થવો જોઈએ તે થઈ રહ્યો નથી. તેમણે ચિંતા વ્યક્ત કરતા વધુમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે આ સમયે જે ભાવ હતા તેના કરતા આ વખતે બમણા ભાવ જોવા મળી રહ્યા છે. વેપારીઓ પણ મૂંઝવણમાં છે કારણ કે ઊંચા ભાવે માલ લાવીને તેનું વેચાણ કરવું મુશ્કેલ બની ગયું છે. જો આગામી દિવસોમાં આવકમાં સુધારો નહીં થાય તો ભાવ હજુ પણ વધી શકે તેવી શક્યતા છે.

સ્વાસ્થ્ય માટે લીંબુનું મહત્વ અને મોંઘવારીનો માર

ઉનાળામાં લીંબુ એ માત્ર રસોડાની જરૂરિયાત નથી પરંતુ આ રોગ્ય માટે આશીર્વાદ સમાન છે. વિટામિન-C થી ભરપૂર લીંબુ હીટ સ્ટ્રોક સામે રક્ષણ આપે છે અને શરીરમાં હાઈડ્રેશન જાળવી રાખે છે. જોકે, ગરીબ અને મધ્યમ વર્ગ માટે અત્યારે લીંબુ 'ગરીબોનું અમૃત' મટીને 'શ્રીમંતોનું ફળ' બની ગયું હોય તેમ લાગે છે. ભાવ વધારાના મુખ્ય કારણો એવા છે કે અગાઉ આવેલા પવન અને વાવાઝોડાને કારણે લીંબુનો પાક ખરી પડ્યો હતો. ખેડૂતોને આ વર્ષે લીંબુના ઉતારા ઓછા મળ્યા છે.ગરમી વધતા ઠંડા પીણાં અને હોટલ ઉદ્યોગમાં લીંબુની માંગમાં અનેકગણો વધારો થયો છે.ત્યારે જૂનાગઢના વેપારીઓ અને ગ્રાહકો બંને અત્યારે લીંબુની મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લોકો આશા સેવી રહ્યા છે કે જલ્દી માર્કેટમાં નવી આવક શરૂ થાય અને ભાવમાં ઘટાડો જોવા મળે.

# પાકિસ્તાનમાં મોંઘવારી દર 11% સુધી જઈ શકે છે : ડોલરની સરખામણીમાં પાકિસ્તાની રૂપિયો 298 સુધી પહોંચી શકે છે

**નવી દિલ્હી, તા.03**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને વધતા ઓઈલ સંકટને કારણે પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પર દબાણ વધુ વધવાનું છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો વધતી રહેશે, તો પાકિસ્તાનમાં મોંઘવારી દર ફરીથી બે આંકડાને પાર કરીને 11% સુધી પહોંચી શકે છે.

જ્યારે ડોલર સામે પાકિસ્તાની રૂપિયાની કિંમત 298 સુધી જઈ શકે છે. ડોન અને ટોપલાઈન સિક્યોરિટીઝ લિમિટેડના પાકિસ્તાન સ્ટ્રેટેજી રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

ક્રૂડ ઓઈલ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે, મોંઘવારી વધશે

રિપોર્ટ અનુસાર, વર્તમાન પરિસ્થિતિમાં આગામી એક વર્ષ સુધી મોંઘવારી સરેરાશ 9 થી 10% ની વચ્ચે રહી શકે છે. નાણાકીય વર્ષ 2026 ના ચોથા ક્વાર્ટરમાં તે 11% થી ઉપર જવાનો અંદાજ છે.

જો ક્રૂડ ઓઈલની કિંમત 100 ડોલર પ્રતિ બેરલ રહે છે, તો મોંઘવારી વધશે અને ઓઈલમાં દર 10 ડોલરના ઉછાળાથી મોંઘવારી 50 બેસિસ પોઈન્ટ વધી જશે.



તેલ 120 ડોલર પ્રતિ બેરલ પહોંચવા પર વાર્ષિક મોંઘવારી 11% સુધી જઈ શકે છે, જેનાથી સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનને વ્યાજ દરો વધારવા માટે મજબૂર થવું પડશે.

મોંઘવારીના કારણે પાકિસ્તાનના GDP વૃદ્ધિના અંદાજમાં પણ ઘટાડો

વધતી મોંઘવારીના કારણે પાકિસ્તાનની આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી થવાની આશંકા છે. રિપોર્ટમાં નાણાકીય વર્ષ 2027 માટે GDP વૃદ્ધિનો અંદાજ 4.0% થી ઘટાડીને 2.5 થી 3.0% કરવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ 2026 માટે વૃદ્ધિ 3.5 થી 4.0% રહેવાની સંભાવના છે. ઔદ્યોગિક ક્ષેત્ર એટલે કે ઈન્ડસ્ટ્રિયલ સેક્ટર પર તેની સૌથી ખરાબ અસર પડી શકે છે, જ્યાં વૃદ્ધિ 4% થી ઘટીને માત્ર 1% પર આવી શકે છે.

નાણાકીય વર્ષ 2027 માં પાકિસ્તાનનું CAD 8 બિલિયન ડોલરને પાર જઈ શકે છે

રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે જો સરકારે આયાત એટલે કે ઈમ્પોર્ટ પર નિયંત્રણ ન રાખ્યું, તો નાણાકીય વર્ષ 2027 માં પાકિસ્તાનનું કરંટ એકાઉન્ટ ડેફિસિટ એટલે કે CAD 8 બિલિયન ડોલર (લગભગ 67,000 કરોડ) ને પાર જઈ શકે છે.

તેનાથી વિદેશી મુદ્રા ભંડાર પર દબાણ વધુ વધશે. જ્યારે નાણાકીય વર્ષ 2026માં રાજકોષીય ખાધ એટલે કે ફિસ્કલ ડેફિસિટ GDPના 4.0 થી 4.5% રહેવાનો અંદાજ છે, જે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા નિર્ધારિત લક્ષ્યો કરતાં ઘણું વધારે છે.

પાકિસ્તાની માર્કેટ દુનિયાનું સૌથી ખરાબ પ્રદર્શન કરનારું બજાર બન્યું

પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ (PSX) દુનિયાના સૌથી ખરાબ પ્રદર્શન કરનારા બજારોમાંનું એક રહ્યું છે. તેનું મુખ્ય કારણ ઊર્જા માટે આયાત પર ભારે નિર્ભરતા છે. પાકિસ્તાન તેની જરૂરિયાતની 85% ઊર્જા આયાત કરે છે.

નાણાકીય વર્ષ 2026માં પેટ્રોલિયમ આયાત 15 બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. આ જ કારણોસર વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં માર્કેટમાં 15%નો ઘટાડો જોવા મળ્યો છે.

નિકાસ અને વિદેશોમાંથી આવતા ફંડ્સમાં પણ ઘટાડાની આશંકા

પાકિસ્તાનના આર્થિક ભવિષ્ય પર રેમિટન્સ (વિદેશોમાંથી આવતા પૈસા)માં 3.5%નો ઘટાડો આવી શકે છે. ખાડી દેશો (GCC)માંથી આવતા પૈસામાં 10%નો ઘટાડો આવી શકે છે.

# ઇન્સ્યોરન્સ સેક્ટરમાં 100% FDIને સરકારની મંજૂરી : ઓટોમેટિક રૂટથી વિદેશી રોકાણનો માર્ગ મોકળો

**મુંબઈ, તા.03**

કેન્દ્ર સરકારે શનિવારે (2 મે) વીમા ક્ષેત્રમાં 100% ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ એટલે કે FDIને મંજૂરી આપી દીધી છે. હવે વિદેશી રોકાણકારો ઓટોમેટિક રૂટ દ્વારા ભારતીય વીમા કંપનીઓમાં સંપૂર્ણ હિસ્સેદારી લઈ શકશે, જોકે LIC માટે રોકાણની મર્યાદા 20% પર જ જાળવી રાખવામાં આવી છે.

વીમા કંપનીઓ માટે શું છે શરતો

સરકારના નોટિફિકેશન મુજબ, વીમા ક્ષેત્રમાં વિદેશી રોકાણ વીમા અધિનિયમ-1938ની જોગવાઈઓને આધીન રહેશે. રોકાણ મેળવતી કંપનીઓ માટે તે ફરજિયાત રહેશે કે તેઓ વીમા અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDAI) પાસેથી જરૂરી લાઈસન્સ અથવા મંજૂરી મેળવે. આ સાથે નિયમોમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે ભારતીય વીમા કંપનીમાં વિદેશી રોકાણ થશે, તેના બોર્ડના ચેરપર્સન, મેનેજિંગ ડિરેક્ટર (MD) અથવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) માંથી ઓછામાં ઓછો એક વ્યક્તિ ભારતીય નાગરિક હોવો જોઈએ.

LIC માટે અલગ નિયમો અને 20%ની મર્યાદા

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC)ના કિસ્સામાં સરકારે અલગ માળખું ગોઠવ્યું છે. LICમાં ઓટોમેટિક રૂટ હેઠળ વિદેશી રોકાણની મહત્તમ મર્યાદા 20% જ રહેશે. LICમાં થનારું આ રોકાણ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એક્ટ 1956 અને વીમા અધિનિયમ 1938ની તે જોગવાઈઓના પાલનને આધીન રહેશે જે LICને લાગુ પડે છે.

ઈન્સ્યોરન્સ ઈન્ટરમીડિયરીઝને પણ મળ્યો ફાયદો

સરકારે ઈન્શ્યોરન્સ ઈન્ટરમીડિયરીઝ માટે પણ ઓટોમેટિક રૂટ હેઠળ 100% વિદેશી રોકાણને મંજૂરી આપી છે. તેમાં ઈન્શ્યોરન્સ બ્રોકર્સ, રી-ઈન્શ્યોરન્સ બ્રોકર્સ, ઈન્શ્યોરન્સ કન્સલ્ટન્ટ્સ, કોર્પોરેટ એજન્ટ્સ અને થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સર્વેયર, લોસ એસેસર, મેનેજિંગ જનરલ એજન્ટ્સ અને ઈન્શ્યોરન્સ રિપોઝિટરી જેવી સંસ્થાઓને પણ તેનો લાભ મળશે.



ડિસેમ્બરમાં બિલ પસાર થયું હતું

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ (DPIIT) એ ફેબ્રુઆરીમાં જ આ સંબંધમાં માહિતી આપી હતી. આ પહેલા ડિસેમ્બર 2025માં સંસદે 'સબકા બીમા સબકી રક્ષા (બીમા કાયદા સુધારા) વિધેયક, 2025' પસાર કર્યું હતું. આ કાયદા દ્વારા વીમા ક્ષેત્ર સાથે સંકળાયેલા ત્રણ મુખ્ય કાયદાઓ–વીમા અધિનિયમ 1938, LIC અધિનિયમ 1956 અને IRDAI અધિનિયમ 1999માં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે.

સરહદી દેશો માટે નિયમોમાં છૂટછાટ

સરકારે માર્ચમાં ભારત સાથે જમીની સરહદ વહેંચતા દેશોમાંથી આવતા FDIના નિયમોને પણ સરળ બનાવ્યા છે. કેબિનેટે 'પ્રેસ નોટ 3' ફ્રેમવર્કમાં સુધારો કર્યો છે. હવે સરહદી દેશોમાંથી 10% સુધીની નોન-કંટ્રોલિંગ હિસ્સેદારી (નિયંત્રણ વિનાની હિસ્સેદારી)ના રોકાણ માટે સરકારની પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં, આ ઓટોમેટિક રૂટ હેઠળ આવશે.

ઓટોમેટિક રૂટ શું છે?

આમાં વિદેશી રોકાણકારોને રોકાણ કરતા પહેલા સરકાર કે RBIની પૂર્વ મંજૂરી લેવાની જરૂર નથી હોતી.

પ્રેસ નોટ 3 શું છે?

આ નિયમ એવા દેશોમાંથી રોકાણને નિયંત્રિત કરે છે જેમની સરહદો ભારત સાથે જોડાયેલી છે (જેમ કે ચીન, પાકિસ્તાન), જેથી રોકાણની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

# બર્કશાયર મીટિંગમાં સ્વેટર પહેરીને પહોંચ્યા 93 વર્ષના બફેટ : એપલ CEO ટિમ કૂકની પ્રશંસા કરી, ગ્રેગ એબેલે પહેલીવાર મીટિંગનું નેતૃત્વ કર્યું

**ઓમાહા, અમેરિકા, તા.03**

બર્કશાયર હેથવેની વાર્ષિક શેરહોલ્ડર્સ મીટિંગ 1 મેના રોજ યોજાઈ હતી. કંપનીના નવા CEO ગ્રેગ એબેલે પહેલીવાર મીટિંગનું નેતૃત્વ કર્યું. 93 વર્ષના વોરેન બફેટ, જે સામાન્ય રીતે સૂટ-બૂટમાં જોવા મળે છે, આ વખતે સ્વેટરમાં પહેલી હરોળમાં બેઠેલા જોવા મળ્યા. નિવૃત્તિના મૂડમાં દેખાતા બફેટે મીટિંગમાં એપલમાં કરેલા પોતાના રોકાણ અને CEO ટિમ કૂકની સફળતાની કહાની સંભળાવી. બફેટે કહ્યું કે ટિમ કૂકે સ્ટીવ જોબ્સ જેવા દિગ્ગજની જગ્યા લીધી અને પોતાને સાબિત કરીને બતાવ્યું. બફેટે જોકે મેનેજમેન્ટથી અંતર બનાવી લીધું છે, પરંતુ એપલ જેવા મોટા રોકાણ પર તેમની વાતોએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો. બર્કશાયરના પોર્ટફોલિયોમાં એપલ આજે પણ સૌથી મોટો હિસ્સો ધરાવે છે.

10 વર્ષ પહેલાં $35 બિલિયનનો જુગાર રમ્યો હતો

બફેટે મીટિંગમાં યાદ અપાવ્યું કે લગભગ એક દાયકા પહેલાં બર્કશાયરે એપલ પર એક મોટો દાવ લગાવ્યો હતો. તે સમયે કંપનીએ તેના કુલ સંસાધનોના લગભગ 10% એટલે કે 35 બિલિયન ડોલર (લગભગ 2.91 લાખ કરોડ રૂપિયા) એપલના શેરોમાં લગાવી દીધા હતા.

બફેટે કહ્યું, 'ત્યારે ટિમ કૂકને સરેરાશ અમેરિકન રોકાણકાર પણ બરાબર ઓળખતો ન હતો. અમે આટલી મોટી રકમ એક એવી વ્યક્તિના હાથમાં સોંપી દીધી હતી, જેણે એક લેજન્ડ (સ્ટીવ જોબ્સ) પછી કમાન સંભાળી હતી.'

1 મેના રોજ ઓમાહા, નેબ્રાસ્કા ખાતે બર્કશાયર હેથવેની વાર્ષિક શેરધારકોની બેઠક પહેલાં, લોકો કન્વેન્શન હોલમાં પ્રવેશતા.

એપલના રોકાણથી બર્કશાયરને 5 ગણાથી વધુ ફાયદો

બફેટે જણાવ્યું કે એપલમાં કરવામાં આવેલું રોકાણ બર્કશાયર માટે જેકપોટ સાબિત થયું છે. 35 બિલિયન ડોલરનું તે શરૂઆતનું રોકાણ આજે વધીને 185 બિલિયન ડોલર (લગભગ 15.42 લાખ કરોડ રૂપિયા) થઈ ગયું છે. આમાં ડિવિડન્ડ અને શેરની વધેલી કિંમત બંને સામેલ છે. પોતાના મજાકિયા અંદાજમાં બફેટ બોલ્યા, 'આટલા પૈસા બનાવવા માટે મારે સહેજ પણ કામ કરવું પડ્યું નથી. અમે બર્કશાયરમાં બીજાઓ પાસેથી કામ કરાવીને પૈસા ભેગા કરવામાં ખૂબ જ હોશિયાર છીએ.'

બફેટ બોલ્યા- ટિમ કૂક ઊભા થાય અને તાળીઓ સ્વીકારે

મીટિંગ દરમિયાન બફેટે દર્શકોની વચ્ચે બેઠેલા ટિમ કૂકને ઊભા થવા કહ્યું. તેમણે શેરહોલ્ડરોને કહ્યું કે તેઓ ટિમ કૂકનો આભાર માને. બફેટે કહ્યું, 'સ્ટીવ જોબ્સના ગયા પછી દરેક જણ સવાલ કરી રહ્યા હતા કે એપલને કોણ સંભાળશે? સ્ટીવના મૃત્યુ પછી ટિમે જવાબદારી લીધી.


# રાજસ્થાનથી ગુજરાતમાં હથિયારો સપ્લાય કરવાનું નેટવર્ક ઝડપાયું : લકઝરી બસમાંથી 29 જીવતા કારતૂસ સાથે બે દબોચાયા, ચિલોડામાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**ગાંધીનગર, તા.03**

ગુજરાતમાં હથિયારો ઘુસાડવાના નેટવર્કનો ગાંધીનગર ચિલોડા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસની ટીમે શનિવારે મોડી રાત્રે નેશનલ હાઈવે 8 ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન ઓપરેશન પાર પાડીને ખાનગી લક્ઝરી બસમાંથી બે શખ્સોને બે પિસ્ટલ, એક તમંચો અને 29 જીવતા કારતુસ મળીને અંદાજિત કુલ રૂ. 90 હજારના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. આ શખ્સો ઘાતક હથિયારો રાજસ્થાનથી લાવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા ચિલોડા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**બે શખ્સના થેલાની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી**

ગાંધીનગર ચિલોડા પોલીસ મથકના પીઆઈ એસ. જે. ચૌહાણની ટીમ ગઈકાલે ચંદ્રાલા ગામની સીમમાં આગમન હોટલ પાસે હિંમતનગર તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ કરી રહી હતી. ત્યારે હિંમતનગર તરફથી આવતી દિલ્હી - અમદાવાદ રૂટની રવીના ટ્રાવેલ્સની બસને રોકવામાં આવી હતી. બાદમાં બસના ડ્રાઈવર કંડકટરને સાથે રાખી એક પછી એક મુસાફરોના સામાનનું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે બસમાં સ્લીપિંગ સીટ નંબર EF પર મુસાફરી કરી રહેલા બે શખ્સો



પોલીસને જોઈને ગભરાઈ ગયા હતા. જેના પગલે તેમની પાસે રહેલા ગ્રે અને કાળા કલરના થેલાની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

**બે પિસ્ટલ, એક દેશી તમંચો અને 29 નંગ જીવતા કારતુસ મળ્યા**

પોલીસને કપડાંની વચ્ચે પ્લાસ્ટિકની થેલીમાં સંતાડેલી બે નંગ હાથબનાવટની પિસ્ટલ, એક દેશી તમંચો અને 29 નંગ જીવતા કારતુસ મળી આવ્યા હતા. આ અંગે પીઆઈ એસ. જે. ચૌહાણે કહ્યું કે, એસપી રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી અત્રેના નાકા પોઈન્ટ પર બાઝ નજર રાખવામાં આવી રહી છે.

**પોલીસે હથિયારોના જથ્થા સાથે બેને દબોચ્યા**

જેના પગલે 28 વર્ષીય રવિન્દ્રસિંગ દેશરાજસિંગ જાટ (હાલ રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, કડોદરા, સુરત; મુળ રહે. ધોલપુર, રાજસ્થાન) અને 19 વર્ષીય યુવરાજસિંગ સોવરનસિંગ જાટ (રહે. ધોલપુર, રાજસ્થાન) હથિયારોના જથ્થા સાથે ઝડપાઈ ગયો છે. જેમની પાસેથી પિસ્ટલ, તમંચો, મેગેઝીન, કારતુસ, 3 મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ 89,700 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**મોટા માથાઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ**

આ હથિયારો ગુજરાતમાં કયા હેતુ માટે લાવવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ ક્યાં થવાનો હતો તે અંગે આરોપીઓ ગોળ ગોળ જવાબ આપી રહ્યા છે.

આ મામલે આર્મ્સ એક્ટની ગુનો નોંધી આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ રેકેટમાં અન્ય કોઈ મોટા માથાઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકામાં 'સાગર કવચ' એલર્ટ : 5-6 મેના અભિયાનમાં દરિયાઈ સીમા પર કડક ચેકિંગ, માછીમારો માટે 18 નિયમ ફરજિયાત

**ગાંધીનગર, તા.03**

દરિયાઈ સીમાની સુરક્ષા મજબૂત બનાવવા માટે ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા 'સાગર કવચ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. 5 અને 6 મેના રોજ યોજાનાર આ બે દિવસીય વિશેષ અભિયાન દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દરિયાઈ વિસ્તારમાં સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ કરવામાં આવશે. આ અભિયાનને ધ્યાનમાં રાખીને મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારો માટે કડક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

**માછીમારો માટે ઓનલાઈન ટોકન લેવું ફરજિયાત રહેશે**

આ અભિયાન દરમિયાન દરિયામાં આવતી-જતી તમામ બોટની કડક તપાસ હાથ ધરાશે. કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અટકાવવા માટે દરેક બોટનું રજિસ્ટ્રેશન, દસ્તાવેજો અને ઓળખની પુષ્ટિ કરવામાં આવશે. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, માછીમારો માટે ઓનલાઈન ટોકન લેવું ફરજિયાત રહેશે, જેથી દરિયામાં જવાના અને પાછા ફરવાના સમયનું યોગ્ય રેકોર્ડ રાખી શકાય. ખલાસીઓ માટે અસલ આધાર કાર્ડ રાખવું અનિવાર્ય



બનાવવામાં આવ્યું છે. ઉપરાંત, દરેક બોટ પર સ્પષ્ટ કલર કોડ અને બોટનું નામ લખેલું હોવું ફરજિયાત રહેશે, જેથી ઓળખ સરળ બને. નિયમોના પાલનમાં ખામી જોવા મળશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

**માછીમારોને આ અભિયાન દરમિયાન સંપૂર્ણ સહકાર આપવા અપીલ કરી**

મત્સ્યોદ્યોગ વિભાગે કુલ 18 નિયમો જાહેર કર્યા છે, જેમાં સુરક્ષા, ઓળખ અને ગતિશીલતા સંબંધિત મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ સીમા પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવો અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બનાવવાનો છે. સ્થાનિક તંત્રએ માછીમારોને આ અભિયાન દરમિયાન સંપૂર્ણ સહકાર આપવા અપીલ કરી છે, જેથી સુરક્ષા વ્યવસ્થા વધુ અસરકારક બની શકે.

# સુરેન્દ્રનગર કેમિસ્ટ એસોસિએશન દ્વારા અબોલ જીવો માટે પહેલ



**સુરેન્દ્રનગર, તા.03**

સુરેન્દ્રનગર જિલ્લામાં કાળઝાળ ગરમી વચ્ચે અબોલ જીવો માટે સુરેન્દ્રનગર કેમિસ્ટ એસોસિએશન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી. અલંકાર ટોકીઝ રોડ પાસે સવારે 9:30 કલાકે પાણીના કુંડા, પક્ષીઘર અને કીડિયારુંના નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત 100 થી વધુ પાણીના કુંડા, 50 થી વધુ કીડિયારુંની બોટલ અને 50 થી વધુ પક્ષીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ હાર્દિકભાઈ ટમાલિયાના હસ્તે આ વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરેન્દ્રનગર કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ કેયુરભાઈ કોઠારી, મંત્રી રાજુભાઈ પરીખ, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ અને તેમની સમગ્ર કારોબારી ટીમે જહેમત ઉઠાવી હતી.

# 5થી 7 મે અડાલજ ત્રિમંદિરમાં 'ચિંતન શિબિર-2026'નું આયોજન : લેન્ડ ગવર્નન્સમાં મોટા સુધારાની દિશામાં ગુજરાતનો માસ્ટર પ્લાન, ભાવિ વ્યૂહરચના નક્કી થશે

**ગાંધીનગર, તા.03**

ગુજરાતમાં જમીન વહીવટને વધુ પારદર્શક, ઝડપી અને ટેકનોલોજી આધારિત બનાવવા રાજ્ય સરકાર મોટા પગલાં લઈ રહી છે. આગામી 5થી 7મે દરમિયાન અડાલજ ત્રિમંદિરમાં મહેસૂલ વિભાગ દ્વારા ત્રિ-દિવસીય 'ચિંતન શિબિર-2026'નું આયોજન કરવામાં આવ્યું છે. "વિઝન 2030: ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સનું ભવિષ્ય" થીમ પર યોજાનારી આ શિબિરમાં રાજ્યના વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવા માટે મનોમંથન કરવામાં આવશે.

આ શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા સહિત વરિષ્ઠ સચિવો, અધિકારીઓ અને વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @ 2047'ના વિઝનને સાકાર કરવા ગુજરાત અગ્રીમ ભૂમિકા ભજવશે અને તે માટે 'વિકસિત ગુજરાત'નું લક્ષ્ય હાંસલ કરવું આવશ્યક છે.

**શિબિરમાં વહીવટી પ્રક્રિયાઓમાં સુધારા લાવવા પર ખાસ ફોકસ રહેશે**

શિબિર દરમિયાન જમીન વહીવટમાં ડિજિટલ ગવર્નન્સ, પેપરલેસ પ્રોપર્ટી રજીસ્ટ્રેશન, ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ, આવક રેકોર્ડના ડિજિટાઈઝેશન અને અપડેશન જેવા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થશે. નાગરિકોને વધુ પારદર્શક અને ઝડપી સેવાઓ આપવા માટે વહીવટી પ્રક્રિયાઓમાં સુધારા લાવવાનો ખાસ ફોકસ રહેશે.

**નિષ્ણાતો પણ ભાગ લઈને પોતાના અનુભવ શેર કરશે**

તે ઉપરાંત સર્વે-રીસર્વે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને નવી ટેકનોલોજીના ઉપયોગથી જમીન સંબંધિત સેવાઓ વધુ કાર્યક્ષમ બનાવવા વ્યૂહરચનાઓ ઘડાશે. ISRO, BISAG-N, IIT, IIM, IGNOU અને Survey of India જેવી અગ્રણી સંસ્થાઓના નિષ્ણાતો પણ ભાગ લઈને પોતાના અનુભવ શેર કરશે.

ચિંતન શિબિરના અંતે મહેસૂલ વિભાગ માટે સ્પષ્ટ, વ્યવહારુ અને અમલી બની શકે તેવો રોડમેપ તૈયાર કરવામાં આવશે. આ પહેલથી રાજ્યમાં લેન્ડ ગવર્નન્સમાં મોટા ફેરફારો થવાની સાથે નાગરિક કેન્દ્રિત વહીવટ વધુ મજબૂત બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ગાંધીનગરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ : મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 4 દિવસનું યેલો એલર્ટ જાહેર

**ગાંધીનગર, તા.03**

ગાંધીનગરમાં ઉનાળાનો મિજાજ આકરો બની રહ્યો છે. હવામાં વધતી જતી ગરમીને ધ્યાનમાં રાખીને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા હીટ એક્શન પ્લાન-2026 અમલમાં મૂકવામાં આવ્યો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી ચાર દિવસ સુધી શહેરના તાપમાનમાં વધારો થવાની શક્યતાને પગલે તંત્ર દ્વારા સત્તાવાર રીતે યેલો એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.

**આગામી 4 દિવસ ગાંધીનગરવાસીઓએ સાચવવું પડશે**

ગાંધીનગર મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ 3 મેથી 6 મે દરમિયાન ગાંધીનગર શહેરના તાપમાનનો પારો 41થી 42 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. ખાસ કરીને 6 મેના રોજ તાપમાન 42 ડિગ્રી સુધી પહોંચી શકે છે. આજે બપોરે પણ તાપમાનનો પારો 41 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે કાલે 4 મે અને 5 મેના રોજ પણ પારો 41 ડિગ્રી રહેવાનું અનુમાન છે. આ દિવસો માટે તંત્રએ નાગરિકોને સાવચેત રહેવા માટે સૂચના આપી છે.

**હીટ સ્ટ્રોક અને લૂ લાગવાની સંભાવનાઓ વધશે**

અતિશય ગરમીને કારણે હીટ સ્ટ્રોક કે લૂ લાગવાની શક્યતાઓ વધી જાય છે. જેના પગલે આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે, જો કોઈ વ્યક્તિને માથું દુખવું, પગની પિંડીમાં કળતર થવું, શરીરનું તાપમાન વધી જવું કે ખૂબ તરસ લાગવી જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક તબીબી સારવાર લેવી જોઈએ. આ ઉપરાંત પેશાબ ઓછો થવો, ચામડી લાલ અને સૂકી થઈ જવી, ઉલટી-ઝાડા, ચક્કર આવવા, આંખે અંધારા આવવા કે મૂંઝવણ થવી જેવા ગંભીર લક્ષણો જણાય તો તાત્કાલિક 108 ઈમરજન્સી સેવા અથવા નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવા તાકીદ કરવામાં આવી છે.

# વિદેશી દારૂની હાટડી ચલાવતો ફોલ્ડર ઝડપાયો : ગાંધીનગરના રીઢા લિસ્ટેડ બુટલેગરના પુત્રએ પણ પરંપરાગત ધંધામાં ઝંપલાવ્યું, પિતા, પુત્ર -માતા વિરુદ્ધ પણ ગુનો નોંધાયો

**ગાંધીનગર, તા.03**

ગાંધીનગરના ધોળાકુવાના રીઢા લિસ્ટેડ બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોરના પુત્રએ પણ પરંપરાગત ધંધામાં સક્રિય થયો હોવાનું ઈન્ફોસિટી પોલીસના દરોડામાં પર્દાફાશ થયો છે. પોલીસે ગઈકાલે રાતે ધોળાકુવા ગામની પાણીની ટાંકી પાસેથી એક્ટિવામાં વિદેશી દારૂની હાટડી ચલાવતા ફોલ્ડરને 36 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. જેની પૂછતાછમાં દારૂના વેચાણનું નેટવર્ક વોન્ટેડ રીઢા બુટલેગર સહિત તેની પત્ની પુત્રની ત્રિપુટી ચલાવતા હોવાનો ઘટસ્ફોટ થતા પોલીસે તમામ વિરુધ ગુનો દાખલ કર્યો છે.

**રીઢા લિસ્ટેડ બુટલેગરનો પુત્ર દારૂ સાથે ઝડપાયો**

એક કહેવત છે ...વડ એવા ટેટા અને બાપ એવા બેટા .. બસ આજ કહેવત મુજબ ગાંધીનગર પોલીસ માટે માથાનો દુખાવા રૂપ ધોળકુવાના રીઢા લિસ્ટેડ બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોરના યુવાન પુત્રએ પણ



પરંપરાગત ધંધામાં ઝંપલાવી વિદેશી દારૂના વેચાણ માટે દૈનિક 500 રૂપિયાના ભાડા પર ફોલ્ડરોને એક્ટિવ કર્યા હોવાના ઈન્ફોસિટી પોલીસના દરોડામાં પર્દાફાશ થયો છે.

**એક્ટિવાની ડેકીમાં વિદેશી દારૂ રાખીને વેચાણ કરતો હતો**

ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીઆઈ વિશાલ શાહની ટીમને પેટ્રોલિંગ દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે ધોળાકુવા ગામમાં બાપા સિતારામ પાણીની ટાંકી પાછળ બાવળની ઝાડીઓમાં પાર્થ ઠાકોર નામનો ઈસમ એક્ટિવાની ડેકીમાં વિદેશી દારૂ રાખીને વેચાણ કરી રહ્યો છે. આ હકીકતને આધારે પોલીસે રાત્રિના સમયે રેઈડ કરી હતી.

**મુખ્ય સૂત્રધાર નાસી છૂટ્યો**

ત્યારે પોલીસને જોઈને દારૂના લેવા આવેલા શખ્સોમાં નાસભાગ મચી ગઈ હતી.જોકે એક્ટિવા પર બેસી દારૂની હેરાફેરી કરતો વિપુલ મહોબતજી સોલંકી (ઠાકોર) ઝડપાઈ ગયો હતો, જ્યારે મુખ્ય સૂત્રધાર પાર્થ મુકેશજી ઠાકોર અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. બાદમાં પોલીસે એક્ટીવા (GJ-18-FA-9280) તપાસતા તેની ડેકી અને પ્લાસ્ટિકના થેલામાંથી રાજસ્થાનનો વિદેશી દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

**તેને દરરોજના રૂ.500ના ભાડા પર દારૂ વેચાણ માટે રાખ્યો હતો**

જેના પગલે પોલીસે વિપુલ સોલંકીની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આ દારૂનો ધંધો મુકેશજી ગણેશજી ઠાકોર, તેનો પુત્ર પાર્થ અને પત્ની આશાબેન ત્રણેય મળીને ચલાવે છે અને તેને દરરોજના 500 રૂપિયાના ભાડા પર દારૂ વેચાણ માટે રાખ્યો હતો.

# ઈન્ફોસિટી પોલીસે તેરા તુઝકો અર્પણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 83.43 લાખની કિંમતના 377 મોબાઈલ પરત અપાવ્યા

**ગાંધીનગર, તા.03**

ટેક્નોલોજી અને આઈટી હબ ગણાતા ઈન્ફોસિટી વિસ્તારમાં મોબાઈલ ગુમ થવાની ઘટનાઓ પર પોલીસ દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ઈન્ફોસિટી પોલીસે સરાહનીય કામગીરી કરી અત્યાર સુધી 83.43 લાખની કિંમતના 377 મોબાઈલ શોધી માલિકોના ચહેરા પર સ્મિત રેલાવ્યું છે. જેમાં એપ્રિલ માસ દરમિયાન જ રૂ .3.51 લાખની કિંમતના 20



જેટલા ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી તેના મૂળ માલિકોને પરત કર્યા છે.

**3,51,874 ની કિંમતના 20 મોબાઈલ ફોન પરત મેળવ્યા**

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલા મોબાઈલ શોધવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. શાહના નેતૃત્વમાં પોલીસ સ્ટાફે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી CEIR પોર્ટલની મદદથી આ સફળતા હાંસલ કરી છે. પોલીસ કર્મચારી ભરતભાઈ જયરામભાઈએ ટેકનિકલ ટ્રેસિંગ દ્વારા એપ્રિલ મહિનામાં જ 3,51,874 ની કિંમતના 20 મોબાઈલ ફોન પરત મેળવી પ્રશંસનીય કામગીરી કરી છે.

ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી CEIR પોર્ટલના માધ્યમથી કરવામાં આવેલી કામગીરીના આંકડા પણ પણ નોંધનીય છે. વર્ષ 2024માં પોલીસ દ્વારા 104 મોબાઈલ ફોન પરત મેળવાયા હતા, જેની કિંમત 22.14 લાખ રૂપિયાથી વધુ હતી. વર્ષ 2025માં આ કામગીરીમાં વધારો થયો અને 45.77 લાખની કિંમતના 209 મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા.

# વલસાડમાં NEET પરીક્ષા શરૂ: 3252 વિદ્યાર્થીઓ : 10 કેન્દ્રો પર સઘન ચેકિંગ બાદ પ્રવેશ અપાયો

**વલસાડ તા.03**

વલસાડમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આયોજિત NEET-UG મેડિકલ પ્રવેશ પરીક્ષાનો પ્રારંભ થયો છે. જિલ્લાના 10 કેન્દ્રો પર કુલ 3252 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. સવારથી જ પરીક્ષા કેન્દ્રો પર ગંભીરતાનો માહોલ જોવા મળ્યો હતો. પરીક્ષા કેન્દ્રો પર NTAની માર્ગદર્શિકા મુજબ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને મેટલ ડિટેક્ટર દ્વારા સઘન ચેકિંગ બાદ જ પ્રવેશ અપાયો હતો. નિયમ અનુસાર, શૂઝ પહેરીને પ્રવેશની મંજૂરી ન હતી, જ્યારે સ્લીપર કે સેન્ડલ પહેરીને પ્રવેશ આપી શકાયો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના હાથમાં પહેરેલી વીંટી, કડા કે અન્ય મેટાલિક વસ્તુઓ પણ કેન્દ્રની બહાર ઉતરાવી દેવામાં આવી હતી. આ કડક નિયમોનો અમલ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) ડો. રાજેશ્રીબેન ટંડેલે જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તમામ 10 કેન્દ્રો પર સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને દરેક પરીક્ષા ખંડમાં પીવાના પાણીની બોટલો અને લીંબુ પાણીની પણ વ્યવસ્થા કરાઈ હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

